કુમાર

ઊગતી પ્રજાનું માસિક

સળંગ અંક ૧૬૭

કારતક · તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઇ રાવત · સં. ૧૯૯૪



ઇલોરાની ગુફાઓમાં ઈન્દ્રની મૂર્તિ • • • • • ફોટો • યોગિન્ ત્રિવેદી

કુમાર
કારતક ૧૯૯૪
અંક ૧૬૭

પરાગ

સભ્ય સંસ્કૃતિના એક અંગ સાથે હજુ સુધી એકરૂપતા ન સાધનાર હિંદના આદિમ-નિવાસીઓમાંની એક જાતિ તે સંથાલ. જો એની પાસે વાચા હોત તો એ શું શું ન કહેત? જીવનમાં જીવન સમા એના પુરાણા દિવસોની આજ તો માત્ર મોરલી જ જીભ બની રહી છે અને કાકાસાહેબ આ અંકમાં 'સંથાલી મોરલી'માં કલમ દ્વારા એ જીભને વાચા આપે છે. તેમના કહેવા મુજબ, 'ભૂત અને ભવિષ્યને એક કરીને વર્તમાનને પરાસ્ત કરાશે ત્યાં સુધી સંથાલોની આ સનાતન મોરલી બજતી જ રહેશે.' ૧૯૧૯ની અમદાવાદની યાદગાર સાલમાં એક દઢતા-ભરી, સ્વમાનપ્રિય અને એકનિષ્ઠ જિંદગી દેશને ચરણે ધરાઈ. હિંદના રાજકીય જીવનની ચણાતી જતી ઇમારતના મૂળમાં દ્રવ્યસિંચનનું કામ એણે આજીવન કર્યે રાખી ગાંધીજી પાસેથી 'ભિક્ષુકરાજ'નું બિરુદ મેળવ્યું. એ કુરબાની પાછળ એણે ન જોયું જાતસુખ કે ન જોયું કુટુંબસુખ. માતૃભૂમિએ ગુમાવેલા એવા એક સન્નિષ્ઠ, સેવાભાવી ને કાર્યપ્રાણ પુરુષ શ્રી મણિલાલ કોઠારીની જીવનીને શ્રી વેણીલાલ બૂચની કલમ અંકિત કરે છે. બાહુબળ કે મગજશક્તિની સિદ્ધિ જિંદગીની કોઈ વયની અનુયંગી નથી; પ્રતિભા અને પુરુષાર્થે જીવનમાં ગમે તે વયે સિદ્ધિ મેળવી શકે છે એની નક્કર સાબિતી તમને 'વય અને સિદ્ધિ'વાળો લેખ આપશે. કાચની શોધ તો ઇસુની યે સદીઓ પહેલાં મિસરમાં થએલી, પણ ઇસુની સોળમી સદી પછીથી એની બનાવટે એટલું તો વૈવિધ્ય અને મહત્ત્વ અપનાવ્યું છે કે આજના જગતની ·-રકારિતાનું એ એક ઉપાંગ બની ગઈ છે. 'કાચની કથા' એ બધું તમને કહેશે. ઘણે લાંબે ગાળે રજૂ થતી વિમાનકથા 'કસોટી' અને શ્રીરામ શર્માની શિકારકથા 'સ્મશાનનાં શીંગડાં'—જેને માટે હવે વધુ કંઇ કહેવાનું હોય જ નહિ—એ બે વાર્તાઓ ઉપરાંત 'હજાર વરસ પછી'નો વિચાર-પ્રેરક લેખ, પૂલના થાંભલાઓને પણ વીર-કરુણ વ્યક્તિત્વ આપતું 'સુન્દરમ્'નું કાવ્ય, સરજનહારની સૃષ્ટિ અને...... પણ તમારી રસવૃત્તિ એમાંથી કશાને કયાં તમારી નજરમાંથી છટકવા દે એમ છે?

મુદ્રક · ખચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; ૭ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, લહેર ખબરના સોલએજન્ટ રાવળબ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ





ઉપર : 'કામમાં મશગૂલ'-ભાઇ ચંદુલાલ જે. શાહ (અમદાવાદ), પહેલું ઇનામ; વચ્ચે : 'ગ્રામ્ય ગોરી'-ભાઇ ચંદુલાલ જે. શાહ (અમદાવાદ), પ્રશંસાપાત્ર; નીચે:'માજી'-જશવંત ઠાકર (ભાવનગર), બીજું ઇનામ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ







સરખેજની શેરી
ચિત્રકાર • રસિકલાલ પરીખ

સંકલ્પ

· મિશ્રજાતિ ·

હું આજ અંધારકણી સમો ભલે,
પડ્યો અટૂલો અહીં એકલો ખૂણે,
તો યે પૂરી પૌરુષ પ્રાણદીવડે,
બનીશ તેજોમય સૂર્યથી વડો.

ટૂંકા બનાવ્યા પગહાથ આ ભલે,
તથાપિ ના રહેશ કદાપિ વામણો.
વિજ્ઞાનની આખડીએ ચઢીને,
ઘૂમી વળી દિગ્-ફલકે પ્રવાત શો
ઝંઝા તણા; થૈશ વિરાટથી વડો.

છો વિશ્વ આખું પર દૃષ્ટિથી રહે,
છો તારલા ને ગ્રહ નાસતા ફરે,
હું આત્મઓપ્યો બની પ્રજ્ઞ-માનવી
શ્રદ્ધા–શ્રમે સંઘરી દિવ્ય દૃષ્ટિ,
સમાવીને સાન્ત–અનન્ત નેનમાં,
બનીશ સર્વેશ, સમસ્ત વિસ્તર્યો.

'અજ્ઞાત'



જ્યારે જંગલના વાયુમાં જ માદકતા હતી ને ઝરણાંના અમૃતજળમાં જ નશો આદિમનિવાસીઓના જીવનાનન્દ, સ્વચ્છંદ વિહરણ, કૃતાર્થતા અને સમાધાનને

આમારે સંથાલ લોકોની સ્થિતિ જોવી હતી તે કારણે વૈદનાથ ધામ (દેવઘર) થઈને અમે આસપાસના પ્રદેશમાં ઘૂમવા નીકળ્યા. પ્રદેશ સુંદર છે. જ્યાં જુઓ ત્યાં ઊંચા ઊંચા પહાડો ડરાવે છે,—અને આમંત્રણ પણ આપે છે. અહીંના આ નાનામોટા પહાડો, લાલ માટી અને ઊંચાનીચા જમીન જોઈને મને મ્હૈસૂર રાજ્યનું સ્મરણ થઈ આવ્યું. મ્હૈસૂરમાં આવી જ લાલ માટી છે. કદાચ ત્યાંની માટીમાં ચિકાશ વધારે હશે. પણ લોકોનું જીવન જોઈને તો આસ્માનજમીનનું અંતર માલૂમ પડે છે. સુંદરસુંદર ગામોમાં વસેલા મ્હૈસૂરના ખેડૂતો શરીરે હૃષ્ટપુષ્ટ અને મોં પરથી પ્રસન્ન અને સ્વાભિમાની દેખાય છે.

અહીંના સંથાલો એક વખત જરૂર હૃષ્ટપુષ્ટ હશે એવું એમનાં શરીર પરથી માલૂમ પડે છે. બે દિવસની મુસાફરીમાં બે જ સંથાલ યુવક એવા દેખવામાં આવ્યા જેમની છાતી ભરાવદાર હતી. એમ તો સંથાલો શરીરે સરસ હોય છે. હમેશાં ઉઘાડા શરીરે રહેવાને કારણે એમની ચામડી એટલી સાફ અને સુંદર રહે છે કે યુરોપ-અમેરિકાના ગોરાઓ જરૂર તેમની અદેખાઈ કરે. સંથાલ સ્ત્રીઓમાં બુદ્ધિમત્તા હોય છે, તેજ હોય છે, જે ઉપરથી અનુમાન કાઢી શકાય છે કે કોઈ એક સમયે આ પ્રદેશમાં તેમનું રાજ્ય ચાલતું હશે અને તેઓ પોતાની સંસ્કૃતિનું અભિમાન રાખતા હશે. પણ બધા જ સંથાલો પોતાનું મોં ખુલ્લું રાખીને ચાલે છે તેથી સ્પષ્ટ થાય છે કે જીવનયાત્રામાં તેમને વારંવાર અસફળતા મળી હશે અને જીવનસંગ્રામ અર્થે તેમનાં બુદ્ધિ અને અનુરાગ અધૂરાં રહ્યાં હશે. આનું એક પરિણામ તો હું સ્પષ્ટ જોઈ શક્યો કે કોઈપણ સંથાલની છાતી પેટ કરતાં આગળ આવેલી જડતી ન હતી. નાક વડે શ્વાસ લે ત્યારે જ છાતી ભરાવદાર થાય છે. મોઢામાંથી શ્વાસ લે તે છાતીમાં ન જતાં પેટમાં જ જાય છે. અમે જેટલા સંથાલ જોયા તે બધાંનું નાક એક જ ઘાટનું. બોલીમાં પણ કાંઈ ફરક નહિ. પગના અંગૂઠા પણ એક જ જાતના. એટલે જો આ સંથાલોમાં સૂક્ષ્મ હાસ્ય અને વિનોદ મને ન દેખાયાં હોત તો તેમને હું દબાએલી જાતિ તરીકે જ ગણત. આ લોકોને કોઈ ખાસ લક્ષણે બચાવ્યા હોય તો તે તેમનાં સંગીત અને નૃત્યમાં પ્રકટ થતા જીવનાનંદે. જાપાની લોકો વિષે કહેવામાં આવે છે કે ગમે તેટલું સંકટ આવી પડે તોપણ જાપાની હસતો જ રહેશે. આ એમાં કોઈ કૃત્રિમ શિષ્ટાચાર નથી. પરિસ્થિતિ ગમે તેટલી વિકટ હોય તો પણ જાપાની પોતાનો આત્મવિશ્વાસ નથી જ ગુમાવતો. એને ખબર છે કે પોતાનું વ્યક્તિત્વ પરિસ્થિતિઓમાં જ વધ્યુંઘટ્યું છે, અને વખત આવ્યે પોતાનામાં પરિસ્થિતિને પરાસ્ત કરવાની શક્તિ છે. આ સંથાલો પણ એવા જ આત્મવિશ્વાસી માલૂમ પડે છે. સંભવ છે કે આ આત્મવિશ્વાસ પણ ન હોય, અને પરિસ્થિતિનું બાલોચિત અજ્ઞાન હોય. ઈશ્વર જેમને મહત્ત્વ આપવા ઇચ્છતો હોય છે, મોટા બનાવવા ઇચ્છતો હોય છે તેમને પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિનું પૂરૂં જ્ઞાન થવા દેતો નથી. આ સંરક્ષક અજ્ઞાન (protective ignorance) જો ન હોત તો અસહાય અને અનાથ બચ્ચાં કોઈ પણ દિવસ મોટાં ન થાત અને અનંત આકાશનો વિસ્તાર જોઈ આ આદિમ નિવાસીઓ કલ્પનાના ભારથી જ દબાઈ જાત.

શું સંથાલો સાચેસાચ આ દેશના આદિમ નિવાસી (aborigines) છે? અથવા તો તે કોઈ આર્યવંશી ક્ષત્રિય છે, જેઓ યુદ્ધમાં હારીને પોતાના સ્વાતંત્ર્યની રક્ષા કરવા માટે દુનિયાની સભ્યતા સાથે અસહકાર કરીને હમેશને માટે વનેચર બની ગયા છે? અસહકારનું શસ્ત્ર ખૂબ જોખમકારક છે. પ્રતિકૂળ પરિસ્થિતિ ઉપર વિજય મેળવવા માટે નિશ્ચયપૂર્વક તે વાપરવામાં આવે અને જ્યાં સુધી અસહકાર ચાલુ હોય ત્યાં સુધી પ્રતિકારનો કાર્યક્રમ જોરથી ચાલુ રાખવામાં આવે, તો ઠીક છે: નહિ તો અકર્મણ્ય (inactive) અસહકાર આત્મઘાતી જ નીવડે છે. સંભવ છે કે આ લોકોએ શહેરો અને ગામડાંની સંસ્કૃતિ સાથે અસહકાર કરીને અરણ્યવાસ પસંદ કર્યો હોય, અને આસ્તે આસ્તે પોતાનો અસલી

હતો એ પુરાણા દિવસોના આર્યાવર્તના વાચા આપતી

સંથાલી મોરલી

વૈભવ અને પોતાનો પરાજય બંને ભૂલી ગયા હોય.

અથવા તો આ લોકો ખરેખર આ દેશનાં આદિમ નિવાસીઓ હોય અને પોતાની અરણ્યસંસ્કૃતિ સાચવીને નાગરિક તથા ગ્રામ્ય સંસ્કૃતિ સાથે અસમાન યુદ્ધ ચલાવતા રહ્યા હોય.

એમની જીવનકળા ગમે તેટલી અણઘડ હોય, પરંતુ તેમાં એક પ્રકારની સંસ્કારિતા અવશ્ય છે. તેના પ્રત્યેક અંગમાં એકરાગ છે. કપડાં, બજાર, સિક્કાસંગ્રહ, શરાફી લેખનકળા, સ્થાપત્ય અને વાસ્તુનિર્માણ, નગરરચના અને સમાજવ્યવસ્થા વગેરે સભ્ય સંસ્કૃતિના કોઇ પણ અંગ સાથે એની એકરૂપતા હજી સુધી થઈ નથી. કળિકાળની અસર એના ઉપર થઈ રહી છે. જ્યારે હિંદુ રાજ્ય હતું ત્યારે હિંદુઓના સંસ્કારોથી રંગાયા. અત્યારે હવે આધુનિક સભ્યતાનું વાયુમંડળ જર્મન ગૅસની જેમ બધાંને ગૂંગળાવી રહ્યું છે ત્યારે એનાથી પણ હવે આ લોકો બચી નહિ શકે. તેઓ પોતે જ આ વાત ધીમે-ધીમે અંગીકાર કરતા થયા છે અને આપણે લોકો પણ જો જીવવાની ઇચ્છા રાખતા હોઇએ તો તેમને આપણા જેવા બનાવી લીધા સિવાય ચાલવાનું નથી.

આજે સવારે ઊઠીને અમે ચાલવા માંડ્યું અને પહેલી મજલ પરિધાડીહ (પરિધાના ટેકરા)ની થઇ. 'પરિધા' એ સંથાલોની એક જાતિ છે. એ ઉપરથી જ આ ગામનું નામ પડ્યું છે. 'ડીહ' એટલે ઊંચી જગ્યા. જેમકે 'ગિરિડીહ','મંગલડીહ', 'હિંદુડીહ' વગેરે. સિંધમાં આવી જગ્યાને 'દડો' કહે છે. 'મોહન-જો-દડો' તો હવે વિશ્વવિખ્યાત થઇ ચૂક્યો છે. જંગલ-નિવાસીઓ પોતાના નિવાસ માટે હમેશાં ઊંચી જગ્યા પસંદ કરે છે, અને સુધરેલા લોકો ચારે બાજુ ઊંચા ઊંચા પહાડ જોઇને વચ્ચેની નીચી જમીન પસંદ કરે છે. આ જ બિહાર પ્રાંતમાં જરાસંધના પહેલાં જે ગોપ લોક રહેતા હતા તેમણે પહાડની કેડે ગિરિવ્રજ વસાવ્યું હતું; પણ જરાસંઘે ચારે બાજુ ઊંચા નગેરક્ષિત નગર સ્થાપિત કરીને એનું નામ 'રાજગૃહ' રાખી



સંથાલ યુગલ · ચિત્રકાર સુરેન્દ્રનાથ કાર

દીધું. સંથાલ લોકો પોતાના સ્વભાવાનુસાર ઊંચી જગ્યા જ પસંદ કરે છે.

પરિધાડીહમાં સંથાલ બાળકો માટે એક પાઠશાળા ચાલે છે. અમે તે જોવા ગયા. ત્યાંનો શિક્ષક પણ એક સંથાલ હતો, હિંદી શીખીને તે પોતાના જાતિભાઇઓને હિંદી શીખવી રહ્યો હતો. એને ખબર ન હતી કે પોતે હિંદુ સંસ્કૃતિના એક મિશનરીનું કામ કરી રહ્યો છે. બિચારાં બાળકો દેવનાગરી અક્ષર અને હિંદી ભાષા લખી રહ્યાં હતાં. ગણિતે પણ તેમનો પીછો લીધો હતો. અદમ્ય જિજીવિષા (જીવવાની ઇચ્છા) તેમને આ બધું શીખવી રહી હતી. આ બધાં બાળકો નાની પાઠશાળામાં દીવાલને અઢેલીને એકબીજાને અડીને ખીચોખીચ બેઠાં હતાં, જાણે શહેરી સંસ્કૃતિની દીક્ષા લઇ રહ્યાં હતાં. અને બહારની બાજુ એક સંથાલ છોકરો પોતાના હાથમાં વાંસનાં ધનુષબાણ લઇને ઊભો હતો. આ સ્વચ્છંદવિહારી યુવકોને જોઇને મને કુદરતનાં આ

બાળકોના ભૂતકાળનો ખયાલ આવ્યો અને એમના પ્રાકૃતિક જીવનનું ચિત્ર મનમાં ને મનમાં આલેખવા લાગ્યો. હિમાલયથી શરૂ કરીને લંકાની દક્ષિણ સુધી જે અનેક પહાડી જાતિઓ મેં જોઇ છે એ બધીનું મને સ્મરણ થયું. જેમને શહેરમાં આવવાની રજા નથી, જે લોકોને સુધરેલા લોકોની સમક્ષ પોતાનું મોં છુપાવવાની સજા આપણા પૂર્વજોએ કરી હતી અને આજે પણ તેઓ એ સજા ભોગવી રહ્યા છે એવા 'નાયાડી' લોકો પાલઘાટમાં જોયા હતા. એમનું સ્મરણ સહુથી પ્રથમ થયું. મહારાષ્ટ્રના 'કાતોડી' અને 'રામોશી', ગુજરાતના 'કોપચા' અને 'ભીલ', કર્ણાટકના 'બહૂર' (ઓડિયર), કાઠિયાવાડના 'ઓડ' લોકો, કાશ્મીરના 'ગુજર', પંજાબના 'ડોમ' વગેરે બધા જ નજર સમક્ષ ખડા થયા. સિલોનના 'વેદ્દા' લોકો પણ કલ્પનામાં રજૂ થયા અને કાળના પ્રવાહમાં કેટલી વિશાળ સંસ્કૃતિ વહી ગઇ અથવા દબાઇ ગઇ એની મૂક સાક્ષી દેવા લાગ્યા.

ચિત્ત અસ્વસ્થ બન્યું. જો આ લોકો પાસે વાચા હોત તો આ લોકો શું શું ન કહેત? અને આપણા લોકોની વિરુદ્ધ કઇ કઇ ફરિયાદો ન કરત? આ બધાંનું તહોમતનામું કદાચ મહાભારત કરતાં પણ મોટું બની જાત.

હૃદયની વેદના અથવા અસ્વસ્થતા જ્યારે વાણીમાં વ્યક્ત થાય છે ત્યારે દુઃખનો આવેગ કંઇક ઓછો થાય છે, સહ્ય બને છે. એ માટે મનુષ્ય શબ્દ ખોળતો રહે છે, વાણીની ઉપાસના કરે છે. હું પણ શબ્દ શોધવા લાગ્યો.

એટલામાં યાદ આવ્યું કે આ લોકોની પ્રાચીન સ્મૃતિ તેમનાં ગીતોમાં જરૂર સચવાઇ હશે. એમને પોતાની ભાષાનું ગીત ગાવાનું કેમ ન કહેવું? દુભાષિયા દ્વારા આ વાત રજૂ કરી. 'સિરીન' (ગીત) શબ્દ સાંભળતાં જ બધા યુવકોની આંખો ચમકી ઊઠી. એમને પોતાનું વાતાવરણ મળી ગયું. પણ અમારા જેવા 'દિકકુ' સંથાલેતરની સમક્ષ શા માટે ગાય? એમનામાં અને અમારામાં હૃદયનું કયું ઐક્ય છે કે અમારે માટે અને અમારી સામે તે ગાય? એમણે લજ્જાના કવચનો આશ્રય લીધો અને ગાવાનો ઇન્કાર કર્યો. ખૂબ આગ્રહ કર્યા પછી એક નાનું શું ગીત તેમણે સંભળાવ્યું: 'જંગલમાં ખૂબ ફૂલો છે અને તેમાં કપાસનાં ફૂલ પણ છે. જે ફૂલ પસંદ હોય એ ચૂંટી લો. જે નાપસંદ હોય તે છોડી દો' એવો કંઇક મુગ્ધભાવ આ ગીતમાં હતો. આગળ જતાં આવાં કેટલાંક ગીત અમે સાંભળ્યાં. એકનો ભાવ હતો: 'મારે ઘણા ભાઇ છે, પણ એમાંના એકને લઇ ગયા છે. ઘણા ભાઇઓમાંથી એક ઓછો થયો તો શું બગડ્યું? પણ એકના ચાલી જવાથી અમે બધા અસ્વસ્થ છીએ, અમને ચેન પડતું નથી.' કેવો મધુર ભાવ! પ્રેમનો કેવો પ્રભાવ! અગર જો આ વૃત્તિ બધે જ વ્યાપક થઇ જાય તો મનુષ્યજાતિનું બધું દુઃખ દૂર થાય.

અમે શિક્ષકને પૂછ્યું, 'આ લોકો મોરલી વગાડે છે?' બેત્રણ મોરલીઓ આવી ગઈ. છોકરાઓએ તે વગાડવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એક જ છોકરો ખૂબ સરસ રીતે વગાડી શકતો હતો. સંથાલી ગીતનો રાગ તો કાનમાં ગુંજતો હતો, તેમાં મોરલીના પ્રાણનો અવાજ કાન ઉપર પડ્યો; અને જે ભાવ વાણીમાં વ્યક્ત નહિ થએલા તે મોરલીના અવાજે એકદમ વ્યક્ત કર્યા. સંથાલ નવયુવકોએ મોરલી હાથમાં લીધી. એમની કમર અને ગરદન થોડીક વાંકી થઇ ગઇ અને એમણે પ્રાણ ફૂંકવાની શરૂઆત કરી. મને તરત સિંહગઢ ઉપર એક વખત મોરલી સંભળાવનારા માળીના છોકરાનું સ્મરણ થયું. એણે તો ફરી જઇ પોતાની પીઠ મારી તરફ ફેરવીને અજંતાની ગુફાઓમાં મોરલી વગાડનારી પરીઓના ચિત્રનું સ્મરણ કરાવ્યું હતું.

મોરલીની ભાષા સીધી, સાદી અને હૃદય સુધી પહોંચનારી હોય છે. મોરલી વાગવા લાગી:

'મારી મૂક શાંતિ મારે માટે સારી છે. એને શા માટે જબરદસ્તી કરીને છેડો છો? નવા દિવસો આવી પહોંચ્યા છે. દિલને ગમે કે ન ગમે, એનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી. અમે અમારી જીદ છોડી દીધી છે. અમારા આત્માનો દમ ખેંચાઇ ગયો છે. જે થવાનું હતું તે થઇ ગયું. હવે મને વિદાય લેવા દો, શાંત પડવા દો. મને શાને સતાવો છો? શા માટે મને બોલવાની ફરજ પાડો છો?

'મારાથી અન્ય ભાવ પ્રગટ થવાનો નથી. તમારૂં નવું હતું તે બધું તો લીધું પણ તેમાં મને આનંદ નથી. પુરાણા દિવસો સારા હતા. પુરાણા જીવનમાં સમાધાન હતું, કૃતાર્થતા હતી. દૂરદૂરની પહાડી ઉપર અમે બે મોરલીઓ ઊભી રહીને જ્યારે એકબીજાની સાથે વાતો કરતી હતી તે વખતનો જીવનાનન્દ કાંઇ ઓર હતો.

(અનુસંધાન પાન ૫૫૯મે)

કુટુંબ ક્લેશથી દૂર રહેવા ઘર તજી, વતન તજી, આપબળે દુનિયામાં આગળ વધનાર એક પ્રમાણિક સ્વમાનશીલ જૈન ગૃહસ્થને ત્યાં શ્રી મણિલાલ કોઠારીનો જન્મ થયો હતો.

તેમનું જન્મસ્થાન ચુડા પાસે ભડકવા. જન્મનો સમય વિક્રમ સંવત ૧૯૪૬ની જન્માષ્ટમીને રોજ રાતે ૧૨ વાગે. શ્રી વલ્લભજી કોઠારી એ વખતે વેરાવળ પાસે હાટીના માળીયામાં રૂ. ૧૫)ના પગારે પોસ્ટમાસ્તર તરીકે કામ કરતા હતા. આટલા ટૂંક પગારમાંથી સાત રૂપિયા કરજમાં ભરી તે આઠ રૂપિયામાં પોતાનું ગુજરાન ચલાવતા.

પિતા પોસ્ટ માસ્તર હોઇને બાળક મણિલાલને પિતાની વારંવાર થતી ફેરબદલીઓને કારણે કચ્છ કાઠિયાવાડનાં અનેક ગામોનાં પાણી પીવાં પડેલાં. અને જાહેરજીવનને અંગે મોટી ઉમરે જ્યારે તેઓ તે ગામોએ જતા ત્યારે આ ગામ તો મારૂં, અહીં અમે રહેતા, આ નિશાળે હું ભણ્યો હતો, અમુક અમારા શિક્ષક હતા, અહીં અમે ફરવા જતા વગેરે જૂનાં સ્મરણો તાજાં કરતા.



સ્કેચ • રવિશંકર રાવળ

વ્યક્તિજીવનને ઝેબ આપે એવું સ્પૃહણીય જીવન જીવી, ઝૂઝી ને અસ્ત થનાર સિતારો

મણિલાલ કોઠારી

એ જમાનામાં અંગ્રેજી ભણતરની કીમત ખૂબ અંકાતી. પિતાને પણ પુત્ર અંગ્રેજીમાં ખૂબ હોશિયાર થાય તેની કાળજી રહેતી. લાયબ્રેરીમાં અંગ્રેજી અખબારો આવતાં હોય તે કુમાર મણિલાલ વાંચ્યા વગર ન રહેતા. લાયબ્રેરી ન હોય ત્યાં વિલાયતનાં છાપાંની પસ્તી ખરીદીને તે એકથી બીજા છેડા સુધી વાંચી જતા.

ધીમે ધીમે અંગ્રેજી લખવાનો અને બોલવાનો સારો મહાવરો પડતો ગયો. અને સામાન્ય રીતે બને છે તેમ એમને સ્વભાષામાં ભાષણ કરવામાં તથા લખવામાં મુશ્કેલી આવવા લાગી. પરંતુ પાછળથી જાહેરજીવનમાં પ્રવેશ કર્યા પછી ગાંધીજીની અસરને લીધે તેમનું ગુજરાતીનું તેમજ હિન્દી, હિન્દુસ્તાની વગેરે ભાષાઓનું જ્ઞાન ખૂબ સમૃદ્ધ બન્યું હતું અને તેઓ પંજાબ કે યુક્તપ્રાંતમાં હિન્દી કે હિન્દુસ્તાનીમાં ભાષણ કરતા હોય ત્યારે સામાન્ય માણસને એમ જ લાગતું કે આ જ તેમની માતૃભાષા હશે.

અંગ્રેજી છાપાંઓ વાંચવાને લીધે તેમજ દેશપરદેશની ખબરો વાંચતાં વાંચતાં પોતાના દેશની ખબરો છાપામાં મોકલવાની હોંશ થઇ અને પોરબંદરમાં હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારથી 'ઇન્દુપ્રકાશ' અને 'અમૃતબઝાર પત્રિકા'માં કાઠિયાવાડના ખબરો મોકલવાનું શરૂ કર્યું. એ વખતે જે કોઇ આ છાપાં વાંચતું તેને એ ખબરો વાંચીને બહુ નવાઇ લાગતી,

સોળ વર્ષની ઉંમરે કુમાર મણિલાલ મૅટ્રિકની પરીક્ષા આપવા મુંબઇ ગયા. પરીક્ષામાં નાપાસ થવું તેમના જેવા ગરીબ માબાપના છોકરાને પાલવે નહિ; વળી નાપાસ થવું એ ભારે શરમની વાત ગણાતી, તેથી દિવસ કે રાત જોયા વગર ખૂબ વાંચ વાંચ કર્યું. તે વખતે અચાનક મળી ગએલા કોઇએક સાધુએ તેમને પરીક્ષા માટે અતિ શ્રમ ન લેવાની સલાહ આપી, અને ધર્મમાં શ્રદ્ધા રાખવા તથા કોઈ દિવસ હિંમત નહિ હારવા કહ્યું; સંજોગવશાત્ કાર્યસિદ્ધિમાં જો

મુશ્કેલી આવતી જણાય તો શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો 'કાર્પણ્ય દોષો અપહત સ્વભાવ . . .' વાળો શ્લોક યાદ કરવા પણ તેણે કહેલું.

તે વખતે તો એમને આ સાધુમાં બહુ વિશ્વાસ નહિ બેઠેલો. અચાનક પરીક્ષાને દિવસે કે એ અરસામાં, ઘોડાગાડીમાં બેસીને બહાર જતાં મણિલાલને અતિ શ્રમને લીધે ચક્કર આવવા લાગ્યાં અને બેશુદ્ધ બની ગયા. એ જ વખતે પેલો સાધુ રસ્તે દેખાયો. તેણે તાત્કાલિક સારવાર કરીને મણિલાલને શુદ્ધિમાં આણ્યા. ત્યારથી તેમનું મન એ સાધુ તરફ આકર્ષાયું, પરંતુ તે પછી એ નજરે ન જ પડ્યો.

સત્તર વર્ષની ઉમરે, મૅટ્રિક પાસ થઇને, જુવાન મણિલાલે કૉલેજમાં ચાર વર્ષ અભ્યાસ કરી પિતાની આર્થિક મુશ્કેલી વધારવા કરતાં આપમેળે કમાઇને દુનિયામાં ઝંપલાવવાનો નિરધાર કર્યો અને કોઇ સારી ઓળખાણ મળી જતાં તેઓ એડન જવા એક ઇટાલિયન સ્ટીમરમાં ઉપડ્યા.

હિન્દી મુસાફરોને પૈસે રળી ખાતા છતાં ઇટાલિયનો હિન્દુઓની ધાર્મિક લાગણીની અવગણના કરી સ્ટીમર ઉપર ખોરાક માટે ગૌવધ કરતા અને ઘરબાર, કુટુંબ કબીલો છોડી પરદેશમાં કમાણી મેળવવા જતા. હિન્દુ મુસાફરોનું દિલ દૂભાતું હોવા છતાં 'આ ગોરા લોકોની આગળ આપણું શું ગજું', 'પરદેશમાં આપણું કોણ', એવા નબળાઇભર્યા વિચારે સહુ મૂગે મોઢે બધું ચલાવી લેતા.

મણિલાલે એક વખત ગાયને તૂતક ઉપર બાંધેલી જોઇ અને તપાસ કરતાં બધી વસ્તુસ્થિતિ સમજી લીધી. તુરતજ સ્ટીમરના મદદનીશ સુકાનીને તે મળ્યા. અને તેની સાથે કૅપ્ટનને રૂબરૂ મળીને ગૌવધ બંધ કરાવ્યો. સ્ટીમરના ઇટાલિયન અમલદારનાં મન ઉપર આ જુવાન હિન્દુની હિંમત, બોલવાની છટા, અને દૃઢતાની બહુ ભારે અસર થઇ. સાથી પ્રવાસીઓ પણ આ જુવાનની શક્તિથી દંગ થઇ ગયા.

એડનને કિનારે પહોંચતાં જ સ્ટીમરને ક્વૉરંટાઇનમાં રાખવાનો સરકારી અધિકારીઓએ હુકમ કર્યો. સામાન્ય રીતે માલદાર પ્રવાસીઓ અધિકારીઓને બે પાંચ શિલિંગ આપી રાજી કરી ક્વૉરંટાઇનથી બચી જતા. પરંતુ મણિલાલને આ રીતે લાંચ આપવામાં અનીતિ જણાઇ. તેમણે સ્ટીમર ઉપર દાક્તરી તપાસ કરવા આવેલા શીખ અધિકારીને તેમજ તેના ઉપરીને મળી પોતે કમાવા માટે આવેલા છે, નહિ કે ગાંઠે પૈસા બાંધીને એમ જણાવી, ક્વૉરંટાઇનમાં રહેવાની અશક્તિ જાહેર કરી.

એ બંને અમલદાર ઉપર પણ એની વાણીની એવી અસર થઈ કે એક મજૂર પાસે તેનો સામાન ઉપડાવી પોલીસ લૉંચમાં બેસાડી, ઠેઠ જે પેઢીમાં એ યુવાનને જવું હતું ત્યાં પહોંચાડી દીધો.

કોઇ નોકરી મળી જાય ત્યાં સુધી એ પેઢીમાં જ રહી તેમણે કામ કરવા માંડ્યું. થોડા જ વખતમાં મિલીટરી ડેરીના એક કારકુનને રજા ઉપર જવાનું થતાં થોડા મહિના અવેજીમાં કામ કરવાનું મળ્યું.

એ કામ સંભાળી લેતાં મણિલાલે જોયું કે ગાયોને પૂરતું 'રેશન' નથી મળતું, ઉપરી અમલદારને ત્યાં જતા દૂધની નોંધપોથીમાં તેના કૂતરાને મળતાં માખણ-રોટીની નોંધ નથી રહેતી. દૂધની નોંધપોથીમાં તે દિવસથી ઉપરી અધિકારીનું નામ દાખલ થયું. કારકુન મણિલાલ વ. કોઠારીનું નામ પણ દાખલ થયું. થોડા દિવસ પછી લશ્કર ખાતાના વડા બ્રિગેડિયર અમલદાર ડેરી જોવા આવ્યા અને ગાયોની તંદુરસ્ત સ્થિતિ તથા બીજી વ્યવસ્થા જોઇને સંતોષ બતાવ્યો, તેમ જ ડેરીના અધિકારીઓ અને કારકુનો પણ ડેરીનો માલ ખરીદે છે એ જોઈ આનંદ વ્યક્ત કર્યો. માસ આખરે દૂધ, માખણ વગેરેનું બિલ ગોરા અધિકારીઓના ટેબલ ઉપર રજૂ થયું અને વગર આનાકાનીએ તેમને એ બિલનાં નાણાં ભરી દેવાં પડ્યાં.

આ નવા કારકુનની પ્રમાણિકતા ગોરા અધિકારીને ખૂંચી. કોક દિવસ એ તેને ખરાબ કરી નાખશે એ ભયથી કારકુનો પણ માંહોમાંહે ગુસપુસ કરવા લાગ્યાં.

પાંચ સાત દિવસ પછી જન્માષ્ટમીનો તહેવાર આવ્યો. મોટો તહેવાર અને વળી મણિલાલનો જન્મ દિવસ, એટલે પેઢીનાં માણસોએ આવા સપરમા દિવસે પેઢીમાં ન જવા મણિલાલને સમજાવ્યા. મણિલાલે પણ આ શુભ તહેવારની રજા ભોગવવાનો પોતાને હક્ક છે એમ મનમાં નક્કી કરી, તેડવા આવનાર સાંઢિયાસ્વાર સાથે રજાની ચીઠી મોકલી દીધી. અધિકારીને આ બહુ જ સારી તક મળી ગઇ. બ્રિગેડિયર

અધિકારીને તરત જ રીપોર્ટ થયો. બીજે દિવસે એ રીપોર્ટને આધારે બાબુનો ઠીકઠીક દંડ લખાઇને આવે એની રાહ ડેરી અધિકારી જોવા લાગ્યા.

મણિલાલને આ હકીકતની ગંધ આવી. રીપોર્ટ ઉપર કાંઇપણ હુકમ થાય તે પહેલાં બીજે દિવસ સવારમાં વહેલા એ વડા અમલદાર પાસે તેઓ પહોંચી ગયા. ગોરા લશ્કરી અમલદાર પાસે પહોંચતાં એક સામાન્ય હિન્દુ છોકરાને પડે તે બધી તકલિફ તો એમને પડી, પરંતુ હિંમત અને દૃઢતાથી કામ લેવાની શક્તિને લીધે મણિલાલ બ્રિગેડિયર જનરલને મળવામાં સફળ થયા. તેમણે એને બધી હકીકત સમજાવી અને ખાત્રી કરાવી આપી કે રજા ભોગવવામાં પોતે કશો ગુનો નથી કર્યો. ડેરી અમલદારના રીપોર્ટ નીચે શેરો થયો કે જો પહેલો જ ગુનો હોય તો તક આપવી જોઇએ; ઇરાદાપૂર્વક ગુનો કર્યો હોય તો તાકીદ આપવી જોઇએ.

'અમૃત બઝાર પત્રિકા' વાંચવાને કારણે પણ ડેરી અધિકારી સાથે મણિલાલને અથડામણમાં આવવું પડેલું. પરંતુ અવેજી કારકુન સાથે એકવાર પડેલા અનુભવને લીધે હવે બીજી વાર વાતને આગળ ન વધારવામાં જ એ અમલદારને ડહાપણ લાગ્યું.

એકાદ માસ પછી રજા પર ગએલ કારકુન પાછો ફરતાં મણિલાલે ડેરી છોડી. થોડા મહિના એડનની પોસ્ટ ઑફિસમાં પણ તે પછી કામ કરવાની તક મળી હતી. અહીં પણ કાળા લોકોને દબડાવી, ધાકધમકીથી કામ લેવા ટેવાએલા તુમાખી અંગ્રેજ, ફ્રેંચ, જર્મન અને ઇટાલિયન લશ્કરી અધિકારીઓ સાથે મણિલાલને અથડામણમાં આવવું પડતું. પરિણામમાં ઘણી વાર એવું યે બનતું કે આગલે દિવસે તુમાખી બતાવનાર ગોરો આ જુવાન હિંદીની પ્રમાણિકતા, એકનિષ્ઠા અને સ્વમાનપ્રિયતા જોઇને ખુશ થઇ, બીજે દિવસે આવીને મૈત્રિનો હાથ લંબાવતો.

એડનમાં લાંબો વખત રહેવાનું અનુકૂળ ન આવતાં મણિલાલ પાછા સ્વદેશ આવ્યા અને તેમણે વકીલાતના ધંધામાં પડવાનું નક્કી કર્યું. એ વખતે મુંબાઇથી તુરતમાં જ કાયદાની પરીક્ષામાં પાસ થઇને શ્રી પોપટલાલ ચુડગર અને ગિજુભાઇ બધેકાએ વઢવાણ કૅમ્પમાં વકીલાત શરૂ કરી હતી. હાઇકોર્ટ વકીલની પરીક્ષા માટે કાયદાનો અભ્યાસ મુંબાઇમાં કરવાનું બહુ ખર્ચાળ હતું, આથી શ્રી ચુડગરે એવા વિદ્યાર્થીઓને કાયદાની તાલીમ આપવા કૅમ્પમાં એક વર્ગ શરૂ કર્યો હતો. એ વખતના તેમના શિષ્યોમાં શ્રી મણિલાલ કોઠારી તથા શ્રી અમૃતલાલ શેઠ પણ હતા.

ઊંચે નંબરે હાઇકોર્ટ વકીલની પરીક્ષા પસાર કર્યા બાદ તેમને ધ્રાંગધ્રા રાજ્યમાં સીતાપુરમાં ફર્સ્ટક્લાસ મૅજિસ્ટ્રેટ તરીકે નોકરી મળી. દેશી રાજ્યમાં ન્યાયાધીશને આજે પણ સ્વતંત્ર ન્યાય આપવામાં કેટલી મુશ્કેલી પડે છે એ તેના અનુભવીઓ જ જાણી શકે. આજથી ૨૦-૨૨ વર્ષ પહેલાં ન્યાયાધીશની પ્રમાણિકતાની અને શુદ્ધ ન્યાયવૃત્તિની ક્ષણેક્ષણે કસોટી થતી. આવા અનેક પ્રસંગોમાંથી મણિલાલ પસાર થયા હતા અને રાજ્ય, સગાંસંબંધીઓ કે લાંચ આપી કામ કઢાવી લેનાર પક્ષકારો આગળ કોઇ પણ જાતની નબળાઇ બતાવ્યા વગર શુદ્ધ ન્યાયવૃત્તિને તેમણે જરા પણ ખરડાવા દીધી ન હતી.

સીતાપુરમાં તળાવ ઉપર શિકાર કરવાની મનાઈની જાહેરાત રાજ્ય તરફથી ચોટાડવામાં આવી હતી. તેમ છતાં ધ્રાંગધ્રાના દીવાને કૅમ્પના ગોરા સરકારી એજન્ટને નાતાલ દરમિયાન શિકાર માટે આમંત્ર્યા. મણિલાલની મુંઝવણ વધી. એક બાજુ રાજ્યના બોલાવ્યા શિકાર માટે આવેલ ગોરા મહેમાન અને બીજી બાજુ હિંદુઓની લાગણી ન દુભાય તે માટે રાજ્યે ચોટાડેલી શિકારની મનાઇની જાહેરાત. મૅજિસ્ટ્રેટની દૃઢતા અને કુનેહથી કામ લેવાની શક્તિ વડે શિકારની મનાઇ હોવાની ગોરા મહેમાનને જાણ થઇ અને શિકાર બંધ રહ્યો.

ધ્રાંગધ્રાનાં અમલદારમંડળને આ નવજુવાન મૅજિસ્ટ્રેટનું આવું વર્તન ખૂંચતું. મણિલાલને પણ ત્યાંનું વાતાવરણ અનુકૂળ ન લાગ્યું. ધ્રાંગધ્રાના રાજસાહેબે આ નવજુવાન મૅજિસ્ટ્રેટને ધ્રાંગધ્રા ન છોડવા અનેક રીતે સમજાવ્યા, પણ દેશી રાજ્યનું વાતાવરણ કોઈ પણ હિસાબે સહ્ય ન જણાવાથી તેમણે નોકરીનું રાજીનામું આપી અમદાવાદમાં વકીલાત કરવાનું નક્કી કર્યું.

અમદાવાદમાં આવ્યા પછી મણિલાલ વકીલના પરિચયમાં આવનાર કેટલાક મોટા વકીલ ચેતવણી આપતા કે આ કાંઇ કાઠિયાવાડ નથી. અહીંના સંખ્યાન

બંધ હોશિયાર વકીલો આગળ તમારો ગજ નહિ વાગે. આવું કહેનારને આ નવા વકીલ તરફથી જવાબ મળતો કે તળિયે બેઠો હું સૌને ધક્કેલીને ઉપર આવીશ.

અમદાવાદમાં શ્રી મણિલાલ કોઠારીની વકીલાત થોડા જ વખતમાં ઠીકઠીક જામી ગઇ. અમદાવાદ ઉપરાંત રાજપુતાના અને મધ્ય હિંદનાં રાજ્યોના કેસ પણ તેમની પાસે આવતા. કાઠિયાવાડનાં કેટલાંક રાજ્યોના વકીલ તરીકે કામ કરતાં એજન્સી અધિકારીઓ સમક્ષ રાજ્યોના કેસ બહુ જ સચોટ રીતે રજૂ કર્યા હતા. મુંબાઇની એક જાપાની પેઢીએ પણ તેમને પેઢીના કાયમ વકીલ તરીકે રોકી લીધા હતા. બીજા વકીલો જ્યાં અસીલો પાસેથી ખૂબ પૈસા મેળવી શકે ત્યાં મણિભાઇ શકય હોય તો સમાધાન કરાવી આપી, બંને પક્ષોને મોટા ખર્ચમાંથી બચાવી લેતા.

પુત્રની ધીકતી વકીલાત જોઇને પિતાને ખૂબ સંતોષ થયો અને ટપાલખાતાની નોકરીમાંથી નિવૃત્ત થતાં આર્થિક મુશ્કેલી નહિ નડે એમ પિતાને લાગ્યું.

વકીલાત દરમિયાન પણ ગરીબોની અને પીડિતોની સેવાની ભાવના મણિલાલમાં જાગૃત રહી હતી. દુષ્કાળ દરમિયાન અમદાવાદથી બળદગાડીમાં અનાજ અને કપડાં લઇને તેઓ ધોળકા અને બાવળાનાં ગામડાંઓમાં સંકટગ્રસ્તોની મદદમાં પહોંચી જતા.

આ અરસામાં ગાંધીજી અમદાવાદમાં આવીને વસ્યા હતા અને કેટલાક આગેવાન વકીલો તથા શિષ્ટ પ્રજા વર્ગ ગાંધીજીના સંસર્ગમાં આવવા લાગ્યો હતો. હિંદુસ્તાનના રાજકીય જીવન ઉપર ગાંધીજીની લાગવગની શરૂઆત થઇ ગઇ હતી. દેશમાં એક પછી એક બનાવો વીજળીવેગે બન્યા કરતા હતા. સ્વરાજસભાની સ્થાપના, રોલેટ ઍક્ટ સામેની લડત, સત્યાગ્રહસભાની સ્થાપના, રાષ્ટ્રીય સપ્તાહની ઉજવણી અને તે દરમિયાન થએલાં તોફાનો, પંજાબ અને ગુજરાતમાં લશ્કરી રાજનો દોર, ગાંધીજીની ધરપકડ અને છૂટકારો, મૉંટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાનો વિરોધ અને છેવટે અસહકાર.

અમદાવાદ અને વીરમગામમાં હુલ્લડને અંગે પકડાએલા આરોપીઓનો બચાવ કરનાર આગેવાન વકીલોમાં મણિભાઇ મોખરે હતા. દરમિયાન દેશી રાજ્યોમાંથી ઊંચી અમલદારી માટે કહેણ આવ્યાં કરતાં. ધ્રાંગધ્રાના અનુભવ પછી તેમને દેશી રાજ્યમાં નોકરી કરવા તરફ અણગમો પેદા થયો હતો.


વકીલાતના ધંધાને અંગે પાલણપુરના નવાબ સાહેબના ઠીકઠીક પરિચયમાં તેઓ આવેલા અને રૂ. ૭૦૦ના પગારે પાલણપુરનું દીવાનપદ સ્વીકારવા આગ્રહ પણ થયો હતો. પિતાનો આ પદ સ્વીકારી લેવા માટે ખૂબ આગ્રહ હતો; પરંતુ તે દરમિયાન અસહકારની હાકલ પડી અને વકીલોને અદાલતનો બહિષ્કાર કરવાનો આદેશ આવ્યો.

એક બાજુ દીવાનગીરી અને બીજી બાજુ અસહકાર. એક બાજુ સત્તા, ધન અને મોજશોખ અને બીજી બાજુ ગરીબી અને દેશને માટે સ્વાર્પણ. મણિભાઇએ સ્વાર્પણનો નિર્ણય કરી લીધો. પિતાએ આ નિર્ણય ફેરવવા ઘણી દલીલો કરી, પરંતુ દેશને ચરણે સર્વસ્વ અર્પણ કરી દેવાની ભાવનાવાળા પુત્રે પિતાના આગ્રહનો અસ્વીકાર કર્યો. એમણે વકીલાત છોડી, પરદેશી વેશ છોડ્યો, ઊંચામાં ઊંચી સીગારેટો છોડી, ઉત્તમ ભોજન અને મોજશોખ છોડયાં.

ત્રણ ભાઇઓમાં સૌથી મોટા મણિભાઇ. તેમણે વકીલાત છોડી તે વખતે પાસે મૂડી નહોતી થઇ. વચેટ શવજીભાઈ અમદાવાદમાં કોઇ મીલમાં ટૂંક પગારે નોકરી કરતા હતા. સૌથી નાનાભાઇ સ્વ. ચીમનભાઈ મુંબઇમાં નૅશનલ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. આથી પિતાને પુત્રો માટે સ્વાભાવિક જ ચિંતા થઈ. બચાવેલી થોડીઘણી મૂડીમાંથી જોરાવરનગરમાં મકાન બાંધતાં ધાર્યા કરતાં વધુ ખર્ચ થઇ ગયું હતું. અંતે સ્વ. વહાલજીભાઇએ પોતે ફરી ટપાલખાતામાં થોડો વખત નોકરી સ્વીકારી.


અસહકાર પછી મણિભાઈની મુખ્ય પ્રવૃત્તિ રાષ્ટ્રીય કાર્યો માટે ફાળો ઉઘરાવવાની રહી હતી. લોકોમાં સૂમ તરીકે ઓળખાનાર પાસેથી પણ મણિભાઇ દેશનાં કામો માટે નાણાં મેળવી શકયા છે. દાન મેળવવાની તેમની અજબ શક્તિ જોઇ સહુકોઇ તાજૂબ થતું.

એક હજારનું દાન આપનાર પાસેથી ચેક લખાવતી વખતે એકના અગીઆર હજાર અને એકવીસ હજાર કરાવ્યાના દાખલા મોજૂદ છે. તિલક સ્વરાજ્ય ફાળો, ગુજરાત વિદ્યાપીઠ ફાળો, દેશબંધુ સ્મારક ફાળો વગેરે અનેક નાનામોટા ફાળા (અનુસંધાન આગળ પૃષ્ઠ ૫૫૭મે)




સન્ધ્યા

ચિત્રકાર • ત્રિગુણાતીત પંચોલી



લીલો મેવો

ફોટો·સ્વ. સોરાબ આરેગાટ



કોઇ ચુનંદો ખેલાડી યે જેને માટે હામ ન ભીડે તેવી, ભાવિના મીઠાં સમણાં સમી રોમાંચક

કસોટી

'જહન્નમમાં જાય આ એક તો માંડ માંડ ઊડતાં શીખવા આવ્યા છીએ ને ઉપરથી ધમકી કે આટલા કલાકમાં એકાકી ઉડાણ ન કર્યું તો સ્કૉડ્રનમાંથી નામ કાઢી નાખવામાં આવશે. શાળામાં જુઓ તો એ, ગ્રાઉન્ડમાં જુઓ તો એ, ને અહીં જુઓ તો પણ એ જ ધમકી કે, આમ ન કર્યું તો નામ કાઢી નાખવામાં આવશે! જોઇએ, હવે કાલે શી મ્હોંકાણ મંડાય છે!'

કાઝાડાના માર્ચફીલ્ડ પરના વિમાની મથક પર સૂર્યનાં હજી પહેલાં અજવાળાં ઊતરતાં હતાં ત્યાં ટેડે પોતાના ગોઠીઆઓ વચ્ચે બળાપો કાઢ્યો.

ત્યાં તો તરત હંગાર ઑફિસના લેફ્ટેનંટ વૉટર્સનો અવાજ આવ્યો, 'ઍકશન, હૉલ્ટ!' અને થોડી વારે આવી પહોંચી સીધો ટેડને જ તેણે સંબોધ્યો, 'ટેડ, નદી પાર કરીને તારે ૨૦૦૦ ફૂટની ઊંચાઇએ ઊડવાનું છે. ત્યાંથી ૧૦૦૦ ફૂટ પર આવી, ફરી પાછી એટલી ઊંચાઇએ પહોંચવાનું છે. જો સફળ થઇશ તો તારો રાહ મેં નક્કી કરી રાખ્યો છે.' એટલું કહેતાં એ ટેડના વિમાનના કૉકપિટમાં ચઢી બેઠો.

વિમાનનું સુકાન ટેડને જ સંભાળવાનું હતું. સંજ્ઞા થતાં જ એ વિમાન ઊડી નીકળ્યું. જો કે એક પાંખ સહેજ નીચી રહી હતી, પણ ટેડને થયું કે એ અદ્ધર જ સરખી કરી શકાશે. ઘડી પહેલાંનો બધો ઉકળાટ શમી જઇ, તેની છાતી ગજ ગજ ફૂલતી હતી, કારણ લેફ્ટેનંટ તેની સાથે જ હતો ને પોતે સફળ થશે તો સોલોમાં સ્થાન મળવાનાં સ્વપ્નાં તેને વીંટી વળ્યાં હતાં.

થોડે દૂર જતાં જ એક સાંકડું મેદાન આવ્યું. નદી તો ક્યાં યે રહી ને લેફ્ટેનંટે ત્યાં જ ઊતરવાનો ટેડને આદેશ કર્યો. ટેડ વળી ઉકળી નીકળ્યો. સોલો માટે આવી તે કસોટીઓ હોતી હશે? લેફ્ટેનંટે તેના ચહેરા પર એ વાંચ્યું ને હળવી ટકોર કરી: 'ટેડ, વિમાનીની સાચી સફળતા હવામાં અદ્ધર રહેવામાં નહિ, પણ ઊંચે ઊડી નીકળવામાં ને નીચે ઊતરવામાં જ છે.'

ટેડે ખૂબ મથામણ કરી. જે જે કોણ લીધા એ બધા જ વિમાનને અને સાથે બે જાનોને યે ખતરારૂપ તેને લાગ્યા. પરસેવાથી એ રેબઝેબ થઇ ગયો. એને લાગ્યું કે લેફ્ટેનંટે પોતાની મશ્કરી કરી છે. ત્યાં તો તેના આશ્ચર્ય વચ્ચે જ લેફ્ટેનંટે કહ્યું, 'ચાલ, ટેડ, હવે પાછા વળી નીકળીએ.'

ટેડનું વિમાન પાછું માર્ચફીલ્ડ પર આવી લાગ્યું. લેફ્ટેનંટે પ્રશ્નાર્થ નજરે ટેડ સામે જોયું. ટેડ એ નજરનો મર્મ સમજી ગયો ને બોલ્યો, 'સાહેબ, આવા પહોળા મેદાન પર તો હું સહેલાઇથી વિમાન ઉતારી શકું.'

'એમ? જોઇએ ત્યારે!' લેફ્ટેનંટના એ જવાબથી વધુ પોરસમાં આવી ટેડે વિમાન નીચું ઉતાર્યું. નિશ્ચિત સ્થાનથી નહિ જેવા જ અંતરે તે ઊતરી આવ્યો. 'શાબાશ!' સંતોષભરી નજરે લેફ્ટેનંટે શબ્દો ઉચ્ચાર્યા; અને 'કાલે લેફ્ટેનંટ વિન્ટર પાસે પાણી રાખજે,' કહેતો એ છૂટો પડ્યો.

થોડી વાર રોકાઇ ટેડ પોતાના ખંડમાં ગયો, ત્યાં તો પહેલી જ નજર લેફ્ટેનંટ વિન્ટરની સહીવાળા પતાકડા પર પડી. લૅન્ડિંગ પર કાબૂ રાખવાની તેમાં તેને સૂચના હતી. ટેડના સંકલ્પવિકલ્પો વળી ચાલુ થયા. 'શું આ લોકો મને કાઢી નાખવા જ માગે છે? લેફ્ટેનંટ વિન્ટરનું તો એમ જ લાગે છે. ઓહ ગૉડ! પરીક્ષા પણ એ રાક્ષસ જ લેવાનો છે!'

બીજા દિવસનું પ્રભાત થયું. માર્ચફીલ્ડ આજે વિમાનોનું ખેતર બની ગયું હતું. વચ્ચોવચ્ચ લેફ્ટેનંટ વિન્ટર ખડો હતો. ટેડના નામની એણે બૂમ મારી

ને 'યેસ સર' કહેતો ટેડ આવી પહોંચ્યો ને સલામ ભરી સામો ઊભો રહ્યો.

'ઉફ્! આવી સલામ ક્યાંથી શીખી લાવ્યો? બૉય સ્કાઉટ છે શું?' પહેલે જ પ્રસંગે એણે તો ટેડને ધમકાવી કાઢ્યો. ટેડ હજુ બહાવરો બની જોયા જ કરતો હતો ત્યાં તો એ પાછળના કૉકપિટમાં ચઢી બેસી બોલ્યો, 'હજુ જોયા શું કરે છે! કૂદી પડ અંદર!'

ટેડ આગલા કૉકપિટમાં કૂદી પડ્યો ને તેનું વિમાન ગોઠીઆઓનાં ટોળાનાં આંખમીંચામણાં ઝીલતું ઊડી નીકળ્યું. તેના આશ્ચર્ય વચ્ચે લેફ્ટેનંટ વૉટર્સે નિર્દેશેલા સાંકડા મેદાન પર જ વિન્ટરે ઊતરવાનો આદેશ આપ્યો.

'સ–સ–સાહેબ ....!' ટેડ બોલવા જતો હતો ત્યાં વચ્ચે જ લેફ્ટેનંટ વિન્ટર તાડૂકી ઊઠ્યો: 'કયા મૂર્ખાએ ત્યારે તને આમાં પડવા પથરો મૂક્યો હતો? તને તો ઊતરવા માટે આખું પરગણું જોઈશે, પરગણું!'

ધાસ્તીથી નરમ બની ગએલા ટેડે એક વખત નહિ પણ ચાર ચાર વખત અજમાએશ કરી જોઈ, પણ નિષ્ફળ નીવડ્યો. આખરે લેફ્ટેનંટથી ન રહેવાયું. તેણે એના હાથમાંથી વિમાનની કૅન્ટ્રોલ સ્ટિક ઝૂંટવી લીધી ને નીચે કેમ ઉતરાય તેની ગુસ્સાભર્યાં શબ્દોમાં પણ સ્પષ્ટ સમજણ આપી વિમાન નીચે ઉતાર્યું.

'હવે ચાલ, બહાર આવ: હું તને થોડું કહેવા માગું છું.' વિમાનને થ્રી પૉઇંટ લૅન્ડિંગ પર મૂકી તે બહાર નીકળતાં બોલ્યો.

વળી કોણ જાણે કેવો યે ધડાકો થવાનો એવી બીકે ટેડ હળવે રહીને કૉકપિટમાંથી બહાર નીકળ્યો ને લેફ્ટેનંટની પાછળ પાછળ એક ખડક પર જઈ બેઠો.

'મને ભય રહે છે કે તારાં લૅન્ડિંગ્ઝ બીલકુલ સફળ નહિ થવાનાં.' લેફ્ટેનંટે શરૂઆત કરી, 'પણ..... ઓહ! ઓ!' વિન્ટરે કહેવા ધારેલા શબ્દો તેના મોંમાં જ રહ્યા ને તે ચીસ પાડી ઊઠ્યો.

એ ખડક પર લપાઈ બેઠેલા એક સાપ પર બંને-માંથી કોઈની નજર નહોતી ગઈ. લેફ્ટેનંટે વાતની શરૂઆત કરી કે તરત જ એક ટૂંકા ફૂંફાડા સાથે સાપે તેના જાંઘ પર જ તેણે દાંત બેસાડી દીધા. પાતળા સુતરના ફ્લાઈંગ સૂટની આરપાર થઈ તે દાંત બરાબર તેની જાંઘમાં બેસી ગઈ. એ સાથે જ લેફ્ટેનંટ ઉછળી ઊઠ્યો. અને શું થયું એની ટેડને કળ પણ પડે એ પહેલાં તો ભય અને ગુસ્સાથી અરધા ગાંડા જેવા બની, તે સાપને છૂંદી નાખ્યો.

એ પછીનો અરધોએક કલાક ટેડથી ભૂલ્યો ભૂલાય એમ ન હતો. સાપ બરાબર નસ ઉપર જ ડંશેલો ને એની અસર પણ શરૂ થઈ ચૂકી હતી. લેફ્ટેનંટ વિહ્વળ બની ગયો હતો. ડંશ કાપી નાખવા માટે ચપ્પુ સુદ્ધાં યે પાસે ન હતું. પાછા ઊડી નીકળવા તત્પર બનેલા લેફ્ટેનંટને, પાટો બાંધવા માટે પણ માંડમાંડ ટેડ સમજાવી શક્યો.

લેફ્ટેનંટ કબૂલ થતાં, પોતે ગળામાં જે સ્કાઉટનો રૂમાલ બાંધી રાખતો તે ફાડી, ટેડે ચસ-ચસાવીને પાટો બાંધ્યો; પણ જાંઘ જેવા અંગ પર તે રહી શકવો મુશ્કેલ લાગ્યો. શું કરવું? ડંશની અસર-થી લેફ્ટેનંટની આંખો ઘેરાવા લાગી હતી. ટેડને માથે આ ખરૂં ધર્મસંકટ હતું. લેફ્ટેનંટને મહામહેનતે વિમાન-માં નાખી તેણે ગથક ભાણી વિમાન પૂરપાટ ઉપાડ્યું.

સેલ્ફ્રિજૅાડ્નના મેદાન નજીક પહોંચતાં જ ટેડની આતુર આંખો ત્યાં તૈયાર ઊભતી ઍમ્બ્યુલન્સો ખોળવા માંડી, પણ એકે ન મળે! એમનો સમય વીતી ગયો હોઈ, એ બધી હૉસ્પિટલે પાછી ફરી હતી. એનો અર્થ એ થયો કે તેણે અહીં વિમાન ઉતારી, સીધા ઑફિસ પર દોડી ઍમ્બ્યુલન્સ માટે ટેલીફોન કરવો ને એ આવે ત્યાં સુધી રાહ જોવી, જે રાહ લેફ્ટેનંટ માટે ઘાતક જ નીવડે.

ટેડે હતાશ નજર હૉસ્પિટલ તરફ નાખી. એની આજુબાજુ તો, મકાનોના જાણે થર લાગેલા હતા. પણ એટલામાં કોઈ નવું મકાન બંધાવવા માટે, એ મકાન પૂરતી જ હૉસ્પિટલ નજીક કરેલી થોડી ખુલ્લી જગા એકાએક તેની નજરે પડી તેની આંખો પ્રથમ આ-શ્ચર્યથી, પછી આશાથી ને છેવટ નિર્ણયથી ચમકી ઊઠી.

બીજે કોઈ વખતે તો ટેડ આ જોખમની સામે ચાહે તેવાં આગ્રહ કે આજ્ઞાનો યે કદાચ ભંગ કરી બેસત. એક ઇમારત પૂરતી જ ખુલ્લી જગ્યામાં વિમાન ઉતારવાનું સાહસ કોઈ ચુનંદો ખેલાડી પણ કરી જુએ કે કેમ એ સવાલ હતો. પણ ટેડને તો લેફ્ટેનંટની ઘેરાતી આંખો હૃદયમાં ચોંટી રહી હતી. સર સાટે પણ એ જોખમ ખેડવાનો તેણે મક્કમ નિર્ણય કરી દીધો હતો.

વિમાન એણે એ સ્થાનની ઉપર લાવી મૂક્યું

ચારે બાજુથી જગ્યા નજરાવી જોઇ. વિમાનને સડેડાટ અંદર સરકાવી શકાય એમ તો હતું જ નહિ, કારણ એ માટે તો વિમાનની ઊંચાઇ કરતાં સાત કે આઠ ગણી વિશેષ જગ્યા જોઇએ.

પણ એટલા માટે ટેડને હવે ગણતરી કરવા બેસવું પડે એમ ન હતું. એ તો એ ગડમથલમાં એણે વહેલી જ કરી લીધેલી, એટલે જેવું વિમાન નિશ્ચિત સ્થાન પર આવી લાગ્યું કે એક કોણ પસંદ કરી, તેણે વિમાન સીધું જ નીચે ફેંકી દીધું!

ભાવિનાં મીઠાં સમણાં સમો બની જાય એવો રોમાંચ જાણે ટેડ અનુભવવા લાગ્યો. જમીન જાણે સામી તેને ભેટવા ધસી આવતી હતી. વિમાન સરી ન પડે એટલા માટે કૅાન્ટ્રોલ્સ પર તેણે મડાગાંઠ વાળી દીધી હતી ને અંતરની આશાનિરાશા વચ્ચેની વિહ્વળતાને પણ એ જ રીતે દબાવી દીધી હતી. આખરે ભુસકાભેર તુટી પડતું વિમાન જમીનથી બેચાર ફૂટ ઊંચું રહ્યું કે તે સાવધ બન્યો. તેના અંગેઅંગમાં જાણે વિદ્યુતસંચાર થયો ને કોઈ ચુનંદા વિમાનીની કાબેલિયતથી વિમાનને તેણે સ્ટૅાલ લૅન્ડિંગ કરાવ્યું.

આબાદ! વિમાનના બધા વેગનો જાણે એકાએક નાશ થઇ ગયો. કોઇનીયે નિગેહબાની સિવાય જ એણે બજાવેલી કામગીરી કમાલ હતી. માત્ર આડા પડેલા કૅાન્ક્રીટના એક જબરા ગજિયાથી વિમાનનો આગલો ભાગ જરાક બોબગાયો હતો, બાકી બધું સાંગોપાંગ સંપૂર્ણ હતું.

વળતે દિવસે લેફ્ટેનંટ વિન્ટરના ખાટલા આગળ બેઠો બેઠો ટેડ તેના શબ્દો સાંભળી રહ્યો હતો, જે શબ્દો ફ્લાઇંગ બૉર્ડ પાસે પહોંચતાં વિમાનીઓમાંથી તેનું નામ કાઢી નાખવા બસ હતા.

'કાલનું તારું કામ તો તારી નિષ્ફળતા જ સાબિત કરે છે. ખરું કે નહિ, ટેડ?' લેફ્ટેનંટે શરૂ કર્યું. એનો અવાજ સૂચવતો હતો કે આજે તેને ઠીક હતું. 'પેલા મેદાનમાં તારાં લૅન્ડિંગ્ઝ તો બીલકુલ રદ્દી હતાં.'

'હા, સાહેબ, હું તે જાણું છું. ત્યાં પહોંચ્યા પહેલાં પણ હું જાણતો જ હતો કે મારું નામ કાઢી નાખવાને જ લાયક છે.' ટેડે કચવાતે દિલે કબૂલાત કરી. લેફ્ટેનંટના શબ્દો એની બધી આશાઓ પર પાણી ફેરવવા પૂરતા હતા. ડૂમો ભરાએલે ગળે એણે બહાર નજર ફેંકી. ગજિયા સાથે અથડાઇ પડેલા તેના વિમાનનું સમારકામ થઇ રહ્યું હતું.

'એમ? મારી સાથે ઊડી નીકળવા પહેલાં પણ તું એ જાણતો હતો ખરો? વાહ, વાહ; અને મને અહીં ઉતારતી વખતનું લૅન્ડિંગ તને કેવું લાગ્યું? હું જોકે પૂરતા હોશમાં નહોતો, છતાં બીલકુલ બેહોશ તો નહોતો જ.'

'સાહેબ, મેં મારાથી બનતું કર્યું.' અંદરખાનેથી તો એને લાગતું હતું કે પોતે સરસ કામગીરી બજાવી છે, પણ એ કહેવાની એની હિંમત ન ચાલી.

'હેં, બનતું? અરે છોકરા, તેં તો સંપૂર્ણ કામગીરી બજાવી! એણે સાબિત કરી આપ્યું કે તું ઊડી તેમજ ઊતરી પણ શકે. પરંતુ જો સાંભળ, ટેડ; તારે બે વાત શીખી લેવાની છે. એક તો ગમે તેવી કસોટીથી યે નરમ ન પડી જવું. હમેશાં શાંત ચિત્ત અને પોતાની જાતમાં પૂરતી શ્રદ્ધા રાખવી. કાલ બન્યું હતું તેમ અકળાઇ ન ઊઠવું. અને બીજી એ કે, ગમે તેવાની સામે પણ પોતાનો દાવો રજૂ કરતાં ન અચકાવું. તું બરોબર જાણે છે કે અહીંનું તારું લૅન્ડિંગ સારું જ હતું છતાં...'

'ત્યારે હવે મારું નામ કાઢી નહિ નાખવામાં આવે એમ ને, સાહેબ?' ટેડે એ આશાભર્યો જવાબ પૂરો થાય તે પહેલાં આતુરતાથી પ્રશ્ન કર્યો.

'બરાબર! હવે તું અહીંથી જા, હું થાકી ગયો છું.' લેફ્ટેનંટે જવાબ આપ્યો ને કંઇક મૂંઝવણ અનુભવતાં સલામ કરી ટેડ પાછો વળ્યો. લેફ્ટેનંટ એ મૂંઝવણ આનંદથી જોઇ રહ્યા ને ટેડે બારણું છોડતાં બોલી ઊઠ્યો, 'ઓહ, પાછી એ જૉયરકાઉડીઆ સલામ! કેવો અનિયમિત! પણ સ્કાઉટ તરીકે એણે કરેલા કામે જ મારો જાન બચાવ્યો ને? દાક્તરના કહેવા મુજબ તો એણે જો પાટો ન બાંધ્યો હોત તો હું જવાનો જ હતો. મારે એ ટેડને કહી દેવું જોઇતું હતું. બીજા ચાહે તેવા ગોતની મને પરવા નથી, પણ સાપથી—!'

પરંતુ ટેડને તો લેફ્ટેનંટના સાપની યે નહોતી પડી ને સ્કાઉટ તરીકે ફર્સ્ટ એઇડમાં પોતે જીતેલા મેરિટ બૅજની યે નહોતી પડી. એ તો આસમાની આકાશમાં ચકરડાં લેતા એક વિમાન સામે જ અનીમેષ નજરે તાકતો આજનો પ્રસંગ વાગોળી રહ્યો હતો.

(સૂચિત) 'શેનિન'

રાયફલ લઇને હું આગળ ચાલ્યો. એક ઠેકાણે બે ગીધ એક શબ પર ઉજાણી કરતાં હતાં તે મને જોઇને નાઠાં. ધીરેધીરે પૂર્વ જાગૃત થઇ.



ચિત્રકાર
રવિશંકર પંડિત

શ્મશાનનાં શીંગડાં

શ્રીરામ શર્માની એક વધુ શિકારકથા

ખેતરમાં મારી ઝૂંપડીના ઓટલા ઉપર ખાટલામાં પડ્યોપડ્યો વાંચતો હતો. પાસે જ મોટાભાઈ ચા બનાવતા હતા. એટલામાં એક ચમાર આવીને થોડે દૂર ઊભો રહી બોલ્યો, 'પ્રણામ, પંડિતજી!'

મેં કહ્યું: 'ખુશ રહો. શું છે? કેમ કાંઈ ખેતરમાં પેઠું હતું, તે સવારમાં જ આવ્યો?'

ચમાર: 'ના પંડિતજી, ખેતરખેતરમાં તો કાંઈ નથી થયું. પરંતુ . . .'

'પરંતુ શું? બોલી નાખ.'

'બોલીશ તો મોટા પંડિતજી ખીજાશે.'

'પણ કહે તો ખરો, વાત શી છે?'

'આજે મેં એક મોટો મસ્ત કાળો હરણ જોયો છે.'

'બસ? આ જ વાત હતી ને? ક્યાં જોયો?'

'બેરિયાની પેલી પાર પેલું શ્મશાન છેને, ત્યાં એ રહે છે. આપના સોગંદ, પંડિતજી, એનાં શીંગડાં તો શું કહું? ગંગામાના સોગંદ, એવું લાગે છે કે જાણે માથા પર બે લાકડી ઊભી કરી દીધી છે! અને છે કાળો મસ્ત! પણ એમ સહેલાઈથી મરે એવો નથી.'

'આજે તો હવે ખૂબ વાર થઈ ગઈ છે. કાલે જોઈશું. તું એ તરફ બંદૂકનો અવાજ સાંભળીને ચાલ્યો આવજે. એવું ન થાય કે તારે ખાતર હું બેસી રહું.'

'હાય હાય, એવું તે કંઈ બને? અમારું તો કામ બની જશે. અમારાં ખેતરો ઉજ્જડ કરી નાખે છે. જો મરશે તો આવા દુકાળના સમયમાં છોકરાઓને બે ટંક ખાવાનું મળશે. ઠીક તો, જાઉં છું પ્રણામ.'

બીજે દિવસે સવારે ઊઠ્યો અને રાયફલ તથા છ સાત કારતુસ લઇને બેરિયા ગામ તરફ ચાલવા માંડ્યું. શિકારનો સમય પણ મોટે ભાગે સવાર અથવા તો સાંજ હોય છે. ચારપાંચ માઈલ જવાનું હતું. હરણ રાત્રે તો ખુલ્લા મેદાનમાં રહે છે. બેત્રણ સંત્રી ચોકી કરે છે અને ભયને વખતે સૌને ચેતવી દે છે. ટાઢના દિવસોમાં તડકો ચડ્યે ઝાકળ ઓગળી જાય ત્યાં સુધી તડકો લે છે અને પછી ચરવા માટે ખેતરોમાં ઘુસી જાય છે. બપોરને વખતે ટોળામાં અથવા બેચાર છૂટાં-છવાયાં મેદાનમાં આવી ચડે છે. સાંજે પાછાં ખેતર-માંથી બહાર નીકળી આવે છે. શ્મશાનવાળો હરણ વેળાસર બહાર નીકળી જશે એ ભયે મેં ઝડપભેર ચાલવા માંડ્યું.

શિકારખેલનમાં અનેક દોષ ભલે હોય, પણ લાભ પણ અનેક છે. 'કછુ તુંદ ઘટે, કછુ મેદ કટે' ઉપરાંત પ્રકૃતિનો આનંદ અને સૂર્યોદય પહેલાં ઊઠવાની મજા શિકારી જ માણે છે.

શિયાળો હતો. અરુણના ચોકીદારો પ્રભાતની આગમનની નેકી પોકારી રહ્યા હતા: 'કૂકડે કૂક, કૂક કૂક.' પ્રભાતનો આભાસ હતો. સવારે વહેલા ઊઠીને કોઇ કોઈ તળાવ ભણી નિત્યકર્મ માટે જતાં હતાં. હું પણ રાયફલ લઇને ચાલ્યો જતો હતો. આગળ જઇને એક ઠેકાણે જોયું તો બે ગીધ એક શબ

ઉજાણી કરતા હતા. મને જોઇને નાઠા. ધીરે ધીરે પૃથ્વી જાગૃત થઈ ગઈ.

એક ગામમાં થઇને નીકળ્યો, ત્યાં કેટલાક માણસોને તાપણીએ તાપતા જોયા. જાડી ચાદર ઓઢીને માથે એકાદ રૂમાલ કે કપડું લપેટીને બિચારા તાપતા હતા. કોઇ દેવતા ફૂંકતો હતો, તો કોઇ ચલમ પીતો હતો. મને ત્યાં થઇ જતાં જોઇને સૌએ કહ્યું, 'પંડિતજી, પાયલાગણા.' સૌને 'ખુશ રહો' કહીને આગળ જવા લાગ્યો, ત્યાં એક જણ બોલ્યો, 'આજે સવારના પહોરમાં ક્યાં નીકળ્યા?'

બીજાએ એની તરફ દાંત પીસીને ધીરેથી કહ્યું, 'શિકારીને ટોકાય નહિ.'

મેં કહ્યું, 'તમને ખબર પડતી નથી કે ક્યાં જાઉં છું?'

એક બુઢ્ઢાએ કહ્યું, 'પંડિતજી, એ હરણ મરે એવો નથી. દસવીસ વાર પીરોજાબાદના પારધીઓ હેરાન થઈ ચૂક્યા છે. એના ઉપર ખૂબ ગોળીઓ ચલાવી, પણ બધી ખાલી ગઇ. તે દિવસે ડેપ્યુટી સાહેબ પણ હેરાન હેરાન થઈ ગયા, પણ એ હરણ હાથ ન આવ્યો. એ તો સ્મશાનનો હરણ છે. સો ગોળીએ પણ મરશે નહિ.'

મેં કહ્યું, 'ન મરે તો કંઇ નહિ. જોઇશું તો ખરા!'

મારો જવાબ સાંભળી એ લોકોએ પ્રણામ કર્યા. આશીર્વાદ આપી હું ચાલતો થયો. ચાલતાં ચાલતાં મારા કાનમાં અવાજ પડ્યો, 'જોયા, પંડિતજી કેટલા સીધા છે? ગામડિયા સાથે ગામડિયા બની જાય છે. અને પેલો આપણો તિરવેણી જરા જેટલું ભણ્યો તેમાં તો બગડી ગયો છે અને મુગલી અને ફારસી બોલે છે.'


મારી પાછળ મારી શક્તિની સમાલોચનાના તળાવમાં એમણે કેટલી યે ડુબકીઓ લગાવી હશે.

હું વિચાર કરતો જતો હતો કે જો હરણ નહિ મરે તો ખૂરી વલે થશે. ચારપાંચ વાર હું પણ પ્રયત્ન કરી ચૂક્યો હતો, પણ મારા ફાયરની લોકોને ખબર નહોતી. એ વાત મેં ચમારને પણ કહી નહોતી. પણ હું મારી નિષ્ફળતાનું કારણ જાણતો હતો. બંદૂકની ગોળી પર મંત્રજંત્ર નથી ચાલતા. ભગવાન કૃષ્ણના પગમાં તીર આખરે વાગ્યું જ. પછી રાયફલની ગોળીને કોણ રોકી શકે? જો નિશાન સાચું હોય તો ગોળી શા માટે ન વાગે? પહેલાં ફાયર નિષ્ફળ નીવડ્યા હતા તેનું કારણ એ હતું કે બે વાર તો તે નાસતા હરણ પર કર્યા હતા. અને બે વાર ફાયર કરતી વખતે થાકને કારણે હાથ હાલી ગયો હતો પણ આજે તો વિશ્વાસ હતો કે એવો નિષ્ફળ ફાયર જ નહિ થાય; અને થશે તો ખૂબ સાવધાનીપૂર્વક.

બસ, આ જ વિચારમાં ને વિચારમાં સ્મશાન નજીક આવી ગયું. નિર્દિષ્ટ સ્થાન હજી ચારેક ફર્લાંગ દૂર હશે એવો ખ્યાલ કરીને હું રોકાયો અને વિચાર કરવા લાગ્યો કે કઈ બાજુથી જાઉં તો હરણ મને જોઈ ન શકે અને હું નિશાન બર આવે એટલે દૂર પહોંચી જાઉં? સ્મશાનમાં પૂર્વ તરફથી જવાનો નિશ્ચય કર્યો. હરણ ઘણુંખરૂં પશ્ચિમ તરફ રહેતો હતો; કારણ, પૂર્વ બાજુ તો ખેતરો હતાં, જ્યાંથી છુપાઇને એના ઉપર ગોળી ચલાવી શકાય તેમ હતું; પશ્ચિમ તરફ ખુલ્લું મેદાન હતું એટલે ત્યાંથી ગોળી ચલાવવી મુશ્કેલ હતી.

બેસી બેસીને, એક એક પગલું ખૂબ સંભાળીને મૂકતો હું આગળ વધ્યો. ઝાકળ પડ્યું હતું એટલે ચીકણી માટીથી જોડા લથપથ થઈ ગયા. ધીરે ધીરે ઘઉંના ખેતરની આડમાં છુપાતો—લપાતો, હરણ રહેતો હતો ત્યાંથી લગભગ ચારસો ગજ દૂર આવી પહોંચ્યો. ચારસો ગજથી હું કદી ગોળી નથી મારતો. પણ જો એ અંતર કાપવા જાઉં તો હરણની દૃષ્ટિ પડવાનો ભય હતો. મારી ઇચ્છા હતી કે ત્રણસો ગજથી ગોળી મારવાની તક મળે તો સુંદર. પણ એટલું પાસે જવું એનો અર્થ એવો હતો કે હરણને નસાડી દેવો. એટલે, પહેલા તો ત્યાં બેસીને જરા શ્વાસ લીધો. પછી ઘઉંના છોડવાની એક કરાડમાંથી એ બાજુ નજર નાખી ત્યાં તે સામે એકાંતવાસી, પીડિત, વિરક્ત, હરિણીઓથી ઉપેક્ષિત અને બહિષ્કૃત એ જ કાળો હરણ ઊભો હતો.

અપૂર્વ દૃશ્ય હતું. સૂર્યનાં તાજાં અને સુખદ કિરણો એના ચહેરા પર પ્રસરીને નીચે સરતાં હતાં. એ પૂર્વ ભણી મોઢું કરીને ઊભો હતો. કિરણો એના આખા શરીરપર પડતાં નહોતાં, એટલે એનું કાળું શરીર વધારે કાળું લાગતું હતું. એ નિઃસ્તબ્ધ ઊભો હતો. કદાચિત્ તડકો માણતો હશે. ક્યારેક એક એક કાન હલાવતોઃ પ્રાતઃકાલ હોવાથી માખીઓ નાક અથવા કાન પર બેસતી હશે. ક્યારેક એકાદ પગ પણ હલાવતો. એક વાર એણે પોતાનો પુઠો ખંજવાળ્યો. પેટને ખાતર એ તરતમાં જ ત્યાંથી જવાનો હતો.


ગોળી ફૂટી. ચારે દિશાઓ ધ્રુજી ઊઠી. આસપાસનાં હરણોનાં ટોળાં કંપી ઊઠયાં. કાળો હરણ ઉછળ્યો

એનું મોઢું મારી તરફ નહોતું. હું એના સીના પર નિશાન લેવા કરતો હતો. ગજબનું દૃશ્ય હતું. એક તપસ્વીની જેમ એ એકલો ઊભો હતો. એના ભાઈઓએ નવીજવાનીના ઉમંગ અને મસ્તીમાં આવી જઈને એને ઝુંડના નેતૃત્વમાંથી ભ્રષ્ટ કર્યો હતો; એટલું જ નહિ, પણ એનાં શીંગડાંના મારથી કંટાળીને એના પ્રણયમાં પણ અનેક બાધાઓ નાખીને એને હેરાન હેરાન કરી નાખ્યો હતો. પોતાની ઊતરતી જુવાનીમાં જ્યારે એને બીજા મસ્ત, સુંદર જુવાન હરણોની હરીફાઇ કરવી પડી ત્યારે આખરે એને પોતાનું નેતાપદ છોડવું પડ્યું. એના પગ હવે એટલા બળવાન નહોતા જે જુવાનીનો સામનો ખમી શકે. હવે શીંગડાંમાં એટલી તાકાત નહોતી કે જુવાની પણ ધ્રૂજે. હવે તો હરણીઓ પણ તેની પાસે ન આવતી. ગરદન ઊંચી કરીને, કાન ફફડાવીને, મસ્ત ચાલ ચાલીને હવે એ હરણીઓને રીઝવી શકે એમ નહોતું.

આખરે પરાજિત થઇને એણે પોતાનું ઝુંડ છોડીને સ્મશાનનું શરણ લીધું હતું. ત્યાં ઊભો રહીને એ પોતાની વીતેલી જિંદગીનું સિંહાવલોકન કરી રહ્યો હતો. જ્યારે જન્મ્યો હશે ત્યારે એની માતાએ કેટલા પ્રેમથી ચાટીચાટીને એને દૂધ પીવડાવ્યું હશે? કૂતરા અને વરૂથી બચાવવામાં એને કેટલી મુશ્કેલી પડી હશે? જુવાનીની વસંતમાં એણે એક મોટા ઝુંડના નેતા—સ્વામી બનીને કેટલાં ય સુખ ભોગવ્યાં હશે! હા, અત્યારે એ પોતાની વિવશતા બરાબર સમજતો હતો.

એ સ્મશાનમાં બીજાં હરણો નહોતાં આવતાં, એટલે આ કાળિયાર માટે તો એ ઋષ્યમૂક પર્વત સમાન હતું. અને ખરી રીતે બીજાં હરણોને માટે ત્યાં કંઇ આકર્ષણ પણ નહોતું. ઝુંડના પ્રણયવિહારો ત્યાં અશક્ય હતા.

એટલે ત્યાં એ એકલો જ રહેતો. આખો દિવસ સાવધાન રહીને એ માઈલના વિસ્તારમાં ખેતરોમાં જઇને ચરી આવતો. સાંજે અંધારામાં પાછો ફરતો. રાત આખી વિશ્રાંતિ લઇને પાછો સવારે ચાલી નીકળતો. સાવધાન એ એટલો બધો હતો કે માણસનું મોઢું જોઇને નાસી જતોઃ પછી ભલેને એ માણસ શિકારી હોય કે ભિખારી, કિસાન હોય કે મજુર. શિકારીને હાથ એ ચડતો જ નહિ.

એની ચામડી કરતાં યે એનાં શીંગડાં અદ્‌ભુત હતાં. એવાં લાંબાં સુંદર શીંગડાં મેં જિંદગીમાં કદી જોયાં નથી. હજારો મલ્લયુદ્ધોમાં એણે પોતાના શત્રુઓને હરાવ્યા હતા. એનાં શીંગડાંના સૌન્દર્ય પર તો હરિણીઓ મુગ્ધ થઇને વારી જતી. હું પણ એ જ શીંગડાંની લાલચથી આવ્યો હતો. રાયફલ ભરેલી હતી. ચારસો ગજનું નિશાન તાકયું. હરણ અચલ, એ જ અવસ્થામાં ઊભો હતો. હું થોડો દબાવું ત્યાં તો પાસેના ખેતરમાંથી એક લોંકડી ખોંખોં કરતી નીકળી. પણ એ એના અવાજથી પરિચિત હતો. નર લોંકડી માદાને બોલાવતી હતી. ડીસેમ્બર–જાન્યુઆરીનો સમય એ એમના દામ્પત્યસુખનો સમય હોય છે.

લોંકડીએ જેવો મને જોયો તેવી જ પૂછડી દબાવીને શ્મશાન ભણી નાઠી. હરણે સાવધાન થઇને છલંગ મારી અને જે બાજુથી લોંકડી નાઠી હતી તે તરફ ઊભો રહી જોવા લાગ્યો.

ગોળી છૂટી. ચારે દિશાઓ ધ્રૂજી ઊઠી. આસપાસનાં હરણોનાં ઝુંડ કંપી ઊઠયાં. કાળો હરણ ઉછળ્યો. લોહીના ફુવારા ઊડયા. પડીને એકવાર મૃત્યુચીસ નાખીને પગ પછાડતો તે પોતાના માથાને ધુણાવી રહ્યો હતો. ગોળી વાગી હતી, પણ સીના પર નહિ—પેટથી જરા નીચે. એટલે જ આટલી ગભરામણ હતી. હું ગોળી છોડીને ઊભો થયો અને ત્યાં જોવા લાગ્યો. પરંતુ ત્યાં મારા નિશાનને જોનાર પ્રકૃતિનાં મૂગાં દશ્યો સિવાય બીજું કોઇ નહોતું. હું હરણની પાસે પહોંચ્યો ત્યારે તો એનાં શીંગડાં વધારે મોટાં લાગ્યાં. લગભગ છવીસ ઈંચ હતાં.

હું ત્યાં પહોંચ્યો ને હરણ એકદમ ચોંકીને ઊઠ્યો અને નાઠો. મારા આશ્ચર્યની સીમા ન રહી. મરતો હરણ ઊઠીને નાઠો! કેટલું લોહી પડયું હતું! પણ આશ્ચર્યની વાત નહોતી. ગોળી આંતરડાંમાં વાગી હતી. આખું પેટ ચીરાઇ ગયું હતું. અકસ્માત તેને મૂર્છા આવી ને તે ઢળી પડ્યો. હું ન આવત તો તો એ ત્યાં ને ત્યાં મરી જાત. પણ હું આવ્યો એટલે એણે મૃત્યુની છેલ્લી ઘડીએ, હતી એટલી જીવનશક્તિ એકત્ર કરીને નાસવા માંડ્યું. મેં પીછો પકડ્યો. જલદી તો એનાથી દોડાતું નહોતું. આગળ ચાલતો હતો અને પાછો વળીને મારા તરફ કાતિલ દૃષ્ટિએ જોતો હતો. આંતરડાં પેટની બહાર લટકતાં હતાં. મારાથી આ દશ્ય ન દેખી શકાયું. જો કોઇને મારવો હોય તો એકદમ મારવો જોઈએ. ધીરે ધીરે રીબાવીને મારવો એ ભયંકર છે. તરત જ બીજી ગોળી છોડી અને એ ધબાંક દઇને ઢળી પડ્યો.

ચમાર ચામડું ઉતારતો હતો, ઉપર ગીધ રાહ જોતાં હતાં. અમે નીકળ્યાં ત્યાં તો એ તૂટી પડ્યાં.

ચામડું અને શીંગડાં ઊચકાવીને હું ગામ ભણી ચાલ્યો. મેં એ રંગાવવા માટે દહેરાદૂન મોકલ્યાં, અને તૈયાર થઇને આવ્યાં પણ ખરાં. શીંગડાં ખૂબ સુંદર હતાં; પણ મને એ શીંગડાં જોઇને એ હરણની મૃત્યુઘડી, એ કરુણ ચીસ અને ભયભીત દષ્ટિ સાંભરતાં. મારી પાસે એ શીંગડાં રાખવાં મુશ્કેલ કામ હતું; એટલે એ ચામડું અને શીંગડાં બંને મેં મારા એક અમેરિકન મિત્રને ભેટ કરી દીધાં.

અમેરિકામાં એ શીંગડાં દીવાલ પર બેસીને હજી ય મને એ હરણનું સ્મરણ કરાવે છે અને કદાચિત્ મારા મર્યા પછી— આ શરીરનાં પંચતત્ત્વો એ હરણનાં પંચતત્ત્વોની જેમ પરમાણુઓ સાથે મળી જશે ત્યારે —એ શ્મશાનનાં શીંગડાં મારી એ નિર્દય હત્યાનું મૂક સ્મારક બની રહેશે.

શ્રીરામ શર્માના હિંદી ઉપરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**

મેંદીનાં પાન

શ્રમ કરનારાઓને થોડી ફુરસદ અપાય ને ફુરસદવાળાઓને થોડા શ્રમમાં જોડાવાય તો દુનિયાની ઘણી ફરિયાદો દૂર થાય.

જેણે પોતાની જાતમાંથી સંતોષ નથી મેળવ્યો તે કોઇને સંતોષ નથી આપી શકતો.



સરસ્વતીને

ઓઢી આષાઢનાં આભલાં
જંપી જગની જંજાળ,
જાગે એકલ મારી ઝંખના
મધરાતને કાળ:
દેવી આવોને મારી દેરીએ.

કાળી નિશા કેવળ કમકમે
નથી કંપતા વાય,
પગલાં તમારાં પોકારતી
પાંપણ ઉઘડે બીડાય.—દેવી૦

પ્રેમે પખાળું પાવન પાવલાં
રેલી નયણાંની ધાર,
સમાધિનાં છે સિંહાસનો,
મેલ્યા મંથનથાળ.—દેવી૦

વાધીવાધીને વેદ જ વલવલે,
ઊડે કંઠમાં આગ,
રમતાં આપો હો ઋતંભરા!
મારી રટણાને રાગ.—દેવી૦

કલ્પનાનો છૂટો કનકવો
ઢૂંઢે વ્યોમની કોર,
આવો અંબા એને બાંધવા
દિવ્ય દૃષ્ટિના દોર.—દેવી૦

ધૂણી ધખે મારા ધૈર્યની,
જલતું જીવનકાષ્ટ,
આભની પારનાં આભલાં
જોવા આપો પ્રકાશ.—દેવી૦

પોકારતા કોટિ કોશથી
બળતા ધરતીના બાગ,
કલ્યાણી, આપો કેડી બની
ઝૂરતા ઝરણાને માગ.—દેવી૦

રમણિક અરાલવાળા

ઉદ્બોધન

· પૃથ્વી ·

અખૂટ ધન છે સમીપ તવ જો જુએ ધૈર્યથી,
અસીમ તવ છે સીમા સ્થૂળ પછાડી છૂપાવતી,
અનંત તવ શક્તિ છે અખિલ વિશ્વ ડોલાવતી;
જરા નિજ મહીં તપાસ, ઊઠ, જાગ, હે માનવી!

જયંતીલાલ આચાર્ય

ઓછું પાત્ર!

· પૃથ્વી ·

અહમ્ નવ ધર્યો કદિ ધરણીધારી શેષે મહા,
પરંતુ વિષબિન્દુએ ગરવ પુચ્છ વીંછી ધરે!

ઠાકોર ચોકશી

આ નીચેનાં બે કાવ્યો એક જ વિષયને જુદીજુદી રીતે પ્રબોધે છે. તમારી પસંદગી કઈ છે?

દુ:ખનો સૂર

· મિશ્ર ·

દુ:ખેભર્યું જીવન, તે મહીંથી
બચાવીને કો ક્ષણ માનવી રમે
આનન્દમાં, ભૂલી સમગ્ર દુ:ખને;
તે ક્ષુદ્રતા, માનવી ભીરુતા ગણું.

જો દુ:ખનો સૂર પ્રધાન જીવને
એ સૂરને કાં બદલાવવો નહિ?
અને મહામૃત્યુ અનન્તતામાં
કાં ગૌરવે તે ય શમાવવો નહિ?

ભાનુ

સુધીરને

· પૃથ્વી ·

સુભવ્ય નીલકંઠના અમર ઘોર ત્રિલોચને
સૂતી અનલ ઝાળ શાં ભડભડાટ વહ્નિ બળે
નીલામ્બર સજેલ સાગર તલે ય ઊંડાણમાં:
કરે ન ગણના;
લસંત લહરો ઉરે વારિની
સુમંદ કરી નર્તનો અનિલ સંગમાં ખેલતી:
સુધીર! હૃદયે ધગંત દુ:ખતાપને ના ગણી,
સુરેખ ધરી સૌમ્ય કાન્તિ વદને અગી ઢાળ તું!

માણેકલાલ શુકલ

વય અને સિદ્ધિ

કોઇ પણ માણસના વયમાં એવો કોઇ ચોક્કસ ગાળો આંકેલો નથી હોતો કે જે વખતે જ એને સિદ્ધિ વરે. આ સાથેના દષ્ટાંતો બતાવશે કે પ્રતિભા અને પુરુષાર્થ જીવનમાં ગમે તે વયે સિદ્ધિ મેળવી શકે છે,—૧૯મે વર્ષે કે છેક ૯૮મે.



શિવાજીએ સોળમે વર્ષે તોરણાનો કિલ્લો સર કરી ભગવો ઝંડો ક્યાં નહોતો ફરકાવ્યો ?....



...અને મહારાણી લક્ષ્મીબાઇએ ૨૨ વર્ષની કુમળી વયે જ ૧૮૫૭નો સ્વાતંત્ર્ય જંગ ખેડેલો


આપણામાં એક એવી માન્યતા જડ કરી બેઠી છે કે પરાક્રમ સિદ્ધિ કે મોટાંકામ અમુક વયમાં જ થઇ શકે, અમુક ઉંમર પહેલાં—નાનપણમાં કે અમુક વયે પહોંચ્યા પછી વૃદ્ધાવસ્થાએ સ્ત્રી કે પુરુષ કોઇ મહાન સિદ્ધિ મેળવવા માટે અશક્ત હોય છે. એવી એ ઢીલાશભરી વહેમી મનોદશા આપણી થઇ ગઇ હોય છે. એ વહેમનું દલીલો આપી ખંડન કરવા કરતાં જગતભરની વિભૂતિઓની અહીં હકીકતો જ રજૂ કરેલી છે, જે એનો જાતે જ જવાબ આપી રહેશે.

સાધારણ રીતે, વીસ પહેલાનું કુમાર વય, કોઇ પણ પ્રતિભાશાળી કહી શકાય એવું કાર્ય કરવાને યોગ્ય નથી ગણાતું. પણ પુરાણકાળના આપણા અભિમન્યુ ને બભ્રુવાહન તથા મધ્ય યુગના બાદલ ને શીખ ગુરુ ગોવિંદસિંહની પુત્રજોડીએ ધર્મ કે દેશ ખાતર ફના થતાં ક્યારે દોઢ દાયકો પણ પૂરો કર્યો હતો ? શિવાજીએ પણ દાદા કોંડદેવની પ્રેરણાથી સોળ વર્ષની વયે જ ભગવો ઝંડો ફરકાવ્યો હતો. વળી જોન ઑવ આર્કે ઇ. ૧૪૨૯માં ચાર્લ્સને ફ્રાન્સનો રાજા બનાવ્યો ત્યારે તે ૧૭ જ વર્ષની હતી. આપણા દેશની ગણિતજ્ઞ લીલાવતી ને મિસરની તત્ત્વજ્ઞ હાઇપેશ્યા પણ એવી જ વિભૂતિઓ હતી. અને ઇ. પૂ. ૩૩૮માં શેરોનિયાનું યુદ્ધ જીતેલો સત્તર વર્ષનો સિકંદર તો નાની વયના એ વહેમસામે સચોટ પડકાર સમો ઊભો રહે છે.

બાહુબળની પેઠે મગજશક્તિ માટે પણ નાની વય બાધકર્તા હોવાની ખાલી ગપ જ છે. આપણાં

એવા જ બીજા ઊગતી વયમાં સિદ્ધિ મેળવનારાઓના દષ્ટાંતો આ રહ્યા: બેકને ૧૫મે વર્ષે તો એના મુખ્ય ગ્રંથ 'નોવમ ઑર્ગેનમ'ની મુખ્ય રેખા લખી કાઢેલી. જોન ઑફ આર્કે અને સિકંદરે ૧૭મે વર્ષે જ સિદ્ધિ મેળવેલી. ન્યૂટને ૨૩મે વર્ષે ભૌતિક અને ખગોળશાસ્ત્રનો પાયો નાખનારી શોધ કરી; અને માર્કોનીએ એજ ઉંમરે વાયરલેસ શોધ્યો.





૨૩ અને ૩૦ વર્ષ વચ્ચેની ઊગતી જુવાનીમાં તો આ પાંચ નામાંકિત નરોએ પોતાની જીવનસિદ્ધિ જગતને ચોપડે અંકિત કરી હતી. ડાબી બાજુથીઃ કવિ કીટ્સ (૨૩), કર્નલ લિંડબર્ગ (૨૫), ચાર્લ્સ ડિકન્સ (૨૫), સંગીતજ્ઞ મોઝાર્ટ (૨૬), કર્નલ સ્ટૅન્લી (૩૦).

પ્રખ્યાત નાટ્યકાર હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયે એનું પ્રખ્યાત નાટક 'અબુ હસન' ચૌદ વર્ષની વયે જ પૂરું કરેલું ને પંદર વર્ષે એણે લખેલી કવિતાઓ પર તો રવીન્દ્રનાથ ટાગોર સુદ્ધાં મુગ્ધ બની ગએલા. ફ્રાન્સિસ બેકને તેના મુખ્ય ગ્રંથ 'નોવમ ઑર્ગેનમ'ની સંપૂર્ણ રૂપરેખા પણ પંદરમે વર્ષે લખી કાઢેલી ને પોતાનાં કાવ્યોથી અંગ્રેજી કાવ્યસાહિત્યમાં નામ રાખી જનાર બંગ કવયિત્રી તરુ દત્તે પણ અઢાર વર્ષ પહેલાંની વયે જ એ સિદ્ધિ મેળવેલી.

હવે માનવજીવનનો ત્રીજો દસકો લઇએ, તો ૨૩ જ વર્ષની વયે માર્કોનીએ 'વાયરલેસ ટ્રાન્સમીટર'ની જગતને ભેટ આપી, એટલી જ વયે ન્યૂટને 'બાયનોમિયલ થીઅરમ' શોધી ભૌતિક અને ખગોળશાસ્ત્રનો પાયો નાખ્યો ને જોન કીટ્સે પણ પોતાનાં ઘણાંખરાં અમર ગેય કાવ્યો એ જ વયે લખેલાં. વળી એ વયમર્યાદાથી યે એક વર્ષ ઓછી–૨૨ વર્ષના વયે જ



ઓગણચાળીસમે વર્ષે — આમુંડસેન, કલીઓપેટ્રા, મુસોલિની

એકતાળીસમે વર્ષે — દાન્તી, કોલમ્બસ, નેપોલીઅન



બેતાળીસમે વર્ષે — આઇન્સ્ટાઇન, નેલ્સન, મિલ્ટન

છેતાળીસમે વર્ષે — હેલન, બેન્જામિન ફ્રૅંકલિન, લીઓનાર્ડો દ વિન્સી



જીવનની અરધી સદી વીત્યા પછીની 'વન'ની વય પણ માણસના સિદ્ધિમાર્ગમાં રોધક નથી, એ આ ઉદાહરણો બતાવશે; ડાબી બાજુથી: ડાર્વિને ૫૦ની વયે, ક્ષ કિરણોના શોધક રૅાન્જને પણ એ જ ઉમરે, ડૉન કિવક્ઝૉટના લેખક સર્વાન્ટિસે ૫૬ની વયે, રૅાબિન્સન ક્રુઝો રચનાર ડીફોએ ૫૮ની ઉમરે અને જગવિખ્યાત 'ગુલીવરની મુસાફરી'ના લેખક સ્વિફ્ટે ઓગણસાઠમે વર્ષે પોતાની પ્રતિભા ઝળકાવી હતી.

મહારાણી લક્ષ્મીબાઇએ ૧૮૫૭નો સ્વાતંત્ર્ય જંગ ખેડ્યો હતો.

આટ્લાંટિક મહાસાગરની પાર એકલપંડે ઊડી, ખંડે ખંડ વચ્ચેના વ્યવહારને અવકાશ આપનાર કર્નલ લિંડબર્ગ અમેરિકાથી યુરોપ જવા ઊપડ્યો ત્યારે માત્ર ૨૫ વર્ષનો તરુણ હતો. એટલી જ વયે ચાર્લ્સ ડીકન્સે અંગ્રેજ સ્ત્રીપુરુષોને પેટીઓ સુધી હસાવનાર 'પિકવિક પેપર્સ' બહાર પાડેલું ને એટલી જ વયે શ્યામજી કૃષ્ણવર્માએ યુરોપમાં બેઠેબેઠે ભારતીય વિપ્લવનો પહેલો ઘાવ ફૂંક્યો હતો. 'ઇલોપમેન્ટ ફ્રૉમ ધી સીરાલિયો'નો મશહૂર ઑપેરા સર્જનાર મોઝાર્ટે એથી ૧ વર્ષની વધુ વયે એ સર્જેલું, ને એટલી જ આયુમર્યાદામાં જીવી ગએલા 'કલાપી' તો ગુજરાતી સાહિત્યમાં પોતાનું નામ ચિરંજીવ મૂકી ગયા છે. 'Dr. Livingstone, I presume . . .'એ અમર શબ્દો ઉચ્ચારતી વખતે સાહસખેડુ સ્ટૅન્લીએ પણ હજુ ૩૦ વર્ષ નહોતાં વટાવ્યાં.

માણસની વયના ચાળીસ લગભગના ગાળાને સાધારણ રીતે આપણે માનવસિદ્ધિની મર્યાદા સમો જ માની બેઠા છીએ, પરંતુ જગતની કેટલી પ્રતિભાઓને એ વયે જ પ્રકાશમાં આણેલી છે. દાન્તીએ એનું 'ડીવાઇન કૉમેડી' ૪૧મે વર્ષે લખ્યું. એટલી જ વયે કોલંબસે અમેરિકા જેવો આખો ખંડ શોધી કાઢ્યો. ને એટલી વયે જ નેપોલિયન બોનાપાર્ટે રોમ, હૉલૅંડ, હામ્બુર્ગ અને લુબેક ખાલસા કરેલાં. એથી યે બે વર્ષની નાની વયે આમુનસેને દખ્ખણ ધ્રુવ શોધેલો. મિસરની પ્રખ્યાત મહારાણી ક્લીઓપેટ્રાએ પણ એ જ વયે રોમના માર્ક ઍન્ટની પર પ્રભુત્વ મેળવેલું ને ઇટલીનો આજનો ફાશિષ્ટ નેતા મુસોલિની પણ એ જ વયે વિજયશ્રી વરેલો. નેલ્સને અબુકિરનું યુદ્ધ ચાળીસમે વર્ષે જીતેલું, એટલી જ વયે મિલ્ટને એનું 'પૅરૅડાઇઝ લૉસ્ટ' લખેલું ને એટલી જ વયે જર્મન વિજ્ઞાની આઇન્સ્ટાઇને એનો સાપેક્ષવાદનો પ્રખ્યાત સિદ્ધાંત જગત સમક્ષ મૂકી, ભૌતિકશાસ્ત્રમાં

આથમતો જીવનકાળ પણ સિદ્ધિમાં કશી અટકાયત કરતો નથી એ નીચેનાં ઉદાહરણો કહેશે. ડાબી બાજુએથી: વેરડીએ ૭૧ની વયે ઓથેલો સંગીતબદ્ધ કર્યું, ટિન્ટોરેટોએ ૭૨મે વર્ષે ઉત્તમ ચિત્રો આલેખ્યાં, બ્લ્યુચરે વૉટર્લૂમાં ૭૩મે વર્ષે પ્રુશીઅનોને મોખરે રહી વિજય મેળવ્યો, ગ્લૅડસ્ટન ૮૩મે વર્ષે ચોથી વાર ઇંગ્લંડનો મુખ્ય પ્રધાન બન્યો, કવિ ટૅનિસને એનાં ઘણાંખરાં સંગીત કાવ્યો પણ એ જ ઉમરે લખ્યાં, અને છેલ્લે, ચિત્રકાર ટિશ્યાંએ એનું 'લેપાન્ટોના યુદ્ધ'નું વિખ્યાત ચિત્ર ૯૮ની ઉમરે આલેખ્યું



હલમચલ મચાવી દીધેલી. ડાર્વિને તેનું 'ઑરિજિન ઑવ સ્પીસીઝ' તો જિંદગીનો અરધો શતક વીતાવ્યા બાદ જ બહાર પાડેલું.

ને અરધા શતકની—પચાસ વરસની જિંદગી બાદ નામ મૂકી જનારા પણ ઓછા નથી. એકસરેની શોધ રૉંજનને ૫૦ વર્ષની વયે જ હાથ લાગેલી. સર્વાન્ટીસે 'ડૉન ક્વીક્ઝોટ' ૫૬ની વયે લખ્યું. કિશોર-સાહિત્યમાં અમર 'ક્રૂઝો' ડૅનિયલ ડીફોએ ૫૮ની વયે, અને ગુલિવર્સ ટ્રાવેલ્સ' જોનાથન સ્વિફ્ટે ૫૯ની વયે લખેલાં પણ એથી યે સચોટ ઉદાહરણ તો મહાત્મા ગાંધીજીનું છે, જેમણે ૬૧મે વર્ષે ભારતસ્વાતંત્ર્ય અર્થે દાંડીની કૂચ આરંભેલી.

પાશ્ચાત્ય દેશોમાં 'ઓથેલો' એ ઓપેરા સંગીત-સાહિત્યની અમરકૃતિ ગણાય છે. એના રચયિતા ઇટાલિયન સંગીતકાર જિસેપ વેર્ડીએ પોતાની ૭૨ની વયે તે રચેલું. આપણા વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઈએ કચ્છના વનસ્પતિશાસ્ત્રનું પુસ્તક લખવાની સામગ્રી માટે જર્જરિત દેહે ઊંટ પર આખું કચ્છ ફરી વળી, ૭૦ની વયે તે બહાર પડ્યું હતું. વેનેશિયન ચિત્રકાર ટિન્ટોરેટોએ પોતાનાં ઘણાંખરાં નામીચાં ચિત્રો ૭૨ની વયે જ ચીતરેલાં ને વૉટર્લૂના પ્રખ્યાત વિજેતા પ્રુશિયન સેનાપતિ બ્લ્યુચરે પોતાની ૭૩ની વયે એ યુદ્ધ ખેડેલું.

વયના કશા બાધ સિવાય મહાસિદ્ધિ વરવાનો ખરેખરો આંક તો કદાચ ટિશ્યાં નામનો મહાન ચિતારો તોડે છે, જેણે પોતાનું 'લેપાન્ટોનું યુદ્ધ' નામનું વિખ્યાત ચિત્ર ૯૮ની વયે ચીતરેલું.

આ નક્કર સાબિતીઓ બતાવી આપે છે કે માણસની વયનો એવો કોઈ જ ગાળો નથી, જે સિદ્ધિપ્રાપ્તિ માટે અયોગ્ય ગણાય. તો પછી વય સાથે સિદ્ધિના સંબંધનું તૂત આપણે ક્યાં સુધી ચલાવ્યા કરીશું?

સંસારના આપણી નજરે સમાચાર

વિજાપુર તાલુકામાં સાબરમતીના કિનારે આવેલા મહુડી ગામના કોટયર્કશ્રીના જૂના મંદિરના ભોંયતળિયામાંથી ખોદકામ કરતાં પંચધાતુઓની સુંદર નકશીદાર મૂર્તિઓ મળી આવી છે. વડોદરા રાજ્યના શોધખોળ ખાતાના ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ આ મૂર્તિઓ જોઈ, તે બૌદ્ધ સંપ્રદાયની ઇ.સ. ૮ મા અગર ૯ મા સૈકાની હોવાનું જણાવ્યું છે. આ ઉપરથી ગુજરાતમાં બૌદ્ધ ધર્મના ઇતિહાસની વિગતો મળી આવવાનો સંભવ રહે છે.

હિંદુસ્તાની સંગીતવિદ્યાના નિપુણ સંગીતાચાર્ય શ્રી અબ્દુલ કરીમખાંનું મદ્રાસ મુકામે અવસાન થયું છે.

પાર્લામેન્ટમાં હિંદી પ્રશ્નો વિષયેની કામગીરી બદલ કર્નલ જોશુઆ વેજવૂડ બેનને બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયે 'પંડિત'ની પદવી આપી છે. આ પ્રમાણે 'પંડિત'ની પદવી મેળવનાર તેઓ પહેલા જ અંગ્રેજ છે.

એકલા હિંદના જ નહિ, પણ સારી દુનિયાના એક સમર્થ વિજ્ઞાની, કેસ્કોગ્રાફના શોધક અને વનસ્પતિસૃષ્ટિમાં યે સ્નાયવિક પ્રક્રિયા અને હૃદયસ્પંદન હોવાનું અખતરાથી સાબિત કરી આપનાર શ્રી જગદીશચંદ્ર બોઝનું તા. ૨૩મીના રોજ અવસાન થયું છે.

હિંદી સરકાર તરફથી થોડા વખતમાં કરાચી ખાતે એક નાવિકશાળા ખોલવામાં આવશે. તેનું નામ 'મૅનોરા ડેપો' રાખવાનું નક્કી થયું છે ને તેમાં ૨૫૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.

સાહિત્ય માટેનું ૮૦૦૦ પૌંડનું નોબેલ પારિતોષિક આ વર્ષે ફ્રેંચ લેખક મોં. માર્ટિન દુ ગાર્ડને આપવામાં આવ્યું છે.

બ્રિટનના માજી વડા પ્રધાન જેમ્સ રામ્સે મૅકડોનાલ્ડ હવાફેર માટે દક્ષિણ અમેરિકા જઈ રહ્યા હતા ત્યાં માર્ગમાં સ્ટીમરમાં જ તા. ૯મીની રાતે તેમનું અવસાન થયું છે.

ગુજરાતી રંગભૂમિના આદ્ય જનક સ્વ. દી.બ. રણછોડભાઈ ઉદયરામના સ્મરણમાં, ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી આવતી તા. ૪થી અને ૫મી ડિસેમ્બરના રોજ એક રંગભૂમિ પરિષદ ભરવાનું નક્કી થયું છે. પરિષદની કાર્યરેખા સૂચવતા મુદ્દા અને કાર્યક્રમ અંગેની પત્રિકા શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી, મંત્રી ગૂજરાત સાહિત્ય સભા, શાહીબાગ અમદાવાદ —એ સરનામેથી મળશે.

કરાચીમાં મળનાર આગામી સાહિત્ય સંમેલનના પ્રમુખ તરીકે શ્રી કનૈયાલાલ મુનશીની વરણી થઈ છે, જ્યારે વિજ્ઞાન-વિભાગના શ્રી કાન્તિલાલ છ પંડ્યા, સાહિત્યવિભાગના શ્રી રામનારાયણ પાઠક, સંગીતવિભાગના પંડિત ઓંકારનાથ, કેળવણીવિભાગના શ્રી નાનાભાઈ, ઇતિહાસવિભાગના શ્રી રત્નમણિરાવ, અર્થવિભાગના શ્રી નરહરિ પરીખ, પત્રકારત્વ-વિભાગના શ્રી ઝવેરચંદ મેઘાણી, પુસ્તકાલયવિભાગના શ્રી મોતીભાઈ અમીન અને તત્ત્વજ્ઞાનવિભાગના શ્રી કિશોરલાલ મશરૂવાળા પ્રમુખ તરીકે ચુંટાયા છે.

મણિલાલ કોઠારી (અનુ. પાછળ પૃ.૫૪૪થી)

નક્કી કરેલી મુદત દરમિયાન પૂરા થઇ શકયા હોય તો તે મણિભાઇની આ અજબ શક્તિને જ આભારી છે. એ શક્તિએ જ એમને ગાંધીજી પાસેથી 'ભિક્ષુકરાજ'નું બિરૂદ મેળવાવ્યું હતું.

કાગામાં તેમણે ગુજરાત કાઠિયાવાડના કે અન્ય પ્રાંતોના ભેદ કરી જાણ્યા નથી. દેશના ખૂણેખૂણાની રાષ્ટ્રીય સંસ્થાઓ માટે તેમણે નાણાં મેળવી આપ્યાં છે.

રાજસ્થાની પ્રજાની તેમણે કરેલી સેવા પણ અજોડ છે. એ કાર્ય દરમિયાન દેશના અનેક રાજાઓ અને અધિકારીઓના પરિચયમાં આવવાનું થતું. અને તેમાં ગમે તેવા ચમરબંધને પણ સાચી હકીકત કહેવામાં તેઓ જરા યે પાછી પાની નહોતા કરતા. પોતાની વાત સાચી છે એમ દલીલોથી અને લાગણીભર્યા શબ્દોથી તે કબૂલાવતા.

સીમલામાં ૧૯૩૨માં પંજાબ રાજસ્થાની પ્રજા પરિષદ શ્રી ઠક્કરબાપાને પ્રમુખપદે મળવાની હતી. પરિષદ ભરાતી અટકે એ માટે વિરોધીઓ તરફથી ખૂબ પ્રયત્નો થએલા હતા. છેલ્લો પ્રયત્ન કરી જોવા સરકારી પોલીસ અધિકારી શાંતિનો ભંગ થાય છે એમ કહી પરિષદ વિખેરી નાખવા આવ્યા. મણિભાઇએ એ પોલીસ અમલદારને સાફસાફ વાતો કરીને જણાવી દીધું કે દારૂના નશામાં ચકચૂર થઇને આવેલા સરકારી અધિકારી પોતાના અધિકારનો દુરુપયોગ કરે છે અને તે સરકારી નિયમો મુજબ સજાને પાત્ર છે. પેલા પોલીસ અમલદારને વીલે મોઢે પાછા જવું પડ્યું; અને થોડા જ દિવસે દારૂના હદબહાર નશાને પરિણામે હૉસ્પિટલમાં તેનું અવસાન થયું. સરકારી યાદીમાં સરકારે કબૂલ કર્યું હતું કે મજકુર અમલદારે દારૂના નશામાં પોતાના અધિકારનો દુરુપયોગ કર્યો હતો.

નીમુચાણાના હત્યાકાંડ પછી તુરતમાં જ અલ્વરના મહારાજા વિલાયત જવાના હતા. એ પ્રસંગે તેમને વિદાયમાન આપવા મુંબાઇમાં મારવાડી વિદ્યાલયમાં કેટલાક અલ્વરવાસીઓએ નીમુચાણાનું કલંક ઝાંખું પાડી નાખવા જાહેરસભા ગોઠવી. સભાના સમય પહેલાં સંખ્યાબંધ લોકો સભાસ્થળે આવી ગયા અને અલ્વરનરેશ આવતાં 'શરમ, શરમ'ના પોકારોથી તેમનો સત્કાર થયો. સભાનું કામ શરૂ થતાં જ આખી સભા વિરોધસભામાં ફેરવાઈ ગઇ. મણિભાઇએ રાજાની હાજરીમાં જ અલ્વર સામેનું તહોમતનામું રજૂ કર્યું અને સત્કાર મેળવવા આવેલા મહારાજા ધુતકારાઇને પોલીસરક્ષણ નીચે મહામુસ્કેલીએ સભાસ્થાન છોડી શક્યા. નવાનગરના સ્વ. જામ સાહેબને 'આપ પ્રજાના સેવક છો, પ્રજાના માલિક નહિ' એવા સ્પષ્ટ શબ્દો પણ મણિભાઇ જ કહી શકે.

ભીલોમાં અહિંસાનો પેગામ પહોંચતો કરવામાં મણિભાઇનો મુખ્ય હાથ હતો. અસહકારના યુગ દરમિયાન આબુના પહાડોમાં રહેતા ભીલોમાં ભારે જાગૃતિ આવી હતી. મોતીલાલજી તેજાવત તેમના આગેવાન હતા. ગાંધીજીની સૂચનાથી મણિભાઇ ભીલોને અને તેમના આગેવાનોને મળવા ગયા. બે ભીલો તેમને ખભા ઉપર ઊંચકી તેમનાં છુપાં નિવાસસ્થાનમાં લઇ ગયા અને મોતીલાલજીનો ભેટો કરાવી દીધો. ભીલોને ગાંધીજીનો સત્ય અને અહિંસાનો સંદેશ પહોંચાડી, એટલી જ છુપી રીતે મોતીલાલજીને બહાર ગાંધીજી પાસે લઇ આવ્યા. એ વખતે ભીલોને ઝેર કરવા અને મોતીલાલજીને ગિરફતાર કરવા આસપાસનાં જુદાંજુદાં દેશી રાજ્યોની ફોજ સરકારી ફોજની મદદ લઇને આબુના ડુંગરાઓ ખુંદી વળી હતી.

રાજપુતાનાની પ્રજાની સેવા અર્થે તેમણે શ્રી પથિકજી અને અન્ય કાર્યકરો સાથે મળીને રાજસ્થાન સેવાસંઘની સ્થાપના કરી હતી. પાછળથી એ સંઘ છુટો પડી ગયો. પરંતુ તેના અવશેષરૂપે 'રાજસ્થાન' નામનું હિન્દી સાપ્તાહિક અજમેરથી હજુ પણ રાજસ્થાની પ્રજાની સેવા કરી રહ્યું છે.

મણિભાઇએ રેલવેના નોકરો માટે તેમજ ટપાલખાતાના નોકરો માટે પણ ખૂબ જહેમત ઉઠાવી હતી. બી. બી. સી. આઈ. રેલવે એમ્પ્લૉઇઝ એસોસીએશન અને ગુજરાત પોસ્ટમેન યુનિયનની સ્થાપના અને એની પ્રતિષ્ઠા મણિભાઇને જ આભારી છે.

મોટાભાઈની સેવા અને સ્વાર્પણની ભાવના મણિભાઇના સૌથી નાના ચીમનભાઈમાં પણ ઊતરી હતી. ૧૯૨૧ની સાલમાં ચીમનભાઇ ગામડાંઓમાં પૂણીઓ વહેંચવા વીરમગામ તાલુકામાં અને કાઠિયાવાડમાં ફરતા. ચીમનભાઇ માંદા માણસની માવજત ખૂબ પ્રેમથી કરતા. ક્ષયરોગનાં કારણો અને નિવારણનો અભ્યાસ કરતાં ઘણા ક્ષયરોગીઓની સેવાસુશ્રૂષા તેઓ કરતા.

તેમાંથી જ તેમને ક્ષયનો જીવલેણ વ્યાધિ લાગુ પડ્યો અને અનેક ઉપચારો કરવા છતાં આખરે પંચગનીમાં તેઓ અવસાન પામ્યા. પુત્રના અવસાન પછી એકાદ વર્ષે પિતા પણ ગયા.

વકીલાત છોડી ત્યારે આજીવિકાનું કાંઇ સાધન ન રહ્યું. પાસે કાંઇ મૂડી પણ એકઠી કરેલી નહોતી. અખબારોમાં લખવાનો જૂનો શોખ તાજો થયો. દેશનાં જુદાંજુદાં રાષ્ટ્રીય અખબારોમાં ખબરો તેમજ પત્રો મોકલતાં મળતા મહેનતાણામાંથી ઘરનું ખર્ચ નભ્યે જતું. રાષ્ટ્રીય છાપાંઓ આર્થિક મુશ્કેલીઓ કે બીજી કોઇ ખામીને કારણે કોઇવાર પૈસા ન મોકલી શકે તો મણિભાઇ કદી ઉઘરાણીનો કાગળ પણ ન લખતા.

આમ ઘણી વખત આર્થિક સંકડામણ આવતી અને તેને અંગે ઘર ચલાવવામાં ઘણી મુશ્કેલીઓ પડતી, છતાં મણિભાઇનાં પત્ની સ્વ. મણિબહેન વગર આનાકાનીએ આ બધું વેઠી લેતાં. કેટલીકવાર ઘરમાં કોઇ જરૂરી વસ્તુ વગર ચલાવી લેવું પડતું તેનું પણ લેશમાત્ર મનદુઃખ સેવ્યું નથી.

૧૯૩૦ના માર્ચની ૩૧મી તારીખે શ્રી મણિબહેનની ગંભીર બિમારીના ખબર અમદાવાદમાં મળતા તુરત જ સાંજે મણિભાઇ જોરાવરનગર દોડી આવ્યા. તેઓ આવ્યા ત્યારે મણિબહેન અર્ધભાનમાં હતાં. પતિના ત્યાગ અને આપભોગમાં સાથ આપનાર, તેનું જાહેર-જીવન યશસ્વી બનાવનાર, પતિની ઊણપો અને બે-દરકારીઓ નિભાવી લેનાર અને સદાય તેનું કલ્યાણ ઇચ્છનાર એ પત્ની તે જ રાતે દસેક વાગે અવસાન પામ્યાં.

આ જ અરસામાં ગાંધીજીની દાંડીકૂચ ચાલુ હતી. ૬ઠ્ઠી એપ્રિલે દેશભરમાં નિમકસત્યાગ્રહ શરૂ થવાનો હતો. પત્નીના અવસાનનો ઘા તરત તાજો જ હતો. બે નાની દીકરીઓની સંભાળ નાનાભાઇને સોંપી તેઓ વઢવાણ કૅમ્પથી ૫૦ સૈનિકોની આગેવાની લઇ બીન-જકાતી મીઠા સાથે વીરમગામ ઊપડ્યા. ટ્રેનમાંથી વીરમગામ ઊતરતાં જ પકડાયા ને છ માસની સજા થઇ.

શ્રી ચુડગરના સ્થાપનાના ઠરાવ પછી પરિષદનું કામ ચાલુ રાખવા સભામાં ફાળો શરૂ કરવામાં આવ્યો. મણિભાઇએ ધામેથા પોતાના ખમીસનાં સોનાનાં બટન કાઢી બાજુમાં બેઠેલા શ્રી મોહનભાઇ સંઘવીના હાથમાં મૂક્યાં. એ બટન ફાળામાં મળતાં સભામાં ભારે અજાયબી પ્રસરી ગઇ. બટનની હરાજી થતાં સારી રકમ ઊપજી, પરંતુ ખરીદનારે એ બટન જેનાં હોય તેને પાછાં આપી દેવા કહ્યું. મણિભાઇ પોતાનું નામ જાહેર કરવા નહોતા માગતા. પરંતુ થોડા જ વખતમા જાણ થઇ ગઈ અને એ ત્યાગ જોઇને શ્રી ચુડગર તે જ વખતે પોતાના એક વખતના શિષ્યને ભેટી પડ્યા. તિલક સ્વરાજ ફાળા વખતે અનેક વ્યક્તિઓ પાસેથી બંગડીઓ, વીંટીઓ, ફાઉન્ટન પેનો અને બટનોનો વરસાદ વરસાવનાર મણિભાઈનો આ પ્રસંગ એના મૂળમાં છે.

૧૯૩૨માં તેમને પોણા બે વર્ષની સજા થઇ. શરૂઆતમાં તેમને બ વર્ગમાં રાખવામાં આવ્યા હતા પરંતુ સરકારે પાછળથી પોતાની નીતિ ફેરવી અને શ્રી જમનાલાલજી બજાજ, ગુલઝારીલાલ નંદા, પુરુષો-ત્તમદાસ ત્રીકમદાસ વગેરેની સાથે તેમને પણ ક વર્ગમાં ઉતાર્યા, અને ધુળિયા જેલમાં રાખ્યા. જેલમાં તેમની તબિયત બગડી. કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છ–કાઠિયાવાડથી બ્રહ્મદેશ સુધી સતત પ્રવાસ અને પ્રચારકામ કરનારને જેલની ચાર દીવાલો વચ્ચે દોઢ વર્ષ સુધી જે પુરાઇ રહેવું પડ્યું, તેની અસર તેમના જ્ઞાનતંતુઓ ઉપર વિપરિત થઇ.

સરકારે તેમને જેલમાં મોકલ્યા પછી કાઠિયા-વાડમાં જુદાં જુદાં દેશીરાજ્યોમાંથી હદપાર કરાવવા પણ પ્રયત્નો કર્યા કહેવાય છે; અને તેને જ પરિણામે એજન્સીની હદ ઉપરાંત જામનગર, ધ્રાંગધ્રા, પોરબંદર, ગોંડળ વગેરે રાજ્યોમાં પ્રવેશબંધીના ફરમાનના હુકમો મણિભાઇને જેલમાં જ મળી ગયા હતા. લીંબડી અને વઢવાણ રાજ્યમાં પણ આવા હુકમો કઢાવવા પ્રયાસ થએલા કહેવાય છે, પરંતુ એ રાજ્યોએ નમતું ન આપ્યું. વઢવાણ ઠાકોર સાહેબે તો એ.જી.જી. મિ. કેલીને જવાબ આપેલો કહેવાય છે કે, 'વઢવાણમાં મણિ-લાલના ઘરબાર છે. અમે જો મનાઇ કરીએ તો મણિલાલ ક્યાં અદ્ધર આકાશમાં રહે!' મિ. કેલીને એ દલીલ કબૂલ કરવી પડી અને આગ્રહ છોડી દીધો.

જેલ બહાર આવ્યા પછી આસપાસ પ્રવેશબંધીની દીવાલોને કારણે જોરાવરનગરમાં જ પુરાઇ રહેવા જેવી તેમની સ્થિતિ થઇ ગઇ. આની પણ બહુ માઠી અસર થઈ. સતતપણે ચાલુ સંચાને એકદમ અટકાવી દેતાં

જેમ ધક્કો લાગે, તેમ તેમના સતત પરિશ્રમશીલ માનસને પણ આ બધા હુકમોથી ભારે આઘાત લાગ્યો.

લડત પછી કાઠિયાવાડના જાહેરજીવનમાં કેટલાંક દૂષણો દાખલ થયાં. દુશ્મન પ્રત્યે પણ પ્રેમ, સદ્ભાવ અને મમતાની લાગણી દર્શાવનાર મણિભાઇ જેવાની પ્રવૃત્તિઓનો પણ એમાં અણજાણતો વિરોધ શરૂ થયો. સદ્ભાગ્યે એ વિરોધ થોડી જ વારમાં શમી ગયો, તેમ છતાં તેની થોડી અસર કાઠિયાવાડના જાહેર-જીવનમાં રહેવા પામી.

અતિશય પ્રવાસ, માનસિક શ્રમ અને માનસિક આઘાતોને લીધે મગજનાં જ્ઞાનતંતુઓને પક્ષઘાત લાગુ પડ્યો. એ માંદગી આશરે દોઢ વર્ષ ચાલી. છેલ્લા સવા વર્ષથી તેઓ લગભગ પથારીવશ રહ્યા હતા. આ પહેલાં મુંબાઇમાં પણ મરોલી આશ્રમમાં અને તે પછી નવસારીમાં તેમના ભાઇ પાસે તેમને રાખવામાં આવ્યા. દરમિયાન દાક્તરો અને વૈદ્યોના ઉપચારો ચાલુ જ હતા. પણ રોગ અસાધ્ય હતો. છેવટે તેમને અમદાવાદ વાડીલાલ સારાભાઇ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા અને ત્યાં તા. ૧૧મી ઑક્ટોબરે બપોરે ૧૨વાગે શાંત વાતાવરણ વચ્ચે તેમનો જીવનદીપ બુઝાઇ ગયો.

દાક્તરોના અભિપ્રાય મુજબ આ રોગમાં મનમાં ચાલતા વિચારો ઉપરનો કાબૂ રોગી ગુમાવી બેસે છે અને મોઢેથી એ વિચારો બોલી નાખે છે. આમ કેટલીકવાર તેઓ મોઢેથી બોલી નાખતા, ત્યારે પણ તેમણે કોઇને વિષે અયોગ્ય શબ્દ નથી વાપર્યો.

તેમના અંગત પરિચયમાં આવનાર દરેકને તેમના મમતાભર્યા સ્વભાવનો, ધાર્મિક શ્રદ્ધાનો, ગાંધીજી પ્રત્યેના પ્રેમનો, દેશ માટે ગરીબો માટે, અને પીડિતો માટે કાંઇક કરી છૂટવાની લાગણીનો અનુભવ હશે.

અવસાનને બે વર્ષ પહેલાં વીમાની મુદત પૂરી થતાં વીમાની રકમ પાછી મળી. આ આખી ય રકમ દેશને આપી દેવાની ઇચ્છા તેમણે બતાવી હતી. પરંતુ દીકરીઓ માટે એ રકમ રાખી મૂકવા મિત્રોએ આગ્રહ કર્યો. તેમ છતાં બિમાર પડી મુંબાઇ જતાં વીમાની રકમમાંથી થોડી રકમો જુદીજુદી સંસ્થાઓને આપી તથા બાકીની રકમ પોતાના તથા ભાઇનાં બચ્ચાંઓને આપી.

જે શહેરમાં તેમણે આજથી સત્તર વર્ષ પહેલાં રાષ્ટ્રધર્મની દીક્ષા લીધી હતી એ શહેરમાં ૪૮ વર્ષની વયે તેમનું અવસાન થયું. અમદાવાદે પણ એ પુરુષનું ભવ્ય અંતિમ સન્માન કર્યું.

વેણીલાલ બુચ

સંથાલી મોરલી . . . . (અનુસંધાન પાછળના પૃષ્ઠ ૫૪૦ થી)

એ સ્વચ્છંદ વિહરણ, એ પશુઓની સાથે ચાલતા ખેલ અને પક્ષીઓની સાથે ગવાતાં 'સિરીન' આજે ક્યાં છે? એ દિવસો ભૂલી જવા માટે આજે શરાબ પીવાય છે. તે દિવસો હતા ત્યારે જંગલના વાયુમાં જ માદકતા હતી અને ઝરણાંના અમૃતજળમાં જ નશો હતો. નાનીશી લાકડી હાથમાં લઇને જ્યારે અમે લોકો જમીન ખોદતા હતા અને કોઈ કાચાં તો કોઇ શેકેલાં શકરિયાં બહાર કાઢીને ખાતા હતા ત્યારે, એ આહારમાં જે સ્વાદ હતો, જે અમૃત હતું એ આજે ક્યાં છે? તે વખતે એક વખત પેટ ભરીને ખાવાનું મળી જતું તો અમને નૃત્ય અને ગાયન સિવાય બીજી કોઇ વાત સૂઝતી જ નહિ. અને તે વખતનાં ગાયન પણ કેવાં હતાં! કુદરતનું નિરીક્ષણ, પ્રેમી હૃદયનું પરીક્ષણ અને વિશ્વકર્તાનું ભજન એ અમારાં ગાયનોના વિષય હતા. સ્ત્રી-પુરુષના ભેદ એ દિવસોમાં આજના જેટલા ન હતા. પાપે અમારા-માં પ્રવેશ કર્યો ન હતો. અમે વસ્તીમાં ગાતાં હતાં અને ગાયનમાં મગ્ન રહેતાં હતાં. ઢોલના ગુંજનમાં અમારું હૃદય ઊછાળા મારતું હતું. કલાકો સુધી એક જ તાલમાં નાચતા અને બજાવતા છતાં અમે થાકતા નહિ. અને કોઇ દિવસ ખાવાનું ન મળે તો યે અમારું ગાયન-વાદન જ અમારા ભોજનનું સ્થાન લઇ લેતું હતું.

'એકબીજાના ગળામાં હાથ નાખીને અને એકએક પગ ઊંચો કરીને અમે તાલથી નાચતા હતા ત્યારે મોર પણ અમારી પાસે પાઠ શીખવા આવી રહેતા હતા.

'અને તે દિવસોમાં અમારું વિજ્ઞાન પણ અમે કેવું વિકસાવ્યું હતું? વિષભર્યાં બી અમે દસદસ વખત ઉકાળીને એને ખાવા લાયક બનાવતા હતા અને તેમાંથી અસાધારણ પુષ્ટિ મેળવતા હતા. ઝાડની છાલ ક્યાંયથી કાપી નાખ્યા સિવાય અમે ઉખેડતા હતા અને તેને કૂટીકૂટીને તેમાંથી કપડાં બનાવતા હતા. વનસ્પતિ-

વિદ્યાનો તો અમે જ વિકાસ કર્યો છે. આહાર, વિહાર અને રોગપરિહાર એ ત્રણેને માટે અમારી વનસ્પતિ-વિદ્યા પર્યાપ્ત હતી.

'અને પરિશ્રમમાં જે અસીમ આનંદ અમે અનુભવ કરતા હતા તેને વ્યક્ત કરનારી કળા પણ અમે વિકસાવી હતી. કેવાં અમારાં નાનાંનાનાં વાસણો— માટીનાં, લાકડાનાં અથવા રૂપનાં. અને જાતજાતના તંતુ ભેગા કરીને અમે જે જાળ બનાવતા હતા એમાં કેટલો આનંદ આવતો હતો? પાટી અને પટ્ટી બનાવવાની શોધ કોઈએ કરી હોય ત્યારે એને વધાવી લેવા માટે અમે કેવી ખુશાલીથી એમની આસપાસ નાચતાં હતાં.

'એ દિવસોમાં અમારી પાસે પોતાની અંગત માલ-મિલ્કતનું નામનિશાન ન હતું. જે હતું તે બધાનું હતું. પોતાના માટે પ્રેમનો કાયદો અને બીજાઓ માટે શિકારનો કાયદો એ અમારી સ્મૃતિ હતી. આજે અમે લોકો આંખો વડે સૃષ્ટિનિરીક્ષણ કરીએ છીએ. અમારું નિરીક્ષણ અમારી આંખોથી જે થતું હતું અને અમારા પગનાં તળિયાંથી પણ થતું હતું. દરેક જાતના ઘાસના ભિન્નભિન્ન સ્પર્શનો આનંદ અમે જાણી શકતા હતા.


'એ દિવસોમાં કોઈકોઈ વખત દુકાળ પડતો હતો પણ આજ અમારા ભાગ્યમાં અખંડ દુકાળ આવી વસ્યો છે.

'જ્યારે પુરાણી વાતો યાદ આવે છે ત્યારે રહેવાતું નથી. પુરાણા જીવનમાં કષ્ટ હતું, ઘાક હતા, બધું જ હતું. પણ એ દિવસો "જીવનમાં જીવન" હતું આજે એ રહ્યું નથી. હવે શી રીતે ગાવું? કોને સારુ ગાવું? એ તો મૌન જ અચ્છું છે. જ્યાં સ્વતંત્રતા નથી ત્યાંનું ગાયન પણ પવિત્ર હોતું નથી.

'પણ આસ્થા કહે છે કે "ગાઓ". શ્રદ્ધા કહે છે કે સ્મશાનનું મૌન ધારણ ન કરો. નવા દિવસો આવ્યા છે એનો સ્વીકાર કરીને પ્રાચીન પરિસ્થિતિનો આનંદ પ્રાપ્ત કરી શકશો. ભૂતકાળ ગયો તે ગયો. પણ ભૂતકાળ જ વર્તમાનના હાથમાં ભવિષ્યરૂપી બાળક સોંપી ગયો છે. એ બાળકને માટે ગીત ગાઓ. પોતાની પ્રાચીન દીક્ષા એ બાળકને આપો જેથી તે સ્વધર્મ સમજે અને વળી સંસ્કૃતિનું નિર્માણ કરે. જ્યાં સુધી આ સૂર જીવતો રહેશે ત્યાંસુધી સંથાલો માટે નિરાશા હોઈ જ ન શકે. સંગીત એ જ અમારો વારસો છે, સંગીત એ જ અમારો પ્રાણ છે. એની મારફતે જ અમે આત્મપરિચય પ્રાપ્ત કરીશું અને દુનિયાને બતાવીશું કે અમારી જીવનદૃષ્ટિ પણ બધી દુનિયાને માટે ગ્રાહ્ય છે.'

મોરલીના સૂર બંધ થઈ ગયા અને મારા હૃદયના સૂર જાગી ઊઠયા. અમે મોટરમાં બેસીને કલાકો સુધી દોડતા રહ્યા. ટેકરાઓ દીઠા, નદીઓ ઓળંગી, ઝાડો અને વાદળાંનાં દર્શન કર્યાં, સૂર્યાસ્તને પ્રણામ કર્યા, વરસાદના સ્વાગતનું સ્વાગત કર્યું, પણ હૃદયમાં એક જ ભાવ ભરાયો હતો. નવું અવશ્ય સ્વીકારીશું, પણ હૃદય તો પાછળ જ દોડતું હતું. ત્યાં જ બધા પ્રકારની કૃતાર્થતા હતી. એ આગળ મળનારી નથી. ભૂત અને ભવિષ્યને એક કરીને જ્યારે વર્તમાનને પરાસ્ત કરાશે ત્યારે જ આ ગીત શાંત પડશે. ત્યાં સુધી સંથાલોની આ સનાતન મોરલી બજતી જ રહેશે.

દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

ડાહ્યો માણસ પોતાની જાત પર પહેલું વેર લે છે.

આચરણમાં ન મૂકાતા શબ્દો સુંદર છતાં ખુશબો વિનાના છે.

બીજાના સ્વાતંત્ર્યનો ઇન્કાર કરનાર જાતે સ્વતંત્ર રહેવાને લાયક નથી.

પોતાની પાસે ન હોય તે પર બળાપો કરવા કરતાં જે પાસે હોય તેમાં આનંદ લેનાર માણસ ખરેખરો ડાહ્યો છે.



કાચની કથા

'પહેલવહેલો કાચ ક્યારે શોધાયો તે સંબંધી ઇતિહાસે મૌન ધારણ કર્યું છે; પણ કેટલાક જૂના ગ્રંથોના આધારે એમ નક્કી કરવામાં આવ્યું છે કે લગભગ ત્રણ હજાર વર્ષ પૂર્વે દુનિયા ઉપર કાચનો વપરાશ હતો. સિરિયામાં આવેલી બેલસ નદીને કિનારે ઊતરેલા કેટલાક ફિનિશિયન નાવિકોને હાથે કાચની શોધ થઇ હતી એમ રોમન લેખક પ્લીનીનું માનવું છે. એ નદીના ભાઠામાં રાંધતી વેળાએ તેઓને એમ જણાયું કે રાખ સાથે ત્યાંની રેતીનું મિશ્રણ અગ્નિમાં જઇ તેમાંથી 'કાચ' જેવો પદાર્થ બનતો. આવા કોઇ અકસ્માતથી કાચ શોધાયો હોય એ સંભવિત છે; પરંતુ કાચની પ્રથમ શોધ મિસરમાંથી જ થઈ હશે એમ મિસરના જૂના મેમ્ફીસ નગરનાં ખંડેરોમાંથી મળી આવેલા કાચના મણકા અને અલંકારો ઉપરથી ચોક્કસ લાગે છે. ઇ.સ. પૂર્વે ૧૫૯૦ના અરસાની આ વાત છે.

પણ કાચ જેવી ચીજ વિષે આવી કચકચ કરવાની શી જરૂર? કાચ જોડે વળી આપણે તે શી એટલી બધી લેવાદેવા? આમ કોઇ પૂછે તો જવાબ ઘણો મોટો છે.

જગતની પ્રગતિમાં કાચે ભારે અગત્યનો ભાગ ભજવ્યો છે. સહેજ વિચાર કરી જોઇશું તો જણાશે કે કાચ પર કેટલી હદ સુધી આપણો આધાર રહેલો છે. સૂક્ષ્મદર્શક (Microscope) કાચ વગર આપણું વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન કેટલું હોત? દૂરદર્શક (Telescope) કાચ વગર આપણે ખગોળવિજ્ઞાનમાં કેટલા આગળ વધ્યા હોત? દરિયાની અંદર રહી ઉપર શું બને છે તે દેખાડતું પેરિસ્કોપ (Periscope) નામનું યંત્ર, આઘેની વસ્તુ જેનાથી નજર સમીપ દેખી શકાય તે બાયનોક્યુલર (Binocular) કાચ, ક્ષિતિજ સાથે આકાશી પદાર્થોના કોણ માપવા વપરાતું સેકસ્ટન્ટ (Sextant), અને એક્સ-કિરણો (X-rays)નું ઉત્પાદન કરવાનું સાધન એ બધાં ય વગર આપણે આજે ક્યાં હોત? અને રોજના વપરાશની જ વાત કરીએ તો? આપણી આંખો નબળી થાય તો આંખે હાથ દઇ બેસી રહેવું પડત. રાત્રે ઝાંખા પ્રકાશમાં આપણે ફાંફાં મારવાં પડત, કારણકે વિજળીના કે ફાનસના ગોળાઓ ન હોત. પણ કાચની શોધ થયા પછી આપણે આવા વિચારોને સ્થાન જ આપ્યું નથી. કોઈ પણ વસ્તુની કીમત એની હાજરીમાં જણાતી જ નથી.

બનાવટ

આજે તો આપણા વપરાશમાં કાચ પુષ્કળ આવે છે. પણ એ કાચ શી રીતે બને છે? સાધારણ કાચ તો આપણે ઘેર બેઠાં બનાવી શકીએ. ૧૦૦ ભાગ રેતી, ૩૫ ભાગ ધોવાનો સોડા (Sodium Carbonate) અને ૧૫ ભાગ ચૂનો—એટલાનું મિશ્રણ કરી તેને માટીના પકવેલા વાસણમાં એક સ્ટવ અથવા ભઠ્ઠી ઉપર ખૂબ તપાવો. ૧૨૬૦ અંશ સેન્ટીગ્રેડ ગરમીએ તે ઓગળી જઇને ચાસણી જેવું બનશે. આ મિશ્રણ ઓગળે છે ત્યારે અંદરથી અંગારવાયુ—કાર્બન ડાયોકસાઇડ (Carbon dioxide)—બહાર નીકળે છે; એટલે જો એને બરાબર નહિ તપાવ્યું હોય તો અંદર પરપોટા રહી જશે. હવે એક લોખંડની ભૂંગળી એ રસમાં બોળીને એ વડે ઓગળેલા મિશ્રણનો નાનો લોચો બહાર કાઢી ભૂંગળીને બીજે છેડેથી તેને ફૂંકો. તમે જોશો કે કાચનો એક ગોળો બની રહેશે. આ ગોળાને તપાવી, બંને છેડેથી તેને ખેંચવાથી કાચની નળી બનશે. અનુકૂળ બીબાંના ઉપયોગથી આ પ્રવાહીમાંથી બટન, લખોટીઓ, પ્યાલા વગેરે બનાવી શકાશે.

આવા પ્રકારનો કાચ બાટલા બનાવવામાં વપરાય છે. બારીઓ, કબાટો અને બારીબારણાંને મઢવાના કાચ (Window glass) બનાવવા માટે, ધોવાના સોડા (સોડીઅમ કાર્બોનેટ)ને બદલે સોડીઅમ સલ્ફેટ જોઇએ. કારખાનાંઓમાં તો મોટાંમોટાં કાદવૂણિયાં ટાંકાંઓમાં જોઇતા પદાર્થોનું મિશ્રણ કરી, રોજનો લગભગ ૬૦૦ થી ૧૦૦૦ ટન જેટલો કાચ બનાવાય





કાચના રસમાંથી વાસણો બનાવવાની રીત. પહેલાં ભૂંગળીને છેડે રસનો થોડો લોંદો લઇને તેને ફૂંકવામાં આવે છે અને તેનો નાનો સરખો ગોળો બની જાય એટલે પછી જેવા ઘાટનું વાસણ કરવું હોય તેના બીબામાં એ ગોળો રાખીને ફરી ફૂંકે છે, એટલે બરોબર ઘાટસર વાસણ ઉતરે છે. જમણી બાજુ: કાચનો રસ ગાળવાની ભઠ્ઠી. (ચિત્રો : એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા)

છે. જ્યારે બધું મિશ્રણ ઓગળી રહે છે ત્યારે તેને લાકડીના એક છેડા વડે બહાર ખેંચી કાઢવામાં આવે છે. આ દેખાવ જોવા જેવો હોય છે. અમે ૧૯૩૫માં ઓગલેવાડી ગયા હતા ત્યારે અમને ત્યાંના કાચના કારખાનામ. કામ કરતા માણસો બનેટી ફેરવતા હોય તેવું લાગ્યું હતું. પાસે ગયા ત્યારે અમને સમજાયું કે તેઓ તો લાકડીને છેડે કાચના ગોળા ફેરવતા હતા!

પ્લેટ કાચ (Plate glass)

ઉપર આપણે વિન્ડો ગ્લાસ (Window glass) ની બનાવટ જોઇ. 'પ્લેટનો કાચ' બનાવવા માટે એ જ મિશ્રણ વપરાય છે, પણ બનાવટની પદ્ધતિમાં જરા ફેર છે. એમાં મિશ્રણને નળાકાર કુંડાંઓમાં ઓગાળવામાં આવે છે. આ કુંડાં ઉપરથી ખુલ્લાં હોય છે. મિશ્રણ બરોબર એકરસ થઈ રહે એટલે લોખંડના મોટા ચીપીઆ વડે એ કુંડાંને ભઠ્ઠીમાંથી બહાર કાઢીને તેમાંના પ્રવાહીને પોલાદના એક મોટા ટાટ (Basin) માં ઠાલવવામાં આવે છે. ત્યાં તેના ઉપર એક 'રોલર' ફરે છે એટલે કાચની પ્લેટ તૈયાર થાય છે. પછી એ પ્લેટને કાટ વડે ઘસી સુંવાળી બનાવવામાં આવે છે. હવે તેની અંદરથી દેખાતી કોઇપણ વસ્તુ વાંકાચૂંકી નહિ દેખાતાં જોઇએ તેવી દેખાય છે.

સાથે સાથે રી-ઇનફોર્સ્ડ (Re-inforced) કાચ વિષે પણ જાણી લઇએ. કાચનાં બે પડને ઓગાળી તેની વચ્ચે લોખંડની મજબૂત જાળી મૂકી, એક સળંગ પ્લેટ બનાવવાથી આ પ્રકારનો કાચ બને છે. આવા કાચને 'પારદર્શક પોલાદ–(Transparent Steel)' પણ કહેવામાં આવે છે, કારણકે તેનાથી ઢંકાએલી કોઇ પણ વસ્તુ સંપૂર્ણ સુરક્ષિત છે.

તમે 'પ્લેટ' કાચ અથવા 'વિન્ડો' કાચને તેની ધાર ઉપરથી જોશો તો એ તમને લીલો જણાશે. આ રંગ રેતી અને ચૂનામાં રહેલી લોખંડની અશુદ્ધિને લઇને થએલો છે. કાચ બનાવવાના મિશ્રણમાં જો પહેલેથી મૅન્ગેનીઝ ડાયોક્સાઇડ (Manganese dioxide) નામનો કાળો પાઉડર નાખ્યો હોય તો આ લીલો રંગ તેનાથી કપાઇ જાય. સેલેનિયમ (Selenium)નો પણ એવો જ ગુણ છે; હવે એ જ મૅન્ગેનીઝ ડાયોક્સાઇડ વધારે પ્રમાણમાં વાપરવાથી કાચ કીરમજી રંગનો બની જાય છે અને સેલેનિયમના વધારે વપરાશથી તે લાલ બને છે. એટલે કેટલો મૅન્ગેનીઝ ડાયોક્સાઇડ અથવા કેટલું સેલેનિયમ કાચ બનાવતી વેળા રેતી ને ચૂનામાં ઉમેરવું તેની માહિતી હોવી જોઇએ.

કેટલીક જાતના કાચ અમુક ખૂણેથી એવી રીતે


કપાએલા હોય છે કે તેના ઉપર જ્યારે પ્રકાશનાં કિરણો પડે છે ત્યારે મેઘધનુષ્યના જેવા સુંદર રંગો ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે ઝુમ્મરના કાચ. આવી જાતના કાચને કટ ગ્લાસ (Cut glass) કહે છે. તેની બનાવટમાં ચૂનાને બદલે સીસાનો કાટ—લિથાર્જ (Litharge) વાપરવામાં આવે છે. અને ધોવાના સોડા (સોડિયમ કાર્બોનેટ)ને બદલે પોટાશ કાર્બોનેટ વપરાય છે. લિથાર્જમાંથી સીસું ન બની જાય તે માટે અંદર થોડો સુરોખાર ઉમેરવામા આવે છે અને પદાર્થો પ્રકાશનાં કિરણોનું એવી રીતે ભંજન કરે છે કે શ્વેત પ્રકાશ મેઘધનુષ્યના રંગોમાં વિસ્તાર પામે છે.

ઑપ્ટિકલ કાચ (Optical glass)

ચશ્માંના કાચ, સૂક્ષ્મદર્શક અને દૂરદર્શી યંત્રોના કાચ, એક્સ કિરણ (X-ray)ના તથા બલ્બ (bulb) ના કાચ એ બધા ઑપ્ટિકલ (optical) કાચ કહેવાય છે. ઑટ્ટો શોટ્ટ (Otto Schott) નામના એક જર્મન કેમિસ્ટે ૧૮૮૦ થી ૧૯૦૦નાં વર્ષોના ગાળામાં જર્મનીમાં આ કાચ સંબંધી ઘણી અગત્યની શોધો કરી હતી પણ આજે તો એ ક્ષેત્રમાં અમેરિકા સૌથી વધારે આગળપડતું છે. સાધારણ કાચ બનાવવામાં વપરાતા પદાર્થો ઉપરાંત જસત (zinc)ના ઑક્સાઈડ, બૅરિયમ (barium), ઍલ્યુમીનિયમ (aluminium), સ્ટ્રૉન્શિયમ (strontium), બૉરોન (boron) અને બીજાં અનેક મૂળતત્ત્વો તેમજ રસાયણો ઑપ્ટિકલ કાચની બનાવટમાં પ્રવેશ કરે છે. હજુ વધારે શોધોને આ ક્ષેત્રમાં ઘણો અવકાશ છે; અને શોધ એટલે વધુ પ્રગતિ, વધારે સુખ અને વધારે સારી સંસ્કૃતિ.

ફાયરપ્રૂફ કાચ

એટલી તો બધાને સારી પેઠે ખબર છે કે રાંધવાના કામમાં કદી કાચનાં વાસણો વાપરી શકાતાં નથી. ઉપર જણાવેલા ઑટ્ટો શોટ્ટે કાચની અંદર બૉરૅસિક ઍસિડ (Boracic acid)ના ઉમેરવાથી થતા ફેરફારોનો અભ્યાસ કરી એમ શોધી કાઢ્યું હતું કે આવા કાચ ખૂબ ગરમ કરીને એચિંતા ઠંડા પાડવામાં આવે તો જલદી ભાંગી જતા નથી. પ્રયોગશાળામાં, ઉષ્ણ સ્થિતિમાં ધાતુઓ ઉપર ઍસિડની થતી અસર નિરખવા માટે આવી જાતનાં કાચનાં વાસણો બનાવવાની ખાસ જરૂર હતી. ગત મહાયુદ્ધ પછી ન્યૂ યૉર્કના મિ. ઇ.



સરાણ ઉપર કટ ગ્લાસના પાસા પાડવાની રીત (ENCY. BRIT.)

સી. સલિવાને, શૉટ્ટે બનાવ્યો હતો તેના કરતાં પણ સારો કાચ બનાવ્યો. પ્રયોગો કરવામાં આ કાચનાં વાસણો કંઈ પણ શંકા વગર વાપરી શકાતાં હતાં. કાચના સળીઆનો એક છેડો તમે તપાવીને ખેંચશો તો તે ખૂબ બારીક તાર જેવો પાતળો થતાં સુધી ખેંચી શકાશે. આવી રીતે કાચમાથી એટલા બારીક તાર ખેંચી શકાય છે કે એક ઈંચ જેટલી જગ્યા પૂરવા માટે આવા બે હજાર તાર સાથેસાથે ગોઠવવા પડે! આવા તારનો ગોટો ઊનના દડા જેવો દેખાય છે એટલે તેને ગ્લાસ વૂલ (glass wool) કહેવામાં આવે છે. ઘણાં વર્ષો અગાઉ ફ્રાંસમાં કાચના આવા તારમાંથી કેટલાંક રમકડાં બનાવવામાં આવ્યાં હતાં. આ તારનો ઉપયોગ ગરમ વસ્તુને ગરમ અને ઠંડીને ઠંડી રાખવામાં બહુ થાય છે, કારણ કે તે ઉષ્ણતારુંધક છે. તેના આ ઉપયોગથી આર્થિક દૃષ્ટિએ ઘણો ફાયદો થયો છે, કારણ બળતણનો વ્યય થતો અટક્યો છે.

બીજી એક વાત: તમે કોઈ મ્યૂઝીઅમમાં ગયા હશો તો ત્યાં પારદર્શક પત્થર જોયો હશે. તે મૂળ એક જાતની રેતી છે; પણ તે અતિશય શુદ્ધ છે.

તેને 'રૉક ક્રિસ્ટલ' (Rock Crystal) કહેવામાં આવે છે. આ 'રૉક ક્રિસ્ટલ'ને વિદ્યુત્‌ની ભઠ્ઠીમાં ઓગળ્યે બહુ વરસ થયાં નથી. તેને ઓગાળે છે ત્યારે કાચ જેવો જ પદાર્થ બને છે. લાલચોળ તપાવીને તેને પાણીમાં નાંખ્યો હોય તોપણ તે ભાંગતો નથી. તેની અંદરથી પ્રકાશનાં ગમે તેવાં કિરણો પસાર થઈ શકે છે. તે એટલો બધો પારદર્શક છે કે તેના ૧૦ ઇંચ જાડા ટુકડામાંથી પણ તમે આ લખાણ વાંચી શકો. વિજ્ઞાનના જુદાંજુદાં ક્ષેત્રોમાં તેનો આ ગુણ કેટલો કિંમતી થઇ પડશે તે અત્યારે કહેવું મુશ્કેલ છે; કારણકે તેને શોધાયે હજી ઝાઝો વખત થયો નથી.

રંગીન કાચ

હવે આપણે રંગીન કાચ ઉપર આવીએ. આકવા રેજીઆ (Acqua Regia=૩ ભાગ હાઇડ્રોક્લોરિક અને ૧ ભાગ નાઇટ્રિક એસિડનું મિશ્રણ)માં સોનાનું બનાવેલું દ્રાવણ રેતીમાં ઉમેરી પહેલાં તે રેતીને સૂકવી નાખે છે. 'કટ ગ્લાસ'ની બનાવટમાં વપરાતા બીજા પદાર્થોની અંદર તેને ભેળવી તે મિશ્રણને સારી પેઠે ઓગાળ્યા પછી ઠંડું પાડી નાખે છે. ત્યાર બાદ પ્રકાશિત જ્વાળા (luminons flame)માં તેને ફરી ગરમ કરીને ઠરવા દે એટલે લાલ કાચ બને છે.

હવે એ જ મિશ્રણને ફરી ગરમ કરીને ઠંડું પાડવાથી તે સોનેરી રંગનો બને છે. ત્રીજી વાર એ જ પ્રમાણે કરવાથી તે વાદળી રંગનો બને છે. ત્યારે શું સુવર્ણની જ સહાયથી કાચની અંદર બધા રંગો ઉત્પન્ન કરી શકાશે? હા! વારે ને વારે એ મિશ્રણને ગરમ અને ઠંડુ કરવાથી અંદર રહેલા સુવર્ણનાં રજકણો નાનાંમોટાં બને છે અને પ્રકાશનાં કિરણો તેનાં ઉપર પડતાં જુદાજુદા કદનાં રજકણો મૂળ કિરણનું ભંજન કરી પ્રકાશના જુદીજુદી જાતનાં રંગીન કિરણો છુટાં પાડે છે. જે રંગનાં કિરણો આપણી દૃષ્ટિના જ્ઞાનતંતુને સ્પર્શે છે તે રંગ આપણને દેખાય છે.

કાચને રાતો રંગ આપવા માટે તાંબું પણ વપરાય છે. સેલેનિયમ પણ એને માટે વપરાય છે. કોલસો અને સેલેનિયમના મિશ્રણથી તો અત્યંત સુંદર અને તેજ રાતો રંગ બની શકે છે. રાત્રે સિગ્નલમાં વાપરવામાં આવતો લાલ કાચ આવી રીતે બનેલો હોય છે.

નારંગી રંગનો કાચ પણ સેલેનિયમમાંથી જ બનાવવામાં આવે છે. કેડ્મિયમ સલ્ફાઇડ (Cadmium Sulphide)થી પીળો–સોનેરી કાચ બને છે.

લીલા રંગના કાચ લોખંડમાંથી બને છે. ક્રોમિયમ (chromium)માંથી પોપટી રંગનો કાચ બને છે:

તાંબાનો કાટ (Copper oxide), સુરોખાર અને ચૂનો એ ત્રણમાંથી ભૂરો કાચ બને છે. ઘેરો ભૂરો કાચ બનાવવા માટે કોબાલ્ટ (Cobalt)નો કાટ (oxide) વપરાય છે.

ઉપરના મિશ્રણમાં તાંબાના કાટને બદલે મેન્ગેનીઝ ડાયોક્સાઇડ ઉમેરવાથી કીરમજી રંગ બને છે. ૨૦૦ ભાગ રેતીમાં ૧ ભાગ મેન્ગેનીઝ ડાયોક્સાઇડ બસ થઇ રહે છે. વધુ ઉમેરવાથી કાચ કાળો પડી જાય છે.

દૂધિયા કાચ બનાવવા માટે મિશ્રણમાં હાડકાંની રાખ (bone-ash) ઉમેરવામાં આવે છે.

જુદાજુદા રંગોની છાયાવાળા કાચ બનાવવા માટે વિવિધ પ્રમાણમાં જોઇતા પદાર્થો લેવામાં આવે છે. પણ રાતા, નારંગી અને પીળા રંગોની છાંટ આપવી ઘણી કઠિન થઇ પડે છે.

કાચના ઉદ્યોગમાં હજુ ઘણું ઘણું થવાનું બાકી રહે છે. જે કુંડાં અને ટાંકામાં કાચ બનાવવામાં આવે છે તે જલદીથી ખવાઈ જાય છે. કાચ ઘણી વાર સારો બનતો નથી. ઘણીવાર જોઇએ તેવા રંગોની મિલાવટ કરી શકાતી નથી. અને કાચના બરડપણા સંબંધે તો મોટી મુશ્કેલી ઊભી છે જ. **પદ્મકાન્ત ર. શાહ**

કાચની બનાવટ માટે વધારે વિગતથી વૈજ્ઞાનિક વાચન કરવું હોય તેને માટે

પુસ્તકનિર્દેશ

(1) Chemistry in Industry, Vol, I., Edited by H. E. Howe. (2) Chemistry in the Service of Man, by Alexander Findlay. (3) Childrens' Encyclopaedia—The Book of Knowledge, Edited by Arthur Mee. Vol. 6. (4) Glass and Glass Manufacture, by P. Marson.

જીવનનું પરોઢ

ભાગ બીજો • પ્રકરણ બીજું : દેવદાસકાકા

મહિના પછી છાપખાનામાં ગુજરાતી બીબાં ગોઠવવાનું કામ કરનારા શ્રી વીરજીભાઇ સાથે હું દેવદાસકાકાને લેવા ફીનિક્સ સ્ટેશને ગયો. બાપુજી ડરબનમાં રોકાઇ જવાને કારણે દેવદાસકાકા એકલા ટ્રેનમાંથી ઊતર્યા. બે મિનિટ સુધી હું જોઇ જ રહ્યો કે આ એ જ દેવદાસકાકા કે બીજું કોઇ! કદમાં ઊંચા ને પાતળા, નવી જ ઢબનાં કોટ પાટલૂન પહેરેલાં, ને અધૂરામાં પૂરું માથાના બધા વાળ સફાચટ! બહુ વારે હું નક્કી કરી શક્યો કે હા છે તો એ જ દેવદાસકાકા. સાધારણ ખબરઅંતર પૂછી અમે સ્ટેશનેથી ઊપડ્યા. અઢી માઇલનો લાંબો રસ્તો ખૂટતાં સુધી મેં દેવદાસકાકાનું ઝીણવટથી અવલોકન કર્યું. તેઓ શું બોલે છે, શું જુએ છે, તેમનો અવાજ કેવો બદલાયો છે એ તપાસ્યું. ત્રણેક વરસ પર જ્યારે અમે સાથે રમતા-ફરતા ત્યારે બ્રશ અને દાંતિયાથી વાળનાં પટિયાં પાડવામાં અમે અરધો કલાક બગાડતા. વળી માથે અંગ્રેજી કૅપ, બૂટ, મોજાં વગેરે ઘાલી ફાંકડા બનતા. ફાર્મથી આવેલા દેવદાસકાકા પાસે એવું કશું ન હોવાથી જ તેઓ બીજા કોઇક જેવા દેખાતા હતા. થોડો રસ્તો અમે મૂગામૂગા કાપ્યો, ત્યાં દેવદાસકાકાએ વીરજીભાઇને પૂછ્યું, 'તમે મને બીબાં ગોઠવવાનું કેટલા દિવસમાં શીખવી દેશો?' ઘેર પહોંચ્યા ત્યાં સુધી આ જ મુદ્દા ઉપર તેમની વાતો થતી રહી. વાતોનો સાર એ હતો કે બીબાં ગોઠવવાનું કામ શીખી લેવાને બાપુજીએ તેમને ત્રણ મહિના સારુ ફીનિક્સ મોકલ્યા છે. પછી પાછા તેમને ટૉલ્સ્ટૉયવાડી જવાનું છે; અને ફીનિક્સમાં પણ ટૉલ્સ્ટૉયવાડીના બધા નિયમો જાળવવાના છે.

બીજે દિવસે થોડા કલાક સારુ બાપુજી ફીનિક્સ આવ્યા. તેમણે દેવદાસકાકાના અભ્યાસ વિષે મારા પિતાશ્રી મગનકાકાને સૂચનાઓ આપી. અલૂણું બીજે જ દિવસે શરૂ કરવાની દેવદાસકાકાને તાકીદ કરી. અલૂણામાં છૂટછાટ મૂકવા માટેની મોટેરાઓની કશી આનાકાની પર બાપુજીએ ધ્યાન ન આપ્યું. રવિવારે મીઠાવાળું ખાવાની છૂટ સિવાય છ યે દિવસ અલૂણું કરવાનો આગ્રહ ફરીફરીને તેમણે દેવદાસકાકા ઉપર ઠસાવ્યો. ઉપરાંત ખરે બપોરે બેથી ચાર પાવડો લઇ બગીચામાં ખોદવાની સખત મજૂરી નિયમસર કરવાની સૂચના પણ કરી અને પોતે પાછા જોહાનિસબર્ગ રવાના થયા.

આ વેળા બાપુજી આવ્યા ત્યારે તેમના નિયમમાં એક આકરો વધારો થયો હતો. તેમણે મીઠાની જેમ ખાંડ ખાવાની પણ છોડી હતી. ખાંડ છોડવાને કારણે તેમના ભોજન માટે પહેલાંની જેમ ધાંધલ નહોતી રહી. ખાંડ કે મીઠું બેમાંથી કશું ન પડે એટલે પછી વાનગી જ કેટલી થઇ શકે? તેમણે મીઠું ને ખાંડ બંને છોડ્યાં એટલે બીજાઓની અલૂણામાંથી છટકી જવાની હિંમત જ નહોતી ચાલતી.

દેવદાસકાકાના આવતાંની સાથે મારું વ્યક્તિત્વ ઓગળી ગયું. તેમની સાથેસાથે રહેવાનું, ભણવાનું, રમવાનું, જમવાનું થતું એટલું જ નહિ, પણ કોઇપણ ચીજનો કે કોઇપણ કામનો વિચાર હું દેવદાસકાકા વિના ન કરી શકતો. શબ્દશઃ તેઓ મારે માટે વડા વિદ્યાર્થી જ નહિ, પણ પૂરા નેતા બન્યા. એમની ઢબે કપડાં પહેરવાં, એમની ઢબે બટન બીડવાં, એમની ઢબે દોડવું, એમની ઢબે કોદાળી ઝાલવી અને એમની ઢબે નાક છીંકવું એ મારો આદર્શ થઇ પડ્યું. હું ઘર ભૂલ્યો, મુરબ્બીઓનો ડર ભૂલ્યો, મારો વાંચવાનો-ચીતરવાનો ને એવો બીજો રસ પણ ભૂલ્યો. દેવદાસકાકાનો જોડીઓ બની રહેવાની એક જ અભિલાષા મનમાં રહી. એમની સાથે મારો કાર્યક્રમ ગોઠવાયો.

સવારે ઊઠી, નાહી ધોઇ, ભોજનના વખત સુધી અમે ગુજરાતી, ગણિત, સુલેખન અને અંગ્રેજીનો અભ્યાસ કરતા. મારા પિતાશ્રી અમને શીખવતા. અલૂણામાં પણ મેં તેમને સાથ આપ્યો. બપોરે દેવ-

દાસકાકા ખીલા ગોઠવવા જતા અને હું વાંચતો. બેથી ચાર મગનકાકા સાથે ખેતી અને સાંજે રમતગમત કરી સૂઈ જવાનું.

જો કે દેવદાસકાકાની ઉમર મારાથી બહુ મોટી ન હતી તોપણ તેઓ પોતાને ક્યા યે નાના લેખતા હોય એવું દેખાતું જ નહિ. જેની પાસે તેઓ જાય તેની પાસે પોતે જાણે તેવડા જ મોટા હોય તેમ વર્તે. મારાથી તેમની આ વાતનું અનુકરણ ન થતું. મને થતું, હું કંઈ બાપુજીનો દીકરો નથી, એટલે મારાથી એમની જેમ મોટા ન થવાય. તેમની ભૂલ થાય તોયે મોટાઓ તેમને ન વઢે, પણ મને તો જરૂર વઢે. વળી દેવદાસકાકા તો હોશિયાર છે, તેમનાથી ભૂલો થતી યે નથી; અને મારાથી તો ઘણી યે થઈ પડે છે; આથી જેની પાસે હું જાઉં તેની પાસે ગુનેગાર જેવો ઊભો રહું ને દેવદાસકાકા અક્કડ નીડર ઊભા રહે.

એક મગનકાકાની દેવદાસકાકા બહુ અદબ રાખતા એમ મેં જોયું. અદબ તો એ સૌની રાખતા, પણ મગનકાકા પાસે તેઓ પોતાને બાળક લેખતા જણાતા. બપોરે બેથી ચાર બગીચામાં કોદાળીથી ખોદવા અમને બંનેને મગનકાકા લઈ જતા. ત્યાં હું જેટલી ભીરુતાથી અને વડીલભાવથી મગનકાકાને ઇશારે કામ કરતો એટલી જ નમ્રતા અને વડીલભાવથી દેવદાસકાકા પણ એમનું કહ્યું કરતા. તેમની સાથે તેઓ ભાગ્યે જ દલીલમાં ઊતરતા. એક બાજુ દેવદાસકાકા, એક બાજુ હું અને વચ્ચે મગનકાકા એવી રીતે અમારી કોદાળીઓ સતત આગળ ઘા કર્યે જતી.

ગમે એટલો થાક લાગે, પણ જ્યાં સુધી મગનકાકા વિસામો ન ખાય ત્યાં સુધી અમે ઊભા ન રહેતા. અને વિસામો માંડ બે મિનિટ લીધો ન હોય ત્યાં પાછા કામે વળગી જતા. કાગળ ઉપર આ વર્ણન કદાચ લૂખું લાગતું હશે, પણ એ ખોદવાનો રસ વર્ણવ્યો ન જાય એવો હતો. ક્યારે આ બે કલાક પૂરા થાય અને ક્યારે આમાંથી છૂટીએ એવો કંટાળો આવ્યાનો કોઈ દિવસ મને યાદ નથી. જેમજેમ પરસેવાનાં મોતી બાઝતાં અને હાથમાં આંટણ પડતાં તેમતેમ અમારો આનંદ વધતો. ગુસ્સાવાળા મગનકાકાને પણ આ સમય દરમિયાન કદી કપાળે કરચલી પડેલી સાંભરતી નથી. ઘણુંખરું કામ તો મૂગે મોઢે જ ચાલતું. વચ્ચે વચ્ચે મગનકાકા કંઈક મીઠો વિનોદ અને આછું હાસ્ય કરી અમારો ઉત્સાહ વધારતા. જેમ હું દેવદાસકાકામાં ખોવાઈ જતો તેમ અમે બંને મગનકાકામાં એ વખતે ખોવાઈ જતા. મગનકાકાનો સંકલ્પ, તેમની મહેનત, સફાઈ અને તેમની હોશ, એક પછી એક પડતા કોદાળીના ઘા સાથે અમને પોતાનામાં સમાવી લેતી. ખોદવાના એ વર્ગની મહત્તાનું ભાન એ વખતે અમને ન હતું. મગનકાકાની મહત્તાનું તો હતું જ નહિ, પણ એ આખી ક્રિયાએ એક ભારે રસાયણનું કામ કર્યું. જે રસાયણને આધારે, પૂરું એક વરસ માંડ વીત્યું હશે ત્યાં, મગનકાકાની જાદૂભરી દેખરેખમાં ફીનિક્સ પર આવી પડેલા કટોકટીના મામલા વખતે અમે અર્ધા માણસો લગભગ આખા માણસો સમા બની ગયા.

રવિવાર અમે ખૂબ માણતા. તે દિવસે કામની ને ભણવાની છૂટી સાથે અલૂણાની છૂટી રહેતી તેથી અમારો ઉમંગ ઊભરાતો. ઘરમાં તે દિવસે મસાલેદાર ઊનીઊની રસોઈ બનતી. અમે છ દિવસનું એક સામટું મીઠું ખાઈ લેવું હોય તેમ અકરાંતિયાની પેઠે ફરસાણ આરોગતા, અને પછી દૂર દૂર સુધી ફરવા જતા. દોડતા, પતંગ ઉડાડતા, બગીચામાં નાની ક્યારીઓમાં વાવવાનું યે કરતા અને રવિવારની સંધ્યા માથા પર તોળાઈ રહેતી કે પાછા છ દિવસ સુધીના અલૂણાની ચિંતામાં પડી જતા.

લગભગ ત્રણ મહિના સુધી અમારો આ કાર્યક્રમ ચાલ્યો. એટલા દિવસમાં મારે સારુ તો જાણે આખો યુગ પલટાઈ ગયો. સૂનાપણું અને ઉદાસી જઈ સતત ઉત્સાહ અને નવું નવું જાણવામાં જીવન રસભર્યું બન્યું.

ત્રણ મહિના પૂરા થયે મને દેવદાસકાકા સાથે ફાર્મ પર જવાનું મળશે કે કેમ એની મને ફિકર હતી; પણ ત્રણ મહિના પૂરા થયે તુરત દેવદાસકાકા પાછા નહિ ચાલ્યા જાય એવી ખાત્રી થતાં મને નિરાંત થઈ. પૂજ્ય બા ટૉલસ્ટૉય વાડીથી આવી ગયાં હતાં અને મોટું ઘર (બાપુજીનું) ઊઘડ્યું હતું. હું મારે ત્યાં અને દેવદાસકાકા પોતાને ત્યાં જમતા-સૂતા, છતાં અમારો સહવાસ જરા યે ઢીલો પડ્યો ન હતો. અમારું ભણતર અને ઘડતર એકધારું સાથેસાથે આગળ વધ્યે જતું હતું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

હજાર વર્ષ પછી . . . જ્યારે આજની દુનિયાની શકલ બીલકુલ બદલાઇ જશે ત્યારે . . . એ આગેકૂચમાં હિંદુસ્તાનનું સ્થાન ક્યાં હશે!

આપણી પૃથ્વીનાં દોઢ અબજ વરસ નકામાં ગયાં! ગ્રહના વિકાસનું અંતિમ મૂલ્ય જો માનવતા જ વિકસાવવાનું હોય તો આપણે બેશક તેમ કહી શકીએ છીએ. દોઢ અબજ વર્ષો પર આપણી પૃથ્વી પેદા થઇ. વિકાસને અરધે આરે આવ્યા પછી તો હજુ દરિયાઈ જીવો રૂપે સજીવતાનું પહેલું પરોઢ તે પર ફૂટ્યું. બાકી જે સમય રહ્યો તેમાંથી યે નવમો ભાગ તો માણસ સિવાયની પ્રાણીસૃષ્ટિના વિકાસમાં ખરચાયો. ખરેખરો માણસ તો આજથી માત્ર દસ લાખ વર્ષો પર જ હસ્તીમાં આવ્યો ને તે યે આજથી દસ હજાર વર્ષો પર તો માત્ર અર્ધ જંગલી અવસ્થાએ પહોંચ્યો હતો.

એ અર્ધજંગલી અવસ્થા પછી વિકાસ પામી, માણસે જે જુદી જુદી સંસ્કૃતિઓ રચી એ જેટલું અજબ છે, એથી યે અજબ તો વિજ્ઞાન દ્વારા આપણે ગઇ પા સદીમાં સાધેલો વિકાસ છે. ને આજનો આપણો વિકાસ ગઇ કાલથી યે વધુ ત્વરિત છે. કુદરતનો એમાં કેટલો હાથ હશે એ ન કહી શકાય, પણ આટલા કાળના વ્યય પછી માણસજાત જે પ્રગતિ કરી રહી છે તે તેનું ભવિષ્ય ઊજળું તો બતાવે જ છે. ને આજ કરતાં આવતી કાલની દુનિયાનું મોં ઊજળું જોવાની કોને ખાહેશ નહિ હોય?

આજથી એક લાખ વર્ષ પછીની કે દસ લાખ વર્ષ પછીની દુનિયા કેવી હશે? આ જબરી સંખ્યાથી જરા યે ગભરાવા જેવું નથી. આપણો સૂર્ય હજી એક કરોડ વર્ષનું આયુ ધરાવે છે અને દુનિયાના પ્રલયની કલ્પના યે શાસ્ત્રોનાં ગપ્પાંઓને બાદ કરીએ તો પાંચ લાખ વર્ષ પહેલાં કોઇ નથી આંકતું. છતાં બહુ નજીકનું ભવિષ્ય આપણી થોડી જ પેઢીઓ પછીના વિકાસનું યે સરસ માનસચિત્ર રજૂ કરતું હોઇ, આપણે તે જ હાથ લેવું ઠીક પડશે.

પા જ સદીએ ગઇકાલની દુનિયાની શકલ પલટાવવામાં કેટલો ભાગ ભજવ્યો છે? નવાં બંધાતાં મકાનોથી માંડીને બાળકને ઊઠતા સવાલોના થતા નવા વિશ્લેષણ સુધીનાં ક્ષેત્રો પર તમે નજર નાખો ને તમને તેની પ્રતીતિ થશે. એંશી વર્ષો પહેલાં જ એવી માન્યતા ચાલતી કે કલાકના ૬૦ માઇલની ગતિવાળા વાહનમાં બેસનાં હૃદય બંધ પડી જાય! પણ આજે સ્ટ્રીમ-લાઇન વાહનો રચી, આપણે એ માન્યતા નાપાયાદાર ઠેરવી છે. વિજ્ઞાનનો વિકાસ એવી તો આજે અસંખ્ય અશક્ય મનાતી બાબતોની શક્યતા ઊભી કરી રહ્યું છે.

'એક હજાર વર્ષ પછી સરજાનારી નવી દુનિયાના માણસને સમયનું પૂરેપૂરું મૂલ્ય હશે. ટ્રેનો તો ત્યારે રગશિયાં ગાડાં જેવી જ ગણાશે ને એવાં વાહનોમાં મુસાફરી કરવામાં ને પથારીમાં પડ્યા રહેવામાં તેને વખતનો વ્યય કરવો નહિ પાલવે. સેકંડે સેકંડનો તે હિસાબ રાખશે.' વિજ્ઞાનનું લોકભોગ્ય સાહિત્ય પીરસનાર ઈંગ્લંડનો વિજ્ઞાની લો આ રીતે નવી દુનિયાનો ખ્યાલ આપતો આગળ ચલાવે છે કે, 'ત્યારે મકાનો બધાં કાચનાં બનવાનાં. એ કાચ નામનો કાચ હશે. ફેરો-કૉંક્રીટ જેટલો જ તે મજબૂત બનવાનો.'

એના કહેવા પ્રમાણે તો, 'એ વખતે દુનિયાનો એવો કોઇ ખૂણોખાંચરો નહિ રહે કે જ્યાં રોગના જંતુઓ પેદા થાય. અવાજોની બીલકુલ ગેરહાજરી એ ત્યારનુ પ્રધાન લક્ષણ હશે. તે માટે ભીંતો પર એવો રોગાન લગાવવામાં આવશે કે અવાજનાં બધાં આંદોલનો તે ગળી જશે. વળી એ રોગાન બાજુના ઘરના વાતાવરણથી યે તેને અભેદ્ય રાખી શકશે. સ્ત્રીઓ પોતાની હાલની અનેક ફરજોમાંથી મુક્ત થઇ જશે. રસોડાં બધાં સામૂહિક બની જશે ને ઘેરઘેર ટ્યૂબો મારફત ખાણું મોકલવામાં આવશે. બે મિનિટથી વધુ વખત માણસ ભોજન પાછળ નહિ ગુમાવે.'

'ત્યારના દરેક ઘરને મથાળે વિમાન માટે છાપરું હશે સ્ત્રી પુરુષ બંનેનાં કપડાં એકસરખાં ને ખપપૂરતાં જ રહેવાનાં. ત્યારના મનુષ્યમાં દાંત ને વાળ લુપ્ત થયાં હશે ને નાકની શક્તિ યે ગઇ હશે. આંખની શક્તિને પહોંચી વળવા તેણે સૂક્ષ્મદર્શક યંત્રોનો આશરો લીધો હશે.'

'એ વખતે ઘર એક કિલ્લા જેવું જ રહેવાનું. પોતાના ઘરમાં બેઠાં બેઠાં વાયરલેસ, ટેલીવીઝન વગેરે મારફત

માણસ દુનિયા સાથે પોતાનો સંબંધ અતૂટ રાખી શકશે. અરે, પોતાનો પડોશી પોતા માટે કેવો મત ધરાવે છે તે યે એ જાણી શકશે. એક બટન દબાવતાં એને ઇચ્છિત કોઇપણ વસ્તુ તેની પાસે હાજર થશે. આખી માનવતા ત્યારે એક જ કુટુંબવત્ જીવતી હશે. દુનિયાના એક છેડે થએલું ખૂન, બીજા છેડા સુધીની માનવતાને કંપાવી મૂકશે.'

આ અને આવાં તો કેટલાં યે ભવિતવ્યો તેણે ભાખ્યાં છે. બાળકનાં રંગ અને જાતિ બદલાવી શકવાની, કાવ્ય, ચિત્રકલા વગેરેની પ્રતિભા જગાવવાનાં પણ ઇંજેકશનો આપવાની તેણે શકયતા ભાખી છે.

આજના માણસમાં પૃથ્વી ને વિશ્વની સમૃદ્ધિથી બેદરકાર રહી પોતાની જાતથી જ સંતોષ માનવાની વૃત્તિ પ્રધાન નથી રહી. (અનુસંધાન આગળ પૃષ્ઠ ૫૭૨મે)

પૂલના થાંભલાઓ

લોખંડી પૂલના સાદા, સીધા, જડા, કલાહીન થાંભલાઓમાં પણ કવિત્વ ? સહૃદય કવિને એ લાધ્યું છે, અને સ્વપરિચય આપતી એ થાંભલાઓની જ ઉક્તિમાં એમનું વીર-કરુણ વ્યક્તિત્વ એમણે ગાયું છે.

· પૃથ્વી ·

અમે ઉપવને ઉગ્યા, જળભર્યાં, કથ્યા કાવ્યમાં,
સુકોમળ સુચારૂસ્પર્શ, કદલી તણા સ્થંભ ના;
ન વા ભવન–એટલે લઘુક માળ બેચારનો
શિરે ધરત ભાર પૂતલીમઢ્યા વળી થાંભલા.

ન મસ્જિદ મહીં અનેક મળી એક ઘાબું ધરી
શિરે મસૃણ ગાદલા સમું ઉભેલ સ્થંભો ઘણા;
ન વા દ્રવિડદેશ–મંદિર વિષે પુદ્દમંડપો
મહીં નખશિખાન્ત કામ્ય કલદેહ સ્થંભો અમે;

અમે ન ગિરિઅંગથી ખણીખુતી ગુફાઓ વિષે
ઉભા અસલરૂપ નામ બસ સ્થંભનું ધારતા;
ન કે શિર પરે જ ભાર ધરી માત્ર નિર્ભાર આ
મહા નભ તણો તથા વિલય કયારના યે થયા
જનો 'મરની કીર્તિનો—અચલ કીર્તિસ્થંભો અમે.
અમે અગણ સ્થંભસૃષ્ટિ મહીં કો અનોખા સદા;
ફુટયા જલ ચુસી નથી, જડી લીધેલ કે ખાંભીએ
નથી, ખડકથી ખણેલ નહિ, કે ધરાપૃષ્ઠમાં
જરાક ધરબાઇ આ અચલ શા ઉભેલા અમે.
અમે સરળતા તણા નહિ ઉપાસકો એહવા.


સુચંચલ પ્રવાહમાં અચલતા તણી સાધના
અમારી; અતિ આર્દ્ર કોમલ સ્વરૂપનાં નીરની
અકોમલ કઠોરતા સહ જમાવી સંઘટ્ટના
અમે ઉતરતા ઉંડે, તરલ વારિ–ઓઘો તણા
વહી જત છતાં સદા ટકત ઉગ્ર આઘાતની
પછીત પર ટેકવી ડગ જલોની નીચે વસ્યા.

સુકંપ મહીં યે અકંપ ડગલે ધારે ઉતરી
અને પછી કઠોર કૈં પડ ધરા તણાં વીંધતા
જતાં, મથામથા મહા તસુતસુ જ જીતે જતા
અને અતલમાં ખુંતી સ્થિર થતા જ પાતાલમાં.

ચડી ઉતરવાનું ના સરલતાથી સંઘાડ પે,
ન કે તન સજાવવાનું મૃદુતાભર્યા ટાંકણે;
પરંતુ ઉદરે ભરી પથર રેત સીસાં કંઇ
રહેવું બની ભીમના અચલ પાય જેવા સદા,
કણેકણ રચાવું, અંગ પ્રતિ અંગ સંઘાડવાં
અને રિવટથી નસેનસ સિવાઇ જાવું બધે.

અમારૂં વ્રત ઉગ્ર, એકલતણી નિરાંતો તજી
કરોકર ભિડાવી નિત્ય અવિયોજ્ય યુગ્મો બની,
કતાર મહીં થૈ ખડા, મગજ સંકળાવી બધાં,
તજી અલગતા, અડોઅડ—સુદૂર તો યે—થવું
અને ધરતીભારને વહત શેષ શો વિસ્તૃત
પ્રલંબ શિર ધારવો બૃહદ પૂલ દુર્ભાર કો.

પરાર્ધ ટન બોજ શીશ, પગમાં પરાર્ધાશ્વનાં
પ્રચંડ વહનોની ચૂડ, ઉભયો મહીં સ્થૈર્યને
રહેવું નિત સાચવી, ન ખસવું, નહીં કંપવું,
અખંડ જગની સમસ્ત ગતિઓની કૈં ગંગને
રહી જ ઝિલવી જટા મહીં અનેક થૈ શંકર.



અહીં જનપદોની હેઠ અમ નિત્ય ચર્યા છતાં
અમે વિજનમાં વસ્યા; અમ પરે ન આંખો પડે
અમો પર પસાર થૈ જત તણી; અમોને નહિ
મનુષ્યકરસ્પર્શ, ના વિરહિણી અઢેલી ઉભે,
રમે ન શિશુ સાથ, ના દગ ઢળે કલાભક્તનાં,
ન તૈલરસમર્દનો, કુસુમગંધનાં અર્ચનો.

અહીં છ ધમસાણુ નિત્ય, જલઓઘ ગાંડા થઇ
ધસી ઉમટતા સુદૂર થકી સૈન્યટોળાં લઇ;
અહીં મકરદંષ્ટ્ર ને જળચરોની જિહ્વા-ચુમી,
તુટેલ તટમાટી મર્દન, તણાયલાં વૃક્ષની
સુકંટકની અર્ચના જ; અહીં પાળ થાતી વળી
મુવેલ પશુઓની, ને વમળની ઘણી વંતરી
અહીં નરતતી, પરંતુ દઢપાદ ઊભા અમે
ગણો શું શિવના ભયાનક ભુનાવળોને વિષે.

અમારી સહુ સાધના અચલતાની, ઊંડાણુની,
જગદ્ભરઉઠાવ કેરી; અમ બંધુઓની મૃદુ
સુકોમલ સુરમ્ય જીવનકલા અમારે નહીં
ખપે; પરમતોષ આ જળ વિષે સદાના ખડા
તપશ્ચરણુમાં બધી સફલતા અમારે અહીં
અનરત અફળાટમાં; સરલ, સૌ ખુણાખાંચથી
વિમુક્ત અમ અંગ, ભંગ નહિ કામિનીકાય શા,
અમે પરમ દાર્ઢ્યપૂર્ણ, જગ કેરી તોતીંગતા
ઉતારી અમમાં, ખડા પરમ વિશ્વચાંચલ્યનાં
તલો અતલમાં, અનંત પુરુષાર્થી તે ઇન્દ્રનાં
ભરાવી નખ બાઝિયાં અતુલ વજ્રનાં આંગળાં.

સુન્દરમ્

મારી સફર

સાધુના સંગમાં

ટાઢ ઊડી એટલે આગળ ચાલ્યો. એક ગામને પાદર આમલીના ઝાડ નીચે ભૂખે તરફડિયાં મારતાં આંતરડાંને શો જવાબ દેવો તે વિચારતો બેઠો. 'अब तो बात फैल गई होनी थी सो होई'. શરમને છાપરે બેઠે ઊંચું થઇ શકાશે નહિ, માટે હવે તો નિર્વાહ માટે યોગ્ય માર્ગ ગ્રહણ કરવો જ જોઇએ. હિંમત આવી, ગામમાં ગયો. પાંચ સાત ઘેર 'પ્રભુની દયા' માગી. બીજું કંઇ સૂત્ર તો આવડતું નહોતું. શેરેક લોટ મેળવી લીધો. એક ઘેર શુભવચનો પણ સાંભળવાં પડયાં. 'દયા પ્રભુની' કરીને ઊભો કે ઘરવાળી બાઇ રોટલો લઇને 'લો મહારાજ' કહેતી ઊભી રહી.

'હું તો લોટ જ લઉં છું.' મેં કહ્યું.

'ઓહો, કંઇ તીનફાશ! ભીખ માગવી અને રોફ કરવો. હેંડ્યા! સ્સ . . . મોટા નવાબ! જા, ન લે તો!' બાઇએ અભિનય સાથે આ કહી સંભળાવ્યું.

ચૂપ થઇને હું તો નીકળી ચાલ્યો. મારી પેઠે, ફરતા ભટકતા સાધુઓમાં આવું અને આથી યે વધારે અસહ્ય કહેણ સાંભળવા માટે પૂરી શાંતિ અને નિર્લેપપણું જોઇએ. માનાપમાન તો જાણે સાધુઓને હોવું ન જોઇએ, તે અહીં મને સમજાયું. રસ્તામાં વાડી આવી. સૂકાં સળીખડાં અને લાકડાં વીણી સળગાવ્યાં. કોસ ચાલતો હતો એટલે પાણીની આપદા ન પડી. પત્થર સાફ કરી તે પર લોટ બાંધ્યો—ખૂબ કઠણ. તેની મોટી–જાડી ભાખરી બનાવીને આગમાં શેકી. આંમલીની ચટણી સાથે ખાવા બેઠો. વાડીવાળાને દયા કે શ્રદ્ધા ઊભરાઇ અને દોડતો ઘઉં સાથે વાવેલા મૂળામાંથી એક બે લઈ આવ્યો. ખૂબ સ્વાદથી ખાધું.

પછી તો આ નિત્યનો ક્રમ બની ગયો. એ જ રીતે લોટ માગી, જળાશય પાસે રાંધી ખાઈ ચાલતો થાઉં એક મહા ઉપાધિમાંથી એ રીતે મુક્ત થઇ ગયો.

જે માણસ યોગ્ય સમયની કે યોગ્ય થવાની રાહ જોઈ બેસી રહે છે તેને સફળતા કદી વરતી નથી. સફળતાની દેવી ખરેખર સાહસિકોને જ વારી ગઈ છે. જ્યાં સાહસ ખેડ્યું, કે બધી આવડત આવી ગઇ. પણ એ માટે વીર હૃદયની આવશ્યકતા ખરી. સાહસોએ જ મને દુનિયાનું ભાન કરાવ્યું. જો હિમ્મત ન કરી હોત તો આજ ભયંકર દુર્દશામાં સડતો હોત. એનો ખ્યાલ કરૂં છું અને સમસમી ઊઠું છું.

માણસા પહોંચ્યો. ત્યાંથી સિદ્ધપુર ગયો. સિદ્ધપુરમાં વળી પાછો પેટપૂર્તિનો ક્રમ તૂટી ગયો. એ પ્રયોગ શહેરમાં ચાલે એવો ન લાગ્યો.

સિદ્ધપુરમાં ત્રણ દિવસ ગાળ્યા. છેલ્લે દિવસે એક ધર્મશાળા–દારિદ્રખાનામાં પડી રહ્યો. ત્યાં મદ્રાસી જેવા એક સાધુનો સંગ થયો. તેની સાથે તેનાં પત્ની પણ હતાં. સાક્ષાત્ મહાકાળીનું સ્વરૂપ. તેણે મને પોતાની સાથે ફરવામાં સ્વર્ગની સહેલના દશ્યો દેખાડ્યાં. હું પણ સાથીની જરૂર જોતો જ હતો. ભલે ભાઇ, એકથી બે ભલા. મેં તેની સાથે ફરવાનું નક્કી કર્યું; પણ એક વાતે, કે મારે કાશીનો રસ્તો છોડવાનો નથી. બાવે તે મંજૂર કર્યું અને પોતે આબુ થઇને પુષ્કરને માર્ગે કાશી જવાનો હતો એમ કહ્યું.

બાવો, તેનાં પત્ની અને સાથે એક વૃદ્ધા એમ અમે ચાર જણ સંઘ ઉપાડી ચાલ્યાં. બાવો મોજી પૂરો. જો તેના હાથમાં પૈસા કે બીજાં સાધનો હોય તો કોઇ રાજાના કરતાં પણ ચડે તેવો વિલાસ ભોગવ્યા વિના ન રહે. પત્ની પણ મહારાણી. બાવાને નચાવ્યા કરે. બાવાની મજાલ નહિ, કે તેની સામે કંઈ પણ બોલી શકે. ડોશી બિચારી મધ્યસ્થ. બાવાનું યે સાંભળે અને પત્નીજીનું પણ. છેલ્લે બંનેના અવગુણો મારી પાસે ગાય. એમ અમારો સંઘ પાલણપુર પહોંચ્યો. ત્યાં ભારે ધમાલ થઇ.

પાલણપુરના ગરીબખાનામાં પડાવ નાખ્યાને હજી તો પાંચેક મિનિટ થઇ હશે ત્યાં એક બાવો ધૂવાંફૂવાં થતો આવ્યો. પાછળથી પાંચ સાત બીજાં સાધુડાં પણ આવી પહોંચ્યાં. તેમને જોતાં જ બાવો તો ઢીલોઢફ અને પેલાં પત્નીજી મિયાંકી બિલ્લી.

'હરામજાદા! ચાલ પોલિસમાં; મારી બૈરી નસાડી ગયો?' પેલા સાધુએ આવતાંની સાથે સંભળાવ્યું.

'રામ રામ, રામ! ભઇશાબ, તમે એવું ન બોલો. અમદાવાદમાંથી તમે વહેલા જતા રહ્યા અને પાછળ એ રહી ગયાં એટલે અમારી સાથે ચાલ્યાં. મેં તો ઘણી ના કહી. પછી કહ્યું, કે રસ્તામાં મળી જશે. એમાં મારો કંઇ વાંક નથી. પૂછો આ બુઢિયાને.'

બાવાએ બચાવ કર્યો. ડોશીએ પણ સાક્ષી આપી. ખૂબ બોલાબોલી થઇ. છેવટે પેલો સાધુ મહાકાળીને પ્રણામ કરી ચાલ્યો ગયો. મેં તો નવું નાટક જોયું.

ડોશીને પાલણપુરમાં જ પડતી મૂકી હું અને બાવો આબુને રસ્તે પડ્યા. બાવાને હવે ખરો વૈરાગ આવી ગયો હતો. દુનિયામાં કંઇ નથી એવું વારંવાર કહ્યા કરતો. પણ છેવટ એ નીકળતું કે ખાના પીના ઔર મોજ કરના.

હવે ગુજરાતનો પડછાયો જ રહ્યો હતો. અર્ધ મારવાડી–ગુજરાતી બોલી અને પહેરવેશવાળા લોકો આવ્યા. ગરીબી તો જાણે અહીં જ ભરાઇ બેઠી હોય એવું લાગ્યું. સિદ્ધપુરથી પાલણપુર સુધીનો પ્રદેશ ગેબી લાગ્યો. જ્યાંત્યાં પ્રાચીન અવશેષોના ઢગ પર ઢગ ખડકયા દેખાતા. જાણે એમાંથી ‘અમને ખોદી કાઢો’નો અવાજ ગુંજતો હોય એમ લાગતું. પ્રદેશ જાણે હજાર હજાર વીર લડવૈયાઓની કબર બન્યો ભાસતો. અતૃપ્ત આત્માઓના વિકલ ભ્રમણથી ધૂસળવરણું વાતાવરણ ક્ષુબ્ધતા જગાવતું જોયું. અહીં જ કુમારપાળ, સિદ્ધરાજ વગેરે લોહી તરસ્યા માનવીઓ હત્યારાના! પર્યાયવાસી શબ્દ ‘રાજા’નું બિરદ ધારીને રક્તરંજિત ખડ્ગ લઇ ઘૂમ્યા હશે. ઇતિહાસના એ ભલે નરરત્નો હશે, પણ માનવતાના તો નરપિશાચો હતા. એમના સ્વાર્થી કાર્યોના પાપથી બળીને ભઠ થઈ ગયેલો પ્રદેશ હરિત નહિ જ બને એમ લાગતું હતું.

પાલણપુરથી બાવાનો ઉત્સાહ ઓસરી ગયો. હવે તેને બીબી વગર મોજથી માર્ગ કાપવો કઠિન થઇ પડ્યો. મેં તો ઘણી ના જ કહી, પણ છેવટે તેની સાથે આગગાડીમાં બેસીને આબુરોડ ઊતરવું પડ્યું. બીજાનું તો આ આગગાડી ભલું કરતી કરશે, પણ બાવા–સાધુઓનું તો ખૂબ ભલું કર્યું છે. ધર્માત્મા સ્ટેશન માસ્તરો અને ટિકીટ તપાસનારા પણ સાધુઓને જવા દઈ પુણ્ય લાભ વગર હાનિએ પ્રાપ્ત કરી લે છે.

આબુરાજ નીલ અંચળો ઓઢીને જાણે ધ્યાનસ્થ બેઠો હતો. કોઇ અત્યાચારી શિકારીએ તેને જાનવર સમજી ગોળીઓ મારી હોય અને એ ઘા રૂઝ્યા વિના દૂરથી દેખાતા હોય તેમ પોતાના વિહાર માટે પ્રકૃતિરચિત અંચળો ચીરી તેમાં માણસોએ ગોળીઓ સમા અપ્રાકૃતિક બંગલાઓ બાંધી દીધા દેખાયા. અત્યારે તો આબુરાજ ધ્યાનમસ્ત છે, કંઇ વેદના નથી અનુભવતો, પણ જ્યારે એ સમાધિભંગ થશે ત્યારે?

અમે ઉપર એક ધર્મશાળામાં મુકામ મેળવ્યો. ધર્મશાળા જૈનોની હતી. આ વખતે યાત્રીઓ ન મળે, નહિ તો ઇતર ધર્મીને ત્યાં સ્થાન મળે જ શાનું? ખાસ કારણ તો ત્યાંના કારભારીને સાથ મળે એ હતું. બીજે જ દિવસે જૈન ધર્મને બાવાએ ભડકાવી દીધો. સારૂં થયું કે ધર્મશાળાના મુનીમજીએ બિચારા ત્રસ્ત ધર્મને રોકી રાખ્યો; નહિ તો કોણ જાણે આબુ ઉપરથી ગબડીને દયામૂર્તિ ધર્મના શા હાલ થાત! બાવાએ લસણ સંઘરી રાખેલું. ખીચડી પકાવીને હું બાવાને બોલાવું તે પહેલાં તો તે લસણની કળીઓ ફોલતો આવ્યો. એ અમૃતકલિકાઓ મહેકી ઊઠી. કારભારી સાહેબ બૂમ પાડી ઊઠ્યા:

‘નીકળો, એમ ને એમ નીકળો! હત્ત તમારીની! લખ્ખણ ઝળકાવ્યાં? અરરર! લસણ? અહીં? ધર્મશાળામાં? હેટ્ તારા કાફરની!’ કહેતા કારભારી બાવા ઉપર તૂટી પડ્યા.મને તો લાગ્યું કે ખરેખર, જૈન ધર્મ નાસી છૂટ્યો છે! નહિ તો જૈન કારભારી આવો હિંસક બની ન જાય. બાવો તો જાણે હમણાં કારભારીનો તમાચો પડ્યો કે પડશે. બિચારે ઝોળી બગલમાં મારી અને બહાર નીકળ્યો.

‘હટ્ લ્યા, બોંમણાની-તારીની. કયાંથી આવાં હાલી મળ્યાં’ કહીને મને પણ વગર ખીચડી ખાધે બહાર કાઢ્યો. આખરે પ્રાર્થના કરતાં સંધિ થઇ અને ખીચડી ખાવાની રજા મળી. ખાઇને અમે આગળ ચાલ્યા.

નામ, ઠામ, સ્થળ વગેરે તો બધું ભૂલી ગયો છું. આબુરાજનો સઘન, હરિત, લલિત વનરાજીથી ભરપૂર નિધિ મોહક હતો. આઠેક દિવસ આબુરાજનો ખોળો ખૂંદ્યો. એકલો એકલો દૂરદૂર ભટકયો. બેત્રણ સાધુના આશ્રમો પણ જોયા. મન તો કહેવા લાગ્યું કે અહીં જ રહી જાને! બધી ઉપાધિમાંથી મુક્તિ. પણ બંધન અને મારી મહેચ્છાઓ મને કેમ એક જ સ્થળે બેસવા દે?

આબુ ઉપર વધારે દિવસો ગાળવા હતા; પણ વિઘ્ન આવી નડ્યું. ઉપર મોટું નખી તળાવ છે. દલપતરામે બાર ગાઉનો પિયાવો કહ્યું છે. ત્યાં એક મંદિર જેવું હતું અને ધર્મશાળા. એક બાવો પડી રહેતો હતો. તે એક પગે લંગડો હતો. તે મારી ખૂબ સરભરા કરવા

લાગ્યો. એક દિવસ સાંજે હું ફરીને પાછો આવ્યો ત્યારે મારો સાથી બાવો તેની સાથે ઝગડતો હતો.

'તું એમ સમજે છે કે છોકરાને તું સાથે લઈ જઇશ? તરત જ પોલીસને ખબર આપીશ કે ભગાવી લાવ્યો છે.' મંદિરનો બાવો બોલતો હતો.

'જા, જા. તારે એમ કરીને એને ચેલો મુંડી લેવો છે કેમ? એ નહિ બને. હું મારી સાથે લાવ્યો છું. કોણ કહે છે કે ભગાવી લાવ્યો છું?' મારો સાથી બાવો બોલ્યો. પણ એમને ક્યાં ખબર હતી કે આ ચેલારામ બધા ગુરુને પી જાય એવા છે! રંગ જામતો જોઇને મેં કહ્યું:

'જવા દો; મને કોઇ ભગાવી લાવ્યું પણ નથી અને હું કોઇનો ચેલો યે થવાનો નથી. મારે તો કાશીએ જવું છે અને આ સાથ મળ્યો છે તે ચાલ્યો જાઉં છું.'

બાવા લડતા બંધ પડ્યા. ધર્મશાળામાં બાવાને ન રહેવાની નોટીસ મળી ગઇ. મને તો રજા હોય જ. હું તો શીરાનો કોળિયો ખરો ને?

રાંધી ખાઇને અમે ચાલ્યા. તાપણું બાળીને રાત કાઢી. સવારે સ્ટેશને ગયા. બાવો તો ગાડીમાં બેસીને જ જવાનો આગ્રહ લઇ બેઠો. મેં કહ્યું: 'ભલા આદમી, વગર ટિકિટે બેસવું ઠીક નહિ.'

'તું હજી કાચો છે. જો તો ખરો, ગાડી આપણીજ છે.'

ગાડી આવી અને અમે બેઠા. બે ત્રણેક સ્ટેશન ગયા હોઇશું કે પકડાયા. ટિકિટ તપાસનાર તદ્દન નાસ્તિક નીકળ્યો. ભગવાનને નામે સ્ટેશનની બહાર નીકળી જવા દેવા જેટલી પણ મર્યાદા તે ન સાચવે એ કેવો અધર્મ! બાવે ઘણીઘણી દોહાઇઓ દીધી, પણ અધર્મી માન્યો નહિ! હું તો ડઘાઇ જ ગયો. અમને સ્ટેશન માસ્તરને હવાલે કરી દીધા. હત્ત તેરીકી!

સ્ટેશન માસ્તર પણ કમબખ્ત નીકળ્યો. 'પૈસા આપો કે જેલ જાઓ. ઘણા દિવસ મોજ કરી. આજ તો થોડું ભાડું આપવું જ પડશે.' તે કહેવા લાગ્યો. બાવો વધારે કરગરતો તેમ માસ્તર વધારે ગુસ્સો કરતો. ગયાં. પોલિસને બોલાવીને તેણે અમારી જડતી લેવા ફરમાવ્યું. તે વળી અમને એક કોટડીમાં લઇ ગયો. ખૂબ ડર ધમકી દીધાં. મારાં ચોપડાં પણ ફેંદ્યાં. ગજવાં તો હતાં જ નહિ. એક કકડાને છેડે બાંધેલા ત્રણ આના તેને મળ્યા. લઇને મૂકયા ગજવામાં. બાવો પાકો ઉસ્તાદ હતો. એક પાઇ પણ તેની પાસેથી નીકળી નહિ. મને પછી ખબર પડી, કે ગળામાં તેણે પૈસા રાખવાની જગ્યા બનાવી લીધી હતી. જીભ પાસે ખાલી ભાગ ઉપર એક ચામડીનું પડ જ હોય છે. તે ચીરો એટલે ગળામાં ડોક સુધી થેલી જેવી જગ્યા બની જાય છે. તેમાં પૈસાથી સહેજ નાની એટલે ચાંદીની આડઆની જેવડી ચીજ જઈ શકે.

કંઇ ન મળ્યું એટલે સિપાઇએ અમને કોટડીમાં પૂરી દીધા. બાવો બોલ્યો, 'ગભરાય છે શું? કંઇ નથી થવાનું.'

એમ જ થયું. સાંજે અમને ધક્કા મારીને કાઢી મૂકયા. હાશ, રામ! છૂટયા.

જીવરામ જોષી

હજાર વર્ષ પછી . . . . (અનુસંધાન પૃષ્ઠ ૫૬૮થી)

એટલે જ હવે પછી થનારો મનુષ્યનો વિકાસ પૃથ્વીનાં વેડફાએલાં વર્ષોનો ખંગ વાળી દેતો જણાશે. વિજ્ઞાનને સહારે માનવતા પોતાના પાથેય પથે પડી ગઇ છે એટલું જ નહિ, પણ પૃથ્વીના ઇતિહાસમાં કદી નહિ બનેલું એમ હવે એ પોતાનો સંજ્ઞાત વિકાસ સાધી રહી છે.

પણ માનવતાના નામે આટલું અભિમાન લેતાં જ હિંદની ખદબદતી માનવતા નજર રોકયા સિવાય નથી રહેતી. દસમાંથી આઠ માણસોએ દસ માઇલની પણ કદી મુસાફરી ન કરી હોય એવી પ્રજા કે જેનામાં એકાણુ ટકા તો નિરક્ષરો જ વસે છે, તે માનવતાની આ વિકાસકૂચ સાથે પોતાને કેમ હારોહાર રાખી શકશે? રાજકીય, જાતીય, ઔદ્યોગિક ને આંતરરાષ્ટ્રીય એવી અનેક લીસી ગૂંચોમાં આપણે એવા ગૂંચવાઇ રહ્યા છીએ કે કુદરત આપણો ફરજિયાત વિકાસ (Evolution by compulsion) ન સાધે તો તો આજના માનસ વડે આપણી હસ્તી કાળની આગેકદમીમાં ટકાવવી અશક્ય છે.

એ શક્યતા વિજ્ઞાનને સમજવાથી જ માત્ર નહિ આણી શકાય. આપણા વિકાસમાં તેને ભાગીદાર બનાવવું પડશે. જીવનની કલા સાથે તેનો સુયોગ સાધવા આપણી દરેક વૃત્તિ સંસ્કારવી પડશે, ને સૌથી વધુ તો, સારી યે માનવતા લક્ષમાં રાખી વ્યક્તિઓની આસપાસ ગુંથાએલો બધો ભૂતકાળ આપણે ભૂલી જવો પડશે. ત્યારે જ નવી દુનિયાના એક ઘટક તરીકે જીવવા આપણી હસ્તી ટકાવી શકીશું.

અશોક હર્ષ


ફોટોગ્રાફી

પહેલું ઇનામ, 'કામમાં મશગૂલ'–ભાઇ ચંદુલાલ જે. શાહ (અમદાવાદ); બીજું ઇનામ, 'માજી'–ભાઇ જશવંત ઠક્કર (ભાવનગર); પ્રશંસાપાત્ર: 'ગ્રામ્ય ગોરી'–ભાઇ ચંદુલાલ જે. શાહ (અમદાવાદ).

આ મહિને ચિત્રો ઠીક પ્રમાણમાં હતાં તેમાંથી પરિણામ નક્કી થયા બાદ અકસ્માતે બાકીના ફોટોગ્રાફોનું કવર ગુમ થવા પામ્યું છે એ સમાચાર સખેદ જણાવીએ છીએ, અને ચિત્રો સાથે જેમણે ટિકીટો મોકલી હોય તેમને તે પાછી મોકલવાનું તથા જેમણે પ્રિન્ટ માટે ખર્ચ કર્યો હોય તેમને નેગેટિવો પરથી પ્રિન્ટ કરાવી દેવાનું સ્વીકારીએ છીએ.

એક દુઃખદ અવસાન

'કુમાર' અને ગુજરાતનાં બીજાં વર્તમાનપત્રોમાં સાદાં સ્વચ્છ ફોટો-ચિત્રો પીરસનાર શ્રી રઘાભાઇ જીવાભાઇ પરમારનું નામ ભૂલાય એમ નથી જીવનની અત્યંત કઠોર સ્થિતિમાંથી એ ભાઈ ઉપર આવતા હતા. જામનગર ફોટો કંપની તેમનું આશ્રયસ્થાન હતું અને તેના ઉદાર સંચાલક શ્રી પંચાણભાઇ વારાએ તેમની કળા પાંગરે તે માટે નોકરીની સાથે ઘણી સગવડો આપી હતી સાદા ફોકસિંગ કૅમેરાથી પ્લેટ પર એ ચિત્રો લેતા, એ ચિત્રોની નેગેટિવો એટલી સ્વચ્છ અને રેખાસ્પષ્ટ છે કે મોટામાં મોટું એન્લાર્જમેન્ટ આપી શકે. છેવટના દિવસોમાં એમની માનસિક દશા ભ્રમિત બની ગઇ હતી ને એ દશામાં જ એમણે દેહ છોડયો, એ સમાચારથી સૌને ખેદ થશે. ૨. મ. શ



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો (ક્રમાંક ૮) **નવો જમાનો ને નવા વિચાર**

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક • પ્રોફેસર ના. સિ. ફડકે)

કોઇપણ વ્યક્તિ કે સમાજ પ્રતિકૂળ પરિસ્થિતિમાં આવી પડે છે ત્યારે એ પોતાની એવી દશાનો બધો દોષ એ પરિસ્થિતિ પર જ ઢોળી પોતે મોકળા રહે છે. 'જમાનો બદલાયો,' 'કળજુગ આવ્યો,' 'કઠણ દિવસો આવ્યા,' વગેરે ઉદ્ગારો તેઓ બેઠાબેઠા કાઢયા કરે છે.

પણ એ ખાસ ધ્યાનમાં રાખવું કે યશ–અપયશનો બધો પોટલો પરિસ્થિતિને માથે નથી હોતો. કાળ તો પરિવર્તનશીલ જ છે. બધા જ દિવસો સરખા રહે તો માનવજીવનમાંથી ચારધી મજા ઊડી જાય. એટલે કાળના પલટા સાથે પરિસ્થિતિ પલટાય છે એ ખરું, પણ સાથે સાથે દરેક નવી પરિસ્થિતિ પ્રમાણે તેના નવા આચારવિચારોની યોજના માણસ કરી લેતો જાય તો તે દુઃખમય બનવાનો સંભવ ઓછો રહે છે.

જે મનુષ્ય કે સમાજ નવી પરિસ્થિતિને ઓળખીને પોતાના આચારવિચારોમાં આવશ્યક ફેરફાર કરવા તૈયાર નથી રહેતો તેનું દુઃખ સહસા ઓછું નહિ થવાનું.

આ મહિનો (નવેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૨ હિંદના સમર્થ વિજ્ઞાની શ્રી મહેન્દ્રલાલ સરકારનો જન્મ—ઇ. ૧૮૩૩

તા. ૪ દિલ્હી મુકામેથી કૉંગ્રેસની કારોબારી સમિતિએ વિદેશી કાપડનો બહિષ્કાર જાહેર કર્યો—ઇ. ૧૯૨૧ ** શ્રી જમનાલાલ બજાજનો જન્મ—ઈ. ૧૮૮૯

તા. ૫ દેશબંધુ ચિત્તરંજન દાસનો જન્મ—ઇ. ૧૮૭૦

તા. ૭ ભારતના પ્રાણસમા 'લાલ, બાલ ને પાલ' એ ત્રિપુટીમાંના એક શ્રી બિપિનચંદ્ર પાલનો જન્મ—ઇ. ૧૮૫૮ ** છેલ્લા મુગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરનું રંગુનમાં કેદી અવસ્થામાં અવસાન—ઈ. ૧૮૬૨

તા. ૧૦ બંગાળના સિંહ સર સુરેન્દ્રનાથ બેનરજીનો જન્મ—ઇ. ૧૮૪૮ ** ઇસાઈ ધર્મમાં ક્રાન્તિ આણનાર માર્ટિન લ્યૂથરનો જન્મ—ઇ. ૧૪૮૩ ** લૉર્ડ કર્ઝને બંગાળામાં પાડેલા ભાગલાથી ઊભરેલા ક્રાન્તિના જુવાળમાં મોતની બીકે તાજ તરફથી સાક્ષી આપવા ઊભા થએલા નરેન્દ્ર ગોસ્વામીને ઠાર કરનાર બંગાળી વીર કનૈયાલાલ દત્ત અને સત્યેન્દ્ર દત્તને ફાંસી અપાઇ—ઈ. ૧૯૦૮ ** પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર જોન ગાલ્સવર્ધીનું અવસાન—ઇ. ૧૯૩૩

તા. ૧૪ રાષ્ટ્રપતિ જવાહરલાલ નેહરૂનો જન્મ—ઇ. ૧૮૯૮

તા. ૧૫ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના—ઇ. ૧૯૨૦

તા. ૧૬ ભારતસ્વાતંત્ર્યના પહેલા હુતાશનમાં ઝંપલાવી, તેના બલિ બનનાર, ભારતનાં કુલદેવી વીરાંગના લક્ષ્મીબાઇનો જન્મ—ઈ. ૧૮૩૫

તા. ૧૭ લાલા લજપતરાયનું અવસાન—ઇ. ૧૯૨૮

તા. ૨૦ મહાન રશિયન લેખક કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું અવસાન—ઇ. ૧૯૧૦

તા. ૨૨ હિંદની ભૂમિ પર અંગ્રેજોનો પગપેસારો સાબિતકદમ કરનાર લૉર્ડ ક્લાઇવે આપઘાત કર્યો —ઇ. ૧૭૭૪

તા. ૨૪ ૧૮૫૭ના હિંદના સ્વાતંત્ર્યસંગ્રામને દફનાવવામાં બ્રિટિશ તાજને અમૂલ્ય મદદ આપનાર સેનાપતિ હેન્રી હેવલૉકનું અવસાન—ઇ. ૧૮૫૭

તા. ૨૮ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનો જન્મ—સંવત ૧૧૪૫ ના કાર્તિક સુદિ ૧૫

તા. ૩૦ વનસ્પતિજગતમાં અનન્ય શોધોથી જગતને ઉપકૃત કરનાર હિંદના મહાન વિજ્ઞાની સર જગદીશચંદ્ર બોઝનો જન્મ—ઇ ૧૮૫૮



આ માસની વિભૂતિ
દેવધરદાદા

ઇ. ૧૮૭૧—સ્ત્રીઓ અને શૂદ્રોની સેવાને જિંદગીના ધ્યેય તરીકે સ્વીકારી, હિંદના સામાજિક ક્ષેત્રમાં અવિરત સેવા આપનાર અને ગોખલેજીના પટ્ટશિષ્ય શ્રી ગોપાલકૃષ્ણ દેવધરનો પૂનાના એક ગરીબ દક્ષિણી કુટુંબમાં જન્મ.

ઇ. ૧૯૦૪—મુંબાઇ યુનિવર્સિટીની એમ.એ. ની પદવી મેળવી. એ જ સાલમાં એ સદ્ગત ગોખલેના સહવાસમાં આવ્યા ને એમના જીવનની ફોરમે એમને સેવાવ્રત ગ્રહણ કરાવ્યું. થોડો વખત સ્થાનિક શાળામાં પ્રિન્સિપાલ તરીકે રહ્યા પછી મુંબાઇ આવી આર્યન એજ્યુકેશનલ સોસાએટીમાં કાર્ય કરવું શરૂ કર્યું.

ઈ. ૧૯૦૫—'હિંદ સેવકસંઘ'ની સ્થાપનામાં આગળપડતો ભાગ લઇ, છ વર્ષ સુધી તેના ઉપપ્રમુખ રહ્યા. બે વાર પ્રમુખ તરીકે પણ એ ચૂંટાએલા.

ઇ. ૧૯૦૯—પૂનાનું સેવાસદન સ્થાપવામાં પણ જબરો ફાળો આપ્યો.

ઈ. ૧૯૧૮—હિંદી પ્રેસપ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વિદેશની સફર કરી.

ઇ. ૧૯૨૦—સોલાપુરમાં મળેલ પ્રાંતિક સામાજિકપરિષદના પ્રમુખ ચુંટાયા.


ઇ. ૧૯૨૭—ગુજરાત, કાઠિયાવાડ, સિંધ અને ઓરીસામાં આવેલી રેલ વખતે કેટલાં યે રાહતફંડો ઊભાં કર્યાં.

ઇ. ૧૯૨૮—મદ્રાસ સરકારે સ્થાપેલ સહકારી સમિતિમાં કીમતી સેવા આપી. સહકારી પ્રવૃત્તિ એમને ખૂબ પ્રિય હતી ને પોતાના પ્રાંતમાં ઘણી સહકારી મંડળીઓ સ્થાપી હતી. ખેતીવાડી અને ગ્રામ–પુનર્ઘટનામાં પણ એમને ભારે રસ હતો. પૂના નજીકના ખેડ શિવાપુર ગામની પુનર્ઘટનામાં એમણે અત્યુત્તમ ફાળો આપ્યો હતો. શાહી ખેતીવાડી સમિતિના એ સભ્ય હતા

ઇ. ૧૯૩૧—હિંદ સેવકસંઘને આપેલી કીમતી સેવાઓ બદલ તેમના મિત્રો અને પ્રશંસકોએ તેમનો રૌપ્ય મહોત્સવ ઊજવી, રૂા. ૧૦,૫૦૦ની થેલી સમર્પી.

ઇ. ૧૯૩૫ના નવેમ્બરની ૬ઠ્ઠી ને રવિવારની સાંજે, સેવાને જ પોતાનો ધર્મ માનનાર આ સેવાધર્મીનું મધુપ્રમેહના રોગથી અવસાન થયું પૂ. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, 'એકે દુકાળ, અતિવૃષ્ટિ, અગ્નિપ્રકોપ, ભૂકંપ કે બીજી કોઇ પણ કુદરતી કે સામાજિક આફત એવી ન હતી કે જ્યાં દેવધરદાદાએ દોડ ન કાઢી હોય, અને હજારો રૂપિયા એકઠા કરીને પીડિતોની વહારે ન ધાયા હોય.' એમની માફક નિષ્કામ સેવાધર્મનો રાહ સ્વીકારવામાં જ એમનું સાચું તર્પણ છે.


સરજનહારની સૃષ્ટિ [૮] ગેંડો



ત્રણ આંગળાંવાળા ટૂંકા પગ પર ટેકવેલો રાક્ષસી દેહ, ઊભા અણીદાર ને છેડે વાળના ગુચ્છાવાળા કાન, માથાના પ્રમાણમાં ખૂબ નાની આંખ ને આગળપડતા ઉપલા હોઠ પર ઊગેલા શીંગડાવાળા બેડોળ ગેંડાને જોતાં વેંત તમે કહી ઊઠશો: 'સરજનહારે આવું તે કેવું વિચિત્ર પ્રાણી સરજ્યું?'

તમે ભલે એમ કહો, પણ પૃથ્વી પર તો ગેંડાની હસ્તી માણસજાતના જન્મથી યે પહેલાંથી—ત્રીસ લાખ વર્ષોથી—ચાલી આવે છે. ત્યારના એના પૂર્વજો તો આજની એની ઓલાદથી યે બેડોળ અને કદમાં રાક્ષસી હતા. અઢાર ફૂટ ઊંચા ને સોળથી વીસ ટનના વજનના!

એના એવા રાક્ષસી પૂર્વજના અવશેષો આપણે ત્યાં જ ઈ. ૧૯૧૧માં બલુચિસ્તાનમાંથી ખોદી કાઢવામાં આવ્યા અને એથી તેને 'બલુચીથેરિયમ'નું નામ પણ આપવામાં આવ્યું છે. સાથેના ચિત્ર પરથી એ પ્રાગૈતિહાસિક ગેંડાનો તમને કંઈક ખ્યાલ આવશે.



ગેંડાના આદિ વડવા બલુચીથેરિયમ, હાથી, જિરાફ અને માણસનાં ઉત્તરોત્તર કદ દર્શાવતી આકૃતિ. બલુચીથેરિયમનો એક વંશજ અને ગેંડાનો સીધો પૂર્વજ તે ટિટૅનોથેરિયમ. આજના ગેંડાથી દસમા ભાગનુંજ મગજ તે ધરાવતું.

ગેંડો એ અતુલ બળવાન પ્રાણી છે. પુખ્ત હાથી કરતાં યે તેનું બળ વિશેષ હોય છે. પણ બળથી ભભૂકતા જ્વાલામુખી જેવા આ પ્રાણીને એક કટ્ટો દુશ્મન પણ છે, ને એની પાસે ગેંડાનું જબ્બર કદ અને અતુલ બળ પણ નિષ્ફળ નીવડે છે. એ દુશ્મન તે મગર. મિ. ફ્લેઇશમાને એ બંનેનું યુદ્ધ નજરોનજર જોએલું. એક ગેંડો કેન્યાની કોઈ નદીના છીછરા પટમાં પાણી પીતો હતો. ત્યાં અચાનક તેનો પાછલો પગ એક ભયંકર મગરે ઝડપી લીધો. (ગેંડો પાણીથી બહુ દૂર જતો નથી, કારણ તેને તરસ વારંવાર લાગે છે.) કિનારા નજીક જ એ હતો. પણ ત્યાં પહોંચવા ગેંડાએ ભયંકર જુદ્ધ આદરેલું. અંતે મગર વિજયી થયો. ગેંડાને એ ઊંડા પાણીમાં ખેંચતો જ ગયો ને પછી તો હજારો મગરોએ તેની કતલ કરી નાખી.

બીજી બાજુ, ગેંડાને એક દોસ્ત પણ છે, જે કદી તેનો સાથ નથી છોડતો ને આગામી ભયથી હમેશાં તેને ચેતવે છે. એ દોસ્ત એક નાનું જેવું પંખી છે. એ હમેશાં ગેંડાની પીઠ પર જ બેસે છે ને એની જાડી ચામડીના વાટામાં ભરાઈ બેસતાં ઝીણાંમોટાં જંતુઓને વીણીવીણીને ખાઈ જાય છે. ગેંડાની આ ઉદારતાનો બદલો, કંઈક ભયારપદ જણાતાં, એ પંખી પાંખો ફફડાવતા રહી તેને ચેતવણી આપીને અદા કરે છે.

ગેંડાની જાતના કુલ પાંચ વર્ગ પાડવામાં આવ્યા છે. તેમાંના બે આફ્રિકામાં થાય છે અને ત્રણ એશિયામાં. આફ્રિકાના ગેંડાને સામાન્યત: બે શીંગડાં હોય છે. પાંચેમાંથી કદમાં સૌથી મોટી જાત હિંદમાં જ થાય છે. તેને એક શીંગડું હોય છે, ચામડી ખૂબ જાડી અને વાળના આછા અસ્તરથી ઢાંકેલી રહે છે ને તેમાં એવા વાટા પડેલા હોય છે કે જાણે બખ્તર પહેર્યું હોય એમ જ લાગે. ગેંડાના અતુલ બળનો ખ્યાલ તો જ્યારે એને ખરેખરો ક્રોધ ચડ્યો હોય ત્યારે જ આવે. સાક્ષાત્ કાળભૈરવ જોઈ લો. ક્રોધમાં એ એવો તો આંધળો બની જાય છે કે માર્ગમાં આવતી હરેક ચીજનો તે જડમૂળથી નાશ કરી દે છે.

ગમે તેવાં જંગલી પ્રાણીઓને પાળી શકાય છે ને તેમનો વિશ્વાસ કરી શકાય છે, પણ ગેંડાનો કદી નહિ: તેને હમેશાં ખવડાવતા પીવાડતા માણસને પણ તે કદી મિત્રની નજરે નથી જોતો ને લાગ મળે તો તરત તેને જાનથી મારી નાખે છે એટલો એ મૂર્ખ છે.

પણ એ માણસને મારે છે, તે ખાવા માટે નહિ પણ પોતાની ધૂન સંતોષવા; કારણકે એ પોતે તો ઘાસાહારી છે ને હાથીના જેવો જ તેનો ખોરાક હોય છે.

આરસીના ભીતરમાં

રાતે માથું ઓળીએ તો પરમેશ્વરની થાળીમાં વાળ પડે. નાનપણમાં આ વાત બહુ જ વાર સાંભળેલી, પણ એ અજ્ઞાન અવસ્થામાં પણ એ વાત માન્યામાં આવતી નહોતી. જરા સમજણ આવ્યા પછી અખતરો કરી જોવા માટે જ હું રાતે માથું ઓળતી; વાળ ભેગા કરી એક કાગળના પડીકામાં ભરી નીચે નાખતી; સવારના પહોરમાં અમારી મોતલી ઝાડુ કાઢવા આવતી ત્યારે એ કાગળનું પડીકું ઉપાડી જતી;–એ વાળ પરમેશ્વરને ત્યાં શી રીતે જાય? પછી તો એવી ટેવ જ પડી ગઇ કે રાતે માથું ઓળ્યા વગર ઊંઘ જ ના આવે!

એક રાત્રે હું આરસીવાળા ટેબલ સામે બેઠીબેઠી માથું ઓળતી હતી. ઊંઘ ખૂબ આવતી હતી, પણ સાથે સાથે આરસી, ઝાડુ વાળનાર મોતલી વગેરેના વિચારો પણ આવતા હતા, ને—આરસીમાં દેખાતી મારી આંખો વિષે પણ હું છેક બેધ્યાન નહોતી. ત્યાં તો મારી આંખો મારી સામે આવી મને પૂછવા લાગી કે 'તમે થોડો સમય રજા આપો તો આરસીના ભીતરમાં જવું છે.' મેં કહ્યું, 'જાઓને, તમે જશો તો જોવાનું તો મને જ મળશેને?'

અંદર તો મોટો વિશાળ ઓરડો હતો. ભીંત તો જાતજાતનાં દર્પણોથી ભભકદાર હતી; છત પણ આરસીની, જમીન પણ આરસીની, ભીંતો પણ એની જ. તે ઓરડામાં એક ખૂણામાં આરસીબાઇ પોતે બેઠેલાં હતાં. મારી આંખોએ ત્યાં જઇ તેમને નમસ્કાર કર્યા. પણ આરસીબાઇને શું અભિમાન! સામા નમસ્કારે ન કર્યા! તો પણ આંખો તો અપમાન ગળી જઇ સામી બેઠી. કાંઇ વાત કરવી જોઇએ એમ ધારી જમણી આંખ બોલી, 'તમારા ઘરમાં કેટલું અજવાળું, કેટલો ચળકાટ છે!'

આરસીબાઇ હોઠ મચકોડીને બોલ્યાં, 'અમારા મૂળ વતનમાં તો એટલું તેજ, એટલો પ્રકાશ હતો કે અહીં તો મને જરા યે નથી ગમતું.'

આંખે પૂછ્યું: 'તમારૂં વતન કયું?'

આરસી ગર્વથી બોલી: 'સૂર્યલોકમાં મારો જન્મ થએલો. મારૂં બાળપણ ત્યાં જ પસાર થએલું.'

ડાબી આંખે પૂછ્યું, 'ત્યાં કોણ હતું? તમે શું કરતાં? જરા વાત તો કરો!'

આરસી બોલી: 'ત્યાં કોણ નહોતું એમ પૂછોને! તારાઓ, સૂર્યદેવ, ચન્દ્રમા, બધાં જ સાથે રહેતાં. સૂર્યદેવ અમારો રાજા, ચન્દ્રમા રાણી ને તારાઓ રાજકુમારો.'

જમણી આંખ બોલી, 'તમે રાજકુંવરી હતાં?' આરસી સ્હેજ ઝ્હીલી પડી ગઇ અને બોલી, 'ના, હું તો ત્યાં ઝાડુ મારનાર હતી. મારૂં નામ આરસી હતું.'

મારી આંખોને તો આ સાંભળી ખૂબ હસવું આવ્યું. ડાબી આંખે જમણી તરફ જોઇ જરા મટકું માર્યું, ને તે બોલી, 'ઓય મા! છે તો ઝાડુ વાળનારી, પણ તનમનાટ કેટલો છે!'

આરસીબાઇએ તો પોતાની વાત આગળ ચલાવી: 'આખા પ્રદેશમાં ચન્દ્રમાને બાદ કરતાં, હું જ એકલી સ્ત્રી હતી. વળી હું રૂપાળી પણ ઠીક હતી, તેથી બધા જ તારકકુમારોની હું માનીતી હતી. એક દિવસ રાજકુમારો આકાશગંગામાં સ્નાન કરતા હતા, હું નદીકિનારે મારૂં કામ કરતી હતી—'

મારી આંખે પૂછ્યું, 'શું કામ?'

આરસી જરા ખોટું લગાડી બોલી: 'ઘડીઘડી એની એ વાત પૂછી મને શરમાવવા માગો છો? કહ્યું નહિ કે મારૂં કામ ઝાડુ વાળવાનું હતું?'

આંખો કહે, 'ઠીક ઠીક, પછી?'

આરસીએ આગળ ચલાવ્યું: 'નાહીધોઇને મંગલકુમાર બહાર નીકળ્યો. તે એટલો સુંદર દેખાતો હતો કે હું તો આંખો ફાડીને જોઇ જ રહી. કુમાર મારા ચહેરા ઉપરથી સમજી ગયો કે પોતે બહુ જ સુંદર દેખાય છે. પછી તો રોજ સવારે એ રાજકુમાર

બા · ળ · વિ · ભા · ગ


કપડાં પહેરી મારી પાસે આવે, ને હું કાંઇ બોલું નહિ તોપણ મારા મોઢાના ભાવ ઉપરથી જ પોતે કેવો દેખાય છે તે સમજી જાય. મારા મનમાં તો એમ જ આવ્યું કે મંગલ મારી સાથે પ્રેમમાં પડ્યો છે. એટલે હું તો બહુ આનંદમાં દિવસો વીતાવવા લાગી.

એવામાં એક દિવસ સ્વર્ગલોકમાંથી એક દેવકન્યાના સ્વયંવર માટે તારકકુમારોને આમંત્રણ આવ્યું. બધા કુમારો ઉલટથી ત્યાં જવાની તૈયારી કરતા હતા. મંગલકુમાર પણ જવાનો હતો, તે જોઇ શનિકુમારે જરા મશ્કરીમાં કહ્યું: 'કેમ, પેલી ઝાડુ વાળનારીનો કંટાળો આવ્યો, તે દેવકન્યાને પરણવાને તૈયાર થયો છે?' મંગલે પણ હસીને જવાબ દીધો, 'અરે, એ આરસીમાં તો એવી અજબ શક્તિ છે કે આપણે એના મોઢા તરફ જોઇએ કે તરત આપણે કેવા દેખાઇએ તે જણાઇ આવે. તેથી હું રોજ એની સામે જઇને ઊભો રહું છું. બાકી મારે ને એને શું લાગેવળગે?' આ સાંભળી બધા રાજકુમારો જોરથી હસવા માંડ્યા. હું છાનીમાની આ વાતચીત સાંભળતી હતી, મને તો બહુ જ ખરાબ લાગ્યું.

બીજે દિવસે બધા રાજકુમારો સુંદરમાં સુંદર વસ્ત્રાલંકારો સજી સ્વર્ગલોકમાં જવા તૈયાર થયા. મેં તો મારૂં મોઢું ઘુમટામાં છુપાવી દીધું હતું, અને નીચું જોઈ હું વાસીદું વાળતી હતી, ત્યાં તો હસતો હસતો મંગલ મારી પાસે આવ્યો ને પૂછવા લાગ્યો, 'કેમ, આરસીબાઇ! દેવકન્યાને ગમે એવું મારૂં રૂપ છે કે?' મેં તો કાંઇ પણ બોલ્યા વગર ગુસ્સામાં મોઢું ફેરવી દીધું. કુમાર મારી પાછળ આવ્યો ને કહેવા લાગ્યો કે, 'બોલશો નહિ, પણ ઘુંઘટ ખોલી જરા મારા તરફ નજર તો કરો!' હું તો ખૂબ ગુસ્સે થઇને બોલી,



ફરતું રમકડું [૨]



ફૂંગ શી નામની એક ચીની છોકરી અને એનો ભાઈ ચાંગ ઘરમાંથી કાંઇક ચોરીને ખાતાં પકડાઇ ગયાં, અને એમનો બાપ મારવા દોડ્યો તેનાથી બચવા માટે ઘરનો બગીચો છોડી પૂલ ઓળગવા લાગ્યાં. ત્યાં તો બાપ પણ પાછળ આવે છે. એ જ વખતે ઝાડ પરથી બે પંખીડાં ઊડયાં. એ વાર્તા આ ફરતા રમકડામાં સમાઇ છે.

રમકડાનાં બંને ચકરડાં સ્પષ્ટ રીતે કાપી કાઢી એક પૂઠા પર ચોડી દો પછી પહેલા ચિત્રમાં બતાવેલો પૂલ પરનો જે ખાલી ભાગ કાપી કાઢવાનું લખ્યું છે તેટલો સફેદ ભાગ ઝીણી કાતર, ધારદાર ચપ્પુ કે અસ્ત્રાના પાના વડે કાતરી કાઢો, અને પછી બંનેમાં વચ્ચે ટપકાં બતાવ્યા મુજબ ત્યાં કાણાં પાડી, એ કાણેકાણાં મિલાવીને તેમાં પિત્તળનાં બે પાંખિયાંવાળી કાગળ પકડવાની પિન આવે છે તે ખોસીને પાછલી બાજુએ એનાં પાંખિયાં ખોલી નાખી સજ્જડ કરી દો. હવે એ નીચેનું ચિત્ર તમે ફેરવશો એટલે પૂલ પર અનુક્રમે તમને પહેલી ફૂંગ શા, પછી ચાંગ, ને પછી પાછળ દૂરથી ચાબૂક સાથે આવતા પિતા પસાર થતા જણાશે હજુ ચક્કર જરાક વધુ ફરશે એટલે બે પંખીડાં ઊડતા લાગશે.

'હું કાંઇ તમારી ગુલામ નથી. રોજ રોજ તમે કેવા દેખાઓ છો તે કહેવાનો મને બહુ જ કંટાળો આવે છે.'


રાજકુમારનું કોઇએ કદી આવું અપમાન કરેલું નહિ, એટલે એને તો ખૂબ જ ગુસ્સો ચડ્યો. એણે મને શાપ દીધો કે 'જા, હવે તું સૂર્યલોકમાં રહી શકીશ નહિ. તારે મૃત્યુલોકમાં રહેવું પડશે, અને ત્યાંના લોકો તને 'કહેને, આરસી ! મારૂં રૂપ કેવું છે ?' એ જ સવાલ હરહમેશ પૂછ્યા કરશે. અને તને વાચા પણ નહિ રહે, એટલે મારી સામે આજે બોલી છે એવું ત્યાં બોલાશે પણ નહિ.'

આટલી વાત કરતાં કરતાં આરસીબાઇની આંખો આંસુથી ભરાઈ ગઈ. પછી તે બોલ્યાં, તે દિવસથી આ પૃથ્વી ઉપર દુઃખે પાપે દિવસો વીતાવું છું. મારા કામનો મને બહુ જ કંટાળો આવી ગયો છે, પણ શું થાય ? આસપાસના ઓરડાઓમાં નજર કરશો તો દુનિયાના લોકો મને કેટલો ત્રાસ આપે છે તેનો ખ્યાલ આવશે.'

પછી આરસીબાઇ બંને આંખોને આખો મહેલ દેખાડવા નીકળ્યાં. એક વિશાળ ખંડમાં ભીંતમાં મોટો અરીસો જડેલો હતો. તેની સામે સોનાના બાજઠ ઉપર એક રૂપવતી કુમારિકા બેઠી હતી, પાછળ એની દાસી ઊભીઊભી કુમારિકાના વાળ ઓળતી હતી. મારી આંખો સમજી ગઇ કે આ તો—

'બેઠી દમયંતી શીશ ગુંથાવા,
સ્વયંવરને સાંતરી થાવા.
સામી ભીંતમાં જડી છે બાપ,
વણુ ધરે દીસે છે આપ,'

બીજા ઓરડામાં એક પુરુષ આરસી સામે બેસી હજામત કરતો હતો. આરસીબાઇ બોલ્યાં, 'આ સૌથી વધારે અપમાનકારક લાગે છે, અને આ તો આખી પૃથ્વી ઉપરનો રોજ સવારનો નિયમિત કાર્યક્રમ છે. "બોલોને, આરસીબાઇ ! હું ઠીક દેખાઉં છુંને!" એ વાક્ય સાંભળીસાંભળીને હું તો ત્રાસ પામી ગઇ છું.



પાંચ પંખીડાં જુદાંજુદાં નગરો તરફ ઊડી રહ્યાં છે. દરેકની પાસે જે નામ છે તે જ ગામે તેમને પહોંચવાના માર્ગ શોધો.
ત્રણ પંખીને બરોબર પહોંચાડો તો તમે ખરા!

કોણ જાણે મારા આ દુઃખનો અંત ક્યારે આવશે.'

મારી આખોને તો બિચારી આરસીબાઇની દયા આવી, તેમણે તેમને પૂછ્યું, 'રાતે તો જરા આરામ મળતો હશેને ?' . . . .

'**આ** શું ? હજી બે મિનિટ ઉપર તો માથું હોળતી હતી, ને એટલામાં ટેબલ ઉપર માથું નાખીને ભર ઊંઘમાં પડી ગઇ છે!' મોટી બહેન ઓરડામાં દાખલ થઇ હસતાં હસતાં બોલ્યાં. હું ચમકીને જાગી ગઇ. તરત મારી નજર સામેની આરસી ઉપર પડી. આરસીની અંદર દેખાતી મારી પોતાની આંખો મળી અને અમે—હું ને આરસીમાંનો મારો પડછાયો—છાનાંમાનાં હસ્યાં.

વિનોદિની નીલકંઠ



માધુકરી

અમીવરસતો છતાં ક્ષયવિપત્તિ રહેતો શશી
પરાશ્રયી બની પછી સુખની આશ શી રાખવી?
મને ન જરી કોઈની પણ કૃપા ગમે યાચવી,
(પ્રસ્થાન) મરું અડર આ પળે; જીવું ઝુઝી જગે બાહુથી. —નાગરદાસ અ. પંડ્યા

સ્વ. માનશંકર પીતાંબરદાસ મહેતા

* * * ઉપનિષદો અને દર્શનો, સ્મૃતિઓ અને પુરાણો, ઇતિહાસ અને પુરાતત્ત્વ આદિના ગુજરાતભરના વિરલ એવા માર્મિક અભ્યાસી શ્રી માનશંકર પીતાંબરદાસ મહેતાનું તા ૧૬-૮-૩૭ના રોજ તેમના વતન ભાવનગરમાં ૭૪ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતને એક અગ્રગણ્ય સાક્ષર-સંશોધકની તેમ જ માયાળુ અને કર્તવ્યપરાયણ ઉમદા સજ્જનની જબરી ખોટ વેઠવી પડી છે. અને રા. વિ. ક. વૈદ્યના કહેવા મુજબ, 'ચાલતી પેઢીના વિદ્વાનોમાં જે સમયે સ્વ. માનશંકરભાઇ જેવી વિદ્વતા ઓછી છે ને એવા ગુણો પણ ઘટ્યા છે, તે સમયે તેમની ખોટ સવિશેષ સાલે તેમાં આશ્ચર્ય શું?'

નેત્રવ્યાધિથી પીડાતા હોવા છતાં યુવાનોને પણ શરમાવે એવી સાહિત્યની પર્યેષણા કરનાર સાક્ષર શ્રી માનશંકર પીતાંબરદાસ મહેતાનો જન્મ ઇ. ૧૮૬૩ના માર્ચની ૨૧મીએ ભાવનગર તાબાના કુંડલા ગામમાં થએલો. કૉલેજમાં પ્રીવિયસ સુધી અભ્યાસ કર્યો, પણ પછી કૌટુંબિક કારણોને લઇ તેઓ આગળ અભ્યાસ ન કરી શક્યા. અભ્યાસ દરમિયાન એમણે વારંવાર ઈનામો મેળવેલાં. પ્રીવિયસના વર્ગમાં કવિ કાલિદાસ ઉપરના સંસ્કૃત નિબંધ માટે ગૌરીશંકર પ્રાઇઝ મેળવ્યું હતું. વળી અભ્યાસ દરમિયાન જ એમણે 'ભાવનગર નીતિભાનૂદય' નામનું માસિક ત્રણેક વર્ષ ચલાવ્યું હતું, જે એ વયે પણ એમનાં વિદ્યાશોખ તથા સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

કૉલેજ છોડી, ૧૮૮૬થી ભાવનગર રાજ્યના વસુલાત ખાતાની નોકરીમાં જોડાયા ને ત્યાં પોતાની બાહોશી વડે વહીવટદારની પાયરીએ પહોંચ્યા. એ વ્યવસાયી દરજ્જે રહીને પણ એમણે પ્રાચીન ઇતિહાસ, સંસ્કૃતિ ને સાહિત્ય વિષે જેટલાં જ્ઞાન ને માહિતી મેળવ્યાં તેના પાછળ ઉઠાવેલા શ્રમની તો એવા વ્યવસાયી જીવનથી પરિચિત જ કોઇ કદર કરી શકે.

ઇ. ૧૯૧૮માં પંચાવન વરસની વયે એમણે રાજ્યની નોકરીમાંથી નિવૃત્તિ લીધી. એ દરમિયાન એમણે સાહિત્યને પુષ્કળ સેવા આપી અને એવી જ સેવા દસ વર્ષ સુધી 'નાગર ત્રિમાસિક' ચલાવી, પોતાની જ્ઞાતિને આપી. અને નિવૃત્ત થયા પછી તો ભાવનગરની જુદી જુદી પ્રવૃત્તિઓમાં એમણે હમેશ સાથ આપ્યે જ રાખ્યો. ભાવનગરની સાહિત્ય પ્રવૃત્તિના પ્રાણ જ એ હતા એમ કહીએ તો ચાલે.

નિવૃત્ત થયા પહેલાં પણ મરણોત્તર સ્થિતિ, વેદાંત, ઉપનયન, લગ્નસંસ્કાર આદિ વિષયોનાં વિવેચનો ને વિવરણોથી પોતાના ઊંડા અભ્યાસ માટે એમણે સંમાનનીય સ્થાન તો મેળવી જ લીધું હતું, પણ ત્યાર બાદ એમણે એ પ્રત્યે સતત અને સંતત લક્ષ આપવા માંડ્યું. ઇતિહાસ, સંશોધન, પુરાતત્ત્વ આદિની પોતાની અભિરૂચિને બહેલાવી, તેમણે 'નાગરોત્પત્તિ', 'મેવાડના ગુહિલો', 'રાજા છબીલારામ બહાદુર' વગેરે ગ્રંથો લખ્યા. ઉપરાંત સામયિકોમાં એમણે લખેલા લેખોની સંખ્યા પણ બહુ વિપુલ થવા જાય છે.

એમની જ્ઞાનપર્યેષણાની સાચી પ્રતીતિરૂપ તો છે એમના બધા ગ્રંથોમાં સંશોધનની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ એવો 'અહુનવર નામનો સર્જનજૂનો મંત્ર.' પારસી ધર્મની સર્જન સંબંધેની અહુનવર ગાથા વિષે વૈદિક દૃષ્ટિએ ધાર્મિક અવલોકન અને વિવેચન કરતું એ નાનકડું પુસ્તક એમણે વિના પારિતોષિક શ્રી ફાર્બસ ગુજરાતી સભાને આપી દીધું છે.

આપણી ગાયત્રીને ઘણે અંશે મળતા આવતા એ મંત્ર માટે અવસ્તાની ઝંદ ભાષાનો પહેલવહેલો જ અભ્યાસ એમણે



પાંસઠ વર્ષની વયે આરંભ્યો. શ્રી વિ. ક. વૈદ્ય એ મંત્ર માટે લખે છે કે, 'બંને મંત્રો (અહુનવર અને ગાયત્રી)ના સામ્ય વગેરે પર આટલી વિદ્વત્તા, વિશદતા અને વિસ્તારથી લખનાર ભારતીય વિદ્વાનોમાં તેઓ, મારી જાણ પ્રમાણે, પહેલા જ હતા. એ લખાણ એટલું મહત્ત્વનું થયું કે એનું ઇંગ્લીશ પ્રો. ડોલરરાય માંકડે કરેલું અને એ ઘણું કરીને 'ઇંડીઅન હિસ્ટૉરિકલ ક્વાર્ટર્લી'માં છપાયું છે. એ જ અહુનવર અને ગાયત્રી પરનું એક બીજું અંગ્રેજી લખાણ, કોઇ બંગાળી વિદ્વાનનું, તે તો ગયા ઑગસ્ટમાં એટલે કે માનશંકરભાઇના અવસાન માસમાં જ 'કલકત્તા રીવ્યુ'માં પ્રગટ્યું.'

સદ્ગત પોતે કૉલેજની ઉચ્ચ કેળવણી નહોતા પામી શક્યા, છતાં તેમણે લખેલું 'રાજા છબીલારામ બહાદુર'નું પુસ્તક મુંબઇની વિદ્યાપીઠે એમ. એ ની પદવીના અભ્યાસ માટે નક્કી કરેલું. અને એમના 'નાગરોત્પત્તિ' નિબંધ માટે તો દરેક નાગર એમનો ઋણી રહેવો જોઇએ; કારણ, ખાનેશુમારી તૈયાર કરનાર સરકારી લેખકે નાગરોને અનાર્ય ઠરાવવાનો જે યત્ન કરેલો તેના મતનું એમણે દાખલાદલીલોથી સાંગોપાંગ ખંડન કર્યું છે.

જ્ઞાતિ, કેળવણી, સમાજ અને ધર્મ પ્રત્યે તેમને પુષ્કળ અનુરાગ હતો. પોતાની જ્ઞાતિનાં કેટલા યે ફંડો એમણે ઊભાં કર્યાં હતાં. ભાવનગરની સનાતનધર્મ હાઈસ્કૂલ સ્થાપવામાં પણ તેમનો મુખ્ય ભાગ હતો. સાતમી સાહિત્ય પરિષદ ભાવનગરમાં ભરાઇ ને તે યશસ્વી નીવડી તેનું માન પણ તેમની કાર્યદક્ષતાને જ જાય છે. એ ગુણે જ અગિયારમી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખને પદે તેમની સુયોગ્ય વરણી થઈ હતી.

ઉત્તરાવસ્થાએ, આંખે ઝાંખપ વળી ગયા છતાં તેઓ હમેશાં વેદ અને ગીતાનું અધ્યયન કર્યે જતા અને વેદમાંથી મળી આવતી ઐતિહાસિક હકીકતો સંઘર્યે જતા. તેના પરથી તેમને એકાદ નિબંધ લખવાની ઉત્કંઠા હતી, પણ તે અધુરી જ રહી ગઈ સત્યશોધક ન્યાયબુદ્ધિ, નિરભિમાન અને નિખાલસતાભર્યા આવા એક સાક્ષરના જતાં ગુજરાતી સાહિત્યે પોતાની ગણીગાંઠી કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓમાંની એક ગુમાવી છે.

ઢાકાનો શંખનો ઉદ્યોગ

લગભગ સમગ્ર હિંદ શંખને પવિત્ર ગણે છે. વિષ્ણુના ચાર ચિહ્નોમાંનું શંખ એક છે. ઘણા જૂના વખતમાં શંખની બંગડીઓ વપરાતી એવો ઉલ્લેખ મળી આવે છે. જૈનો પણ શંખને પવિત્ર લેખે છે. ૨૨મા તીર્થંકર નેમીનાથનું ચિહ્ન પણ શંખ લેખાય છે. અને અત્યારે પણ તિબેટના બૌદ્ધ વિહારોમાં શંખો મળી આવે છે.

પરંતુ શંખની પૌરાણિક પવિત્રતા ઉપરાંત બજારના ઉદ્યોગની ચીજ તરીકે પણ તેની કીમત કંઇ જેવી તેવી નથી.

જેમાંથી બંગડીઓ બનાવવામાં આવે છે તે કાચો શંખ બંગાળાના ઉપસાગરમાંથી તુતીકોરીન અને રામેશ્વરના ભાગ આગળથી મળી આવે છે, અત્યારે એ મથકો ઉપર મદ્રાસની સરકારનો અંકુશ અને અધિકાર છે. એમાં તિતકુતી નામની છીપ સૌથી ઉત્તમ ગણાય છે અને તે મદ્રાસથી ઢાકા મોકલાય છે. ઢાકાનો મજૂરસંઘ તે છીપો અને શંખો મજૂરો વચ્ચે વહેંચી લે છે. એ સંઘ ટેન્ડરોથી બધો માલ ખરીદી લે છે. ટેન્ડરની પદ્ધતિ હમણાં દાખલ થઇ છે; પરંતુ પહેલાં તો નાખોદા વેપારીઓ કલકત્તામાં બધો માલ લાવતા અને બજારમાં સંપ કરી વેચતા અને ખૂબ નફો ખાટતા.

ઢાકા અસલના વખતથી મજલિન (મલમલ), મોતીનાં બટન અને શંખની ચીજો એ ત્રણ ઉદ્યોગો માટે જાણીતું છે. બીજા ઉદ્યોગો સિવાય અત્યારે શંખનો ઉદ્યોગ જ ત્યાં ઠીક ઠીક સ્થિતિમાં છે. મજલિનનો ઉદ્યોગ તો ક્યારનો નષ્ટ થયો છે, એ સૌ કોઇ જાણે છે.

ઢાકામાં સખારી નામનો મજૂરોનો વર્ગ છે તે અત્યારે પણ શંખની ચીજો બનાવી પોતાની આજીવિકા મેળવે છે. મુખ્યત્વે કરીને તેઓ શંખની બંગડીઓ, ચૂડીઓ, વીંટીઓ અને રમકડાં બનાવે છે. બંગાળામાં શંખની બંગડીઓ અને બાજુબંધો બહોળા પ્રમાણમાં વપરાય છે. દરેક હિંદુ સ્ત્રી આ બંગડીઓની જોડ સૌભાગ્યના ચિહ્ન તરીકે ગણે છે અને સોનાની નાજુક ચૂડીઓ કરતાં પણ તેમને મન એ બંગડીઓ વિશેષ કીમતી હોય છે. શ્રીમંત સ્ત્રીઓ શંખની નકસીદાર ચૂડીઓ સોને મઢાવીને પહેરે છે, પણ ગરીબ કે તવંગરને સૌભાગ્યદશાના સૂચન તરીકે એ બંગડીઓનો ઉપયોગ તો કરવો જ જોઇએ, એવી જુના વખતથી પ્રથા પડી ગઇ છે.

બંગડીઓ બનાવવામાં શંખ કે છીપ ઉપર ત્રણ વિધિ

કરવામાં આવે છે: (૧) શંખ કે છીપના કટકા કરવા; (૨) તેને બંગડીનો આકાર આપવો; (૩) બંગડીઓમાં નકસી કરવી કેતેમનેપાલિસચઢાવવો.

શંખના કકડા હાથકરવતથી કરવામાં આવે છે. શંખ કે છીપને લાકડાના બેલાખડામાં પકડી બીજા હાથ વતી કારીગર તે પર કરવતી ચલાવે છે અને શંખને તથા બેલાખડાને પગ વચ્ચે દબાવી કાપ મૂકે છે એક ગોળાકાર કાપતાં ઓછામાં ઓછી પાંચ મિનીટ લાગતી હોવાથી સાધારણ રીતે એક મજૂર દિવસમાં ૧૦૦ ગોળ કટકાઓ કાપે છે.

આ કટકાઓ ખરબચડા હોવાથી તેમને તદ્દન ગોળ અને લીસા કરવામાં આવે છે. હથોડી વતી ગોળાકારનો ખરબચડો ભાગ મજૂરો ખેરવી નાખે છે અને પછી એ કટકાને પથ્થરની તકતી ઉપર ઘસી લીસો બનાવે છે. આ ઉપરાંત શાર પાડવાનું, કોતરવાનું. ઢોળ ચઢાવવાનું વગેરે કામો કાં તો નાજુક કરવતથી અથવા ઝીણી કાનસથી કરવામાં આવે છે.

આ પદ્ધતિ અલબત્ત ચતુર કારીગરીની અપેક્ષા રાખે છે, પણ અર્થશાસ્ત્રના આ જમાનામાં એ જાતની હાથબનાવટ અનુકૂલ ન જ ગણી શકાય. આવાં પ્રાથમિક અને જૂની ઢબનાં શસ્ત્રો વાપરવામાં શક્તિ અને સમયનો નકામો વ્યય થાય છે. સખારી લોકો બહુ મહેનતુ હોય છે. એ કામમાં સ્ત્રીઓ તેમજ પુરુષો ઘણા કલાકો સુધી દરરોજ મહેનત કરે છે, છતાં તેમને આજીવિકા ઉપરાંત કશું પ્રાપ્ત થતું નથી. આનાં મુખ્ય બે કારણો છે: એક તો એ કે, કાચો માલ પૂરો પાડનારા લોકો પોતાના ફાયદા તરફ હમેશાં વધારે લક્ષ્ય રાખે છે; અને બીજું એ કે હરીફાઇના આ જમાનામાં તદ્દન પ્રાથમિક અને મૌલિક હાથઉદ્યોગ ટકી શકે નહિ. પરંતુ એટલું તો ચોક્કસ કે શંખને લગતા ઉદ્યોગમાં ઇચ્છા હોય તો ઘણા સુધારાવધારા થઇ શકે તેમ છે. વૈજ્ઞાનિક સાધનો દ્વારા કાર્યપદ્ધતિને સરળ બનાવવાથી આ ઉદ્યોગમાંથી ઘણા ફાયદા મળી શકે.



ટેનિસન ક્રિકેટ ટીમનો હિંદપ્રવાસ

હિંદમાં હાલ રમી રહેલી લૉર્ડ ટેનિસન ક્રિકેટ ટીમ આજ સુધી જ્યાંજ્યાં રમી, તથા હવે પછી રમવાની છે તે શહેરો દર્શાવતો નકશો. જે ચાર શહેરોમાં ટેસ્ટમૅચો રમવાની છે તે મોટાં કુંડાળાં કરી બતાવેલાં છે. (બ્લૉક : 'નવસૌરાષ્ટ્ર'ના સૌજન્યથી)

પરદેશોમાં અસ્પૃશ્યતા

હિંદમાં જો કે અસ્પૃશ્યતાનું પ્રમાણ ઘણું વધારે છે, પરંતુ એ એકલા આ દેશમાં જ પ્રવર્તે છે એમ નથી. યુરોપ અને અમેરિકા યે તેનાથી મુક્ત નથી. ફરક એટલો કે ત્યાંની અસ્પૃશ્યતા રંગભેદની—કાળા અને ગોરાની છે. અમેરિકાના દક્ષિણ રાજ્યોમાં તો કાળા લોકોનાં દેવળો પણ જુદાં જ રાખવામાં આવ્યાં છે એટલું જ નહિ, પણ હૉટેલો, રેસ્ટોરાં તથા બીજાં જાહેર સ્થળોએ એમને પ્રવેશવા પણ દેવામાં નથી આવતા. રેલવેના ડબ્બા પણ એમને માટે જુદા હોય છે.

જેવું અમેરિકામાં કાળા-ગોરા વચ્ચે છે, તેવું યુરોપમાં ખ્રિસ્તી–યાહુદી વચ્ચે છે. જો કે કાળા-ગોરાનો પ્રશ્ન ત્યાં પણ વિષમ તો છે જ. ખુદ લંડનમાં જ કોઇ આફ્રિકન દિવસ ને રાત હૅમ્પસ્ટેડથી બ્લૂમ્સબરી ને કેન્સિંગ્ટન વચ્ચે ભટક્યા કરે, પણ કોઇ હૉટેલમાં એને રહેવા મળે એ આશા જ ખોટી. યહૂદીઓ પ્રત્યેનો તિરસ્કાર રશિયામાં હવે કંઈક ઓછો થયો છે, પણ મધ્ય યુરોપમાં તો એવો ને એવો જ રહ્યો છે ને જર્મની અને તેથી યે વધુ પ્રમાણમાં પોલૅન્ડમાં તે અત્યારે પ્રવર્તી રહ્યો છે. જો કે જાતીય અને આર્થિક કારણો પણ તેમાં સમાએલાં છે, પણ પ્રધાન કારણ તો ધાર્મિક જ છે.

આમ, અસ્પૃશ્યતાના પાપનું ભાગી એકલું હિંદુસ્તાન જ નથી; અરધી દુનિયા છે. —'ધી ઇન્ડીઅન રીડર્સ ડાઇજેસ્ટ'

રંગ અને જીવન

જુદા જુદા રંગોની અસરથી રોગો તો મટે જ છે, પરંતુ માણસના ચારિત્ર્ય અને દુનિયા પ્રત્યેની તેની દૃષ્ટિમાં યે સમૂળગો ફેરફાર કરાવવાની તાકાત રંગો ધરાવે છે એ બાબત

ઘણાને નવાઇ ઉપજાવશે.

રંગોથી રોગો મટાડવા માટે જર્મનીનો માનસશાસ્ત્રી માનફ્રેડ ઍનિન્જર પ્રખ્યાત છે. રોગીને એક રાત તેની હૉસ્પિટાલ (નાઇટ ક્લિનિક)માં ગાળવી પડે છે. સાધનોમાં તેની પાસે માત્ર રંગીન સુશોભનોનો વિપુલ જથ્થો છે. દર્દીની આંખ ભારે થાય ત્યાં સુધી એ સુશોભનો તરફ તેને એક ચિત્તે જોવાનું હોય છે. ખાસ કરીને અનિદ્રાના રોગ પર તો આ ઈલાજ રામબાણ નીવડ્યો છે.

વળી જુદાજુદા રંગો ઉષ્ણતાનું વહન પણ જુદાજુદા પ્રમાણમાં કરે છે. કૅનૅડિયન નૅશનલ રેલવેના સંચાલકોએ હાલમાં જ તે માટે એક અખતરો કરી જોયો. રેલવેનો બહારનો ભાગ તેમણે સફેદ રંગી જોયો ને પરિણામે અંદરની ગરમીનું પ્રમાણ ૧૫° F ઘટી ગએલું જણાયું.

પણ ખરી મઝા તો રંગોની આપણા જીવન પર થતી અસરની છે. તેમાંના કેટલાક બીલકુલ શાંત છે, જ્યારે કેટલાક ઉત્તેજક છે. પહેલા વર્ગમાં લીલા રંગને સૌથી પ્રથમ મૂકી શકાય. ગામડાંઓમાં ફરનારને એ નવું નથી. પણ એનો હદ-બહારનો સમાગમ માણસને રોંચા જેવો બનાવી દે છે!

લાલ રંગ ઉત્તેજક પુરવાર થયો છે. કૅલિફૉર્નિયા યુનિવર્સિટીના ડૉ. ડોનાલ્ડ લેઅર્ડ કહે છે કે શયનખંડમાં લાલ રંગ અનિદ્રા જ જન્માવે છે. બધા રંગોમાં એ પ્રાથમિક છે, ને તેનો અત્યંત સમાગમ માણસની શક્તિનો હ્રાસ કરે છે.

આસમાની રંગ શાંત ઠંડો રંગ છે. એના બધા છાયાક્રમોનું પણ એમ જ છે. પરંતુ વાયોલેટ રંગમાં માણસનો જુસ્સો દબાવી દેવાનો ખાસ ગુણ રહેલો છે, એટલે ગાંડાઓની સારવારમાં તેનો મોટે ભાગે ઉપયોગ કરવામાં આવે છે.

સફેદ રંગને આપણે તો પ્રાચીનકાળથી જ પાવિત્ર્ય ને સૌખ્યના પ્રતીક તરીકે ને કાળા રંગને કાળમુખો ગણતા આવ્યા છીએ. પીળો રંગ બુદ્ધિપ્રધાન છે. એટલે જ આપણામાં પીતાંબરનું મહત્ત્વ કદાચ ગવાયું હશે.

બધા રંગોનો જનક સૂર્ય છે. તેના પ્રકાશમાં સાત રંગ હોવાનું આપણે મેઘધનુષ્ય પરથી જાણી શક્યા છીએ. તેમનો અનુક્રમ લાલ, નારંગી, પીળો, લીલો, ભુરો, આસમાની ને વાયોલેટ એ મુજબ છે. એમાંના પહેલા ત્રણ ગરમ છે, જ્યારે બાકીના ઠંડા. એ સાત રંગોની છાયાપ્રછાયાઓ તો અનંત જ કહી શકાય. રંગવિશારદોના કહેવા પ્રમાણે માણસની નરીઆંખે પણ એવી વીસ લાખ છાયાપ્રછાયાઓ ઓળખી શકાય છે!

આ તો રંગોની અસરોનાં થોડાં ઉદાહરણો છે. બાકી તેમના સંબંધેના જ્ઞાન અને ઉપયોગનો એટલો તો ફેલાવો થયો છે કે એ સંપૂર્ણ જાણવા વર્ષોનો અભ્યાસ જોઇએ.

ચાપાન

ચાનો પ્રચાર હિંદુસ્તાનમાં એટલો બધો થઇ ગયો છે કે સમાજનો કોઈક જ ભાગ તેનાથી મુક્ત રહ્યો હશે. ચાપાણી કર્યા વિના લોકોને કંઈ કામનો આદર સૂઝે નહિ, એટલું જ નહિ પણ સાધારણ ચાનો પ્યાલો ન આપનારને મહેમાનો પણ વિવેકશૂન્ય ગણે છે; પછી ચા ગમે તે સ્વરૂપમાં રજૂ થાય.

હિંદુસ્તાનમાં જ ચાના સ્વાદ અને તૈયાર કરવાની રીત તેમજ તેના આશકોમાં ઘણા ઘણા તફાવત છે. વિલાયત કે વિલાયતીઓ જોડે ભળતાસળતા રહેનારાઓ પાણી, સાકર, દૂધ વગેરે છૂટાં લઇ, મરજી પડે એમ તૈયાર કરી લે છે, જ્યારે આમવર્ગે તો સામટે ઘાણે તપેલું જ તૈયાર કરવાની રીત વધુ સારી ગણી છે, અને એથી હોટેલવાળાઓએ પણ સ્પેશિયલ, ઇંગ્લિશ અને ચાલુ એવા વર્ગની ચા આપવાની પ્રથા સ્વીકારી લીધી છે.

આમ છતાં યે ઘરઘરની ચાની બનાવટો તો જુદી પડવાની જ. કેટલાંક ઘરોમાં દૂધ વધારે નાખીને ચાનો ઘટ્ટ ઉકાળો બનાવી, સાકર અને મસાલો ચડિયાતાં રાખે તો જ ચા અમીરી લાગે. ક્યાંક વળી લાલ રગડ જેવી ચા પસંદ પડે. ગામડાંમાં તો ઘણા કલાક ઊકળી રહેલી એલાયચીવાળી ચા પસંદ આવે. માત્ર ઉકાળેલા પાણીમાં ચા અને લીંબુ સાકર નાખી પીનારા તો તેમને મન યોગીઓ જેવા જ લાગે. સ્વામીનારાયણી સંપ્રદાયનાઓ કે મંદિરવાળાઓ વળી ચાનો ટેસ જુદી રીતે જમાવે.

આમ ચાના પ્રકારોનો પાર રહ્યો નથી. પણ એ બધામાં ચાનું પાણી, સાકર અને દૂધનું યથેચ્છ પ્રમાણ તો હોય જ. એમ છતાં હિંદુસ્તાનથી ઘણા દૂર પડેલા દેશોમાં એથી યે અનેરા પ્રકારો ચાલી રહ્યા છે. ચીન જાપાનની ચાની પુરાણી પરંપરાગત અતિશાસ્ત્રીય અને હજુ ચાલુ છે. યુરોપના મધ્ય પ્રદેશમાં આવેલા બોહીમિયા, મગ્યાર, હંગેરી અને ચેકોસ્લોવાકિયામાં ચાની સાથે રમ નામનો દારૂ મિલાવવામાં આવે છે.

તિબેટનો બહુ પ્રાચીન જમાનાથી ચા પીનારા છે. તેઓ ચાની સાથે માખણ અને મીઠું ઉકાળી પીએ છે. બ્રહ્મદેશમાં કેટલેક ઠેકાણે યુવાન દંપતીઓ તેલમાં પલાળેલાં ચાનાં પાન ઉકાળેલાં એક જ પ્યાલામાંથી પીએ છે. આથી પરસ્પર સ્નેહવૃદ્ધિ થાય એવી માન્યતા છે.

સિયામના લોકો ચાને મ્યાંગ કહે છે, અને તેનાં પાન મીઠામાં અને બીજા મસાલામાં મસળીને ચાવે છે. કાશ્મીરમાં વલોવેલી કડવી ચા જરા લાલ ફટકડી સાથે નાખીને પીવાનો રિવાજ છે. તુર્કસ્તાનમાં ચા ઉકળીને કાળાશ પકડે એટલે તેમાં મલાઇ નાખે અને સાથે રોટલીના ટુકડા પણ ઉકાળે. અલજીરિયનો ચામાં સાકર અને ફુદીનો નાખે છે. અરબો ચપટી ચા અને ચપટી સાકર લઇ બહુ જૂના વાસણમાં નાખી, પછી ઉપર પાણી નાખી ખૂબ કઢીને પછી પીએ.

ઑસ્ટ્રેલિયા તો તાજો જામેલો દેશ છે. ત્યાંના ખેડૂતોએ બીલી નામથી કડકમાં કડક ચા પીવા માંડી છે, જેમાં ચાનાં પાન નખાય એટલાં નાખીને ઉકાળવામાં આવે છે!


નવી કેડીઓ

ધારો કે મંગળના ગ્રહમાં અસામાન્ય બુદ્ધિ ધરાવતી કોઈ પ્રજા છે, અને રેડીઓ મારફત આપણી સાથે સંદેશાની આપલે કરવાની સ્થિતિમાં આવી શકી છે. તો પણ આપણે તેની સાથે કયી ભાષામાં સંદેશા ચલાવીશું? આપણે મોકલેલા સંકેતોના અર્થ આપણે તેઓને કેવી રીતે સમજાવી શકીશું? અહીંથી રૉકેટમાં ચિત્રલિપિમાં લખેલાં પુસ્તકો મોકલવાં એ એક ઉપાય છે. પણ એ ઉપાય ખર્ચાળ હોવા ઉપરાંત બીજી કેટલીક રીતે અવ્યવહારૂ છે. આ પ્રશ્ન ઘણા દીર્ઘદૃષ્ટિવાળા વિજ્ઞાનશાસ્ત્રીઓને મૂંઝવી રહ્યો છે. અલબત્ત, મંગળના ગ્રહમાં વસતિ હોવી ન હોવી એ પ્રશ્ન બહુ મહત્ત્વનો નથી. પણ હોય તો તેની સાથે વિચારવિનિમય કરવાની શકયતા એ એથી પણ મહાન પ્રશ્ન બની ગએલ છે, એટલે ત્યાં વસતિ હોય કે ન હોય તેની જરા પણ ચિંતા કર્યા વગર આ પ્રશ્નનો બુદ્ધિની જાદુગરી તરીકે સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની જરૂર ઊભી થઇ છે. આથી આ પ્રશ્નનું સંતોષકારક સમાધાન લાવી શકનાર, ડૉકટરની ડીગ્રી માટેના નિબંધમાં એ વસ્તુનો ઉપયોગ કરી શકશે. ભ્રમ ઉપજાવવાની કળા હાથ કરી હોય તો આવો વિચારવિનિયમ અશકય છે એમ સાબિત કરનાર અને એવા વિચારવિનિમય માટેની કોઈ પ્રણાલી યોજી આપનાર બંને આવી ઉપાધિઓ ખાટી જઈ શકશે!

—હરિકૃષ્ણ વ્યાસ

નવા નુસખા

તમે આમાંનું બધું ભલે કરો નહિ, પણ સમજણમાં તો ઉતારજો જ. એ જ્ઞાન કોઈકવાર કામ લાગશે.



બાજુમાં જણાવેલાં સાધનો વડે કારીગરો વખતોવખત જરૂર પડતી ચીજો માટે પતરાંનાં ખોખાંમાંથી એક સરસ અને ફઠાવદાર સ્ટૅન્ડ બનાવી, પોતાની રસવૃત્તિ અનુસાર જોઇતા રંગમાં રંગી, કામમાં લઇ શકે. અને નકામી જતી ચીજો એક સારૂં ઉપસ્કર બની રહે.

લોખંડને જો ખૂબ સખત બનાવવું હોય તો એક ગેલન અળસીના તેલમાં બે ઔંસ રાળ નાખી, તે ઊકળવા માંડે કે અંદર એ લોખંડ નાખી દો ને તેલ જેટલું જ એનું ઉષ્ણતામાન થઇ જાય એટલે બહાર કાઢી, રાળનો ભૂકો તેના પર ભભરાવી, ઠંડું પડ્યે કેરોસીન તેલમાં બોળી દો.

વિકસતું વિજ્ઞાન

જાડા કાગળ પર પુસ્તક વગેરે છપાવતાં વજન વધી પડી, ટપાલખર્ચનો મોટો ચાંલ્લો ચડે છે, એટલે એ અગવડ દૂર કરવા ટિટૅનિયમ ડાયૉકસાઇડનો ઉપયોગ કરવાનો વિજ્ઞાનીઓએ નિર્ણય કર્યો છે. એના ઉપયોગથી ગમે તેવો પાતળો કાગળ અપારદર્શક બને છે અને રંગોની ચમક પણ ફાંકડી ઊઠે છે.

ગ્રામોફોનની રેકૉર્ડ બસો અઢીસો વખત વગાડ્યા બાદ ઘણુંખરૂં નકામી થઇ જાય છે એ બધાનો અનુભવ છે. પણ હાલમાં કૅપ્ટન રિચાર્ડ રેંજરે એવા પ્રકારની નવી રેકૉર્ડો તૈયાર કરી છે કે જે એકસરખી હજાર વખત ચડાવ્યા છતાં બગડે નહિ. આ રેકૉર્ડો ચાલુ રેકૉર્ડો કરતાં ઘણી કઠણ હોઇ ભાંગવાનો ભય બહુ ઓછો રહે છે. વળી, સાધારણ રેકૉર્ડોની જેમ વાજા પર ચડતાં એમાંથી 'સૂ...' એવો અવાજ પણ મુદ્દલ નથી નીકળતો.

છપાએલા સામયિકો વંચાઇ ગયા પછી ઘણેભાગે નકામાં જાય છે. એમ ન થવા દેતાં, એમના કાગળ પરની શાહી રસાયણિક પ્રક્રિયાથી ધોઇ નાખી, એમને ફરી ઉપયોગમાં લેવાના અખતરા જર્મન વિજ્ઞાનીઓ વર્ષોથી કરી રહ્યા હતા. પણ એમાં જોઇતી સફળતા ન મળતાં એમણે હવે શાહી જ એવી જાતની શોધી કાઢી છે કે જે રસાયણિક પ્રક્રિયાથી સહેલાઇથી ધોવાઇ જાય. જર્મનીનો સમગ્ર છાપા-ઉદ્યોગ આ પદ્ધતિ કદાચ અખત્યાર કરે એમ ત્યાંનાં છાપાં આગાહી કરે છે.

કૅલીફૉર્નિયાના બે વિજ્ઞાનીઓ મિ. અર્નેસ્ટ મેરિલ અને જ્યૉર્જ યંગે જમીનના હજારો માઇલ નીચેના ઉષ્ણતામાનનું માપ કાઢી શકાય એવું થર્મોમીટર શોધી કાઢ્યું છે. બંદૂકની ગોળીના આકારનું એ થર્મોમીટર જલાભેદ્ય ધાતુના ખોખામાં મૂકવામાં આવે છે ને સારડીથી જમીનમાં ઉતારવામાં આવે છે. ખનિજ તેલના ઉદ્યોગોને આથી ઘણો ફાયદો થયો છે. વળી એ વડે જૂનામાં જૂના ખડકોની વય પણ નક્કી કરી શકાય છે, એટલું જ નહિ પણ રેડીઓ ઍકિટવ પદાર્થોને લીધે જમીનને જે ગરમી મળે છે તેનું યે માપ તેથી નીકળે છે.

આજ સુધી કપાસનો છોડ ઠંડા મુલકોમાં ઉછેરી નહોતો શકાતો, પણ એ ખામી દૂર કરવા અનેક અખતરા બાદ એક બ્રિટિશ વૈજ્ઞાનિક મંડળે કપાસની એક નવી જ પેદાશ ઉત્પન્ન કરી છે ને તેને 'કૉટીન'નું નામ આપ્યું છે. એ ઉત્પન્નનું રહસ્ય મુસૉલિનીએ મોંઘા ખરચે ખરીદી લીધું છે ને મજકુર બ્રિટિશ કંપની થોડા જ વખતમાં ઇટલીમાં એક મોટા પ્રાયોગિક વિસ્તારમાં એનું વાવેતર શરૂ કરશે. જો 'કૉટીન'નું એ વાવેતર સફળ નીવડી, રૂ જેટલું જ કાપડમાં ઉપયોગી નીવડશે તો હિંદી રૂના પાક અને કીમત પર તેનો જબરો પ્રત્યાઘાત થશે.

'હવે તારી શી ઈચ્છા છે?' ખલીફા મલિકે ગ્રીસ જીતી લઇ ત્યાંના શહેનશાહને કેદ કરી પોતાના તંબુમાં આણ્યો અને તેને પૂછ્યું જવાબ મળ્યો: 'જો તું એક રાજા તરીકે મારી સાથે લડચો હો તો મને મારી પ્રજાને પાછો સોંપી દે, વેપારી તરીકે લડચો હો તો મને ગુલામ તરીકે વેચી નાખ અને જલ્લાદ તરીકે લડચો હો તો હમણાં જ મને કત્લ કરી નાખ.'

ખલીફાએ શહેનશાહને તેની પ્રજાને સુપ્રત કરી દીધો.

ગણિતગમ્મત:

૩૭ એ સંખ્યા ઘણી અજબ છે. તેને ૩ અથવા તો ૨૭ સુધીના ૩ ના કોઇ પણ ગુણાકારથી ગુણતાં જવાબમાં બધા આંકડા એકસરખા જ આવશે. દા.ત. ૩૭×૩=૧૧૧, ૩૭×૧૨=૪૪૪ ૩૭×૨૭=૯૯૯.

અનેકાર્થી શબ્દ: **મોળ**=શરીરમાં વાયુનું જોર થવાથી મોંમાં લાળ છૂટે તે; ભાર ઉપાડવા તેની નીચે માથા પર રાખવામાં આવતો કપડાનો કૂચો;ઊંડણ; કીડિયારું;મંદી; ચણતરનું ઇંટપત્થરનું પડ.

કહેવતોના અર્થ: 'શેઢે આવીને શીરામણ માગે'—ઘેરથી નીકળતી વખતે જ યાદ ન રહેતાં ઠેઠ ખેતરના શેઢા પર પહોંચ્યા પછી શીરામણ સંભારવું, તેનો શો ઈલાજ થાય? ખરા મોકા પર કોઇ વસ્તુ યાદ ન લાવતાં, તક ગયા બાદ તેનો હોહાપોહ મચાવવામાં આવે છે ત્યારે આ અને એને મળતી આ કહેવતો વપરાય છે: 'સૌ સૂતા જાગે, ત્યારે ખોજો ખીચડ માગે', 'પૂછડે જતાં ફેણ માંડે', 'પોર મૂઇ સાસુ ને ઓણ આવ્યાં આંસુ' વગેરે.

આખી દુનિયામાં સૌથી વધુ કીમતી ઘડીઆળ ખ્રિસ્તી ધર્મગુરુ પોપનું છે. તે હીરાનું બનેલું છે ને તેની કીમત ૬૦,૦૦૦ પૌંડ અંકાય છે!



પોર્ટુગલનાં બાળકો માતાની કેડમાં નહિ પણ તેના માથાઉપર ટોપલામાં મહાલેછે.

ઇ. ૧૭૪૯માં ફૉર્ટ સેંટ ડેવિડ ખાતે અંગ્રેજ લશ્કર ૨૦૦ ટૂપોનું હતું. ૧૭૪૯માં તેમાં ઓચિંતો વધારો થયો ને તે ૫૮૯ ટૂપોનું થયું અને ૧૮૫૭ના બળવા પછી હિંદમાં એ ગોરૂં લશ્કર ૨,૫૯૦ ટૂપો પર પહોંચ્યું છે.

તમારૂં ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: આંકોસીઆં, આખન, આખુકણી, આટાર, આડલું, આભલું, આરંગ, આરણાં. આરણીઓ, આરથી, આરભટી, આહોતું, આળાલુંઓ.

(જવાબ) પાંસળીઓ; કોદાળી; ઊંદરીઉં; રેતી;દોરડાં સલાળવાનું લાકડું; નાનું વાદળું અથવા અરીસો; ખેડૂતનું એક ઓજાર; સૂકવેલાં છાણાં; લાકડાની ટીપાઇ; હાથીનો લમણાં નીચેનો ભાગ; કૌશિકી ભારતી આરભટી અને સાત્ત્વિકી એ ચાર શૈલીમાંની એક; ખુશામતિયું; મનસૂબો.



રાકૂન નામનું આ પ્રાણી, પોતાનો શિકાર પાણીમાં ધોયા સિવાય ખાતું નથી.

જર્મન મહાયુદ્ધ ફાટયું ત્યારે બધાં રાજ્યોએ મળીને કુલ નવ અબજ રૂપિયા લશ્કરી તૈયારી પાછળ ખર્ચેલા. હવે તેમને જગતમાં શાંતિ સ્થાપવી છે એટલે ગઈ સાલ એ આંકડાને એમણે ત્રીસ અબજ પર પહોંચાડયો છે!

ઇંગ્લંડના હાલના રાજા છઠ્ઠા જ્યોર્જ એ વિલિયમ પહેલાથી ગણતાં ચાળીસમા અંગ્રેજ રાજા છે. એ ચાળીસમાંથી છનાં ખૂન થયાં હતાં, એનો શિરચ્છેદ થયો હતો,ચારે ભયંકર જખ્મો પામી દેહ છોડયો હતો ને એકે પોતાની રાજીખુશીથી ગાદીનો ત્યાગ કર્યો છે.

બિલાડીને ૨૦ દાંત હોય છે, કૂતરાને ૪૨.

છોડ વાવેલી જગ્યામાં એક પૈસાના સુરોખારનું પાણી રેડવાથી જલદી મોટા થઇ આવે છે. (પો. કુ. પંચાલ)

દાંતની ઉપેક્ષા શરીરના બધા સાંધા ઉપર અસર કરે છે.

ફર્નિચરની ફાટોમાં અગર તો એના કોતરકામમાં કચરો ભરાયો હોય તો એ માટે સાઇકલનો પંપ સારૂં કામ આપશે.

રૂમાનિયામાં લાઈસેન્સ સિવાય દાઢી રાખવાની મના છે.

KUMAR Reg. No. B. 1808

કુમાર

સરકારની જપ્તીમાંથી તાજેતરમાં જ મુક્ત થએલો

૧૦૦ મો અંક

૧૬૦ પાનાં ભરીને સિદ્ધહસ્ત લેખકોના ચુનંદા અને ચિત્રોથી ભરચક લેખો, વાર્તાઓ, કાવ્યો, નાટકો, ટુચકાઓ; તેર પૂર્ણરંગી અને અનેક સાદાં ચિત્રો અને ફોટોગ્રાફીની સભર સામગ્રીભર્યો દળદાર અંક જેને માટેના અનેક નિખાલસ અભિપ્રાયોમાંનો એક એવો હતો કે

'આ અંક તો યુગનું એક પાદચિહ્ન બની રહેશે.'

કીમત રૂા. ૨

પોસ્ટેજ જુદું

જૂજજૂજ નકલો જ છે . . . . તમારી નકલ મેળવી લો.

ખલાસ થવા આવી

માત્ર જૂજ નકલોજ બાકી છે

હજી તો ગયા ઑક્ટોબર માસમાં અમે એની આ આવૃત્તિ બહાર પાડી હતી; અને આજે દસ મહિનામાં એ આખી આવૃત્તિ પૂરી કરવા આવ્યા છીએ એ જ એની લોકપ્રિયતાની સાબિતી છે. આ અમે અમારા પેલા આલ્બમની વાત કરીએ છીએ:

ગૂજરાત-કલાકલાપની

અને આટલી ઝડપે એ ખપે એમાં નવાઇ નથી. ગુજરાતના નામાંકિત કલાકારોનાં, ત્રિરંગી ચુનંદાં ૬ ચિત્રો, ૧૧"×૧૪"ના મોટા આર્ટકાર્ડ ઉપર છાપેલાં, માઉન્ટ કરવા માટે છુટ્ટાં તૈયાર, એક જ રૂપિયામાં મળે એનાથી સસ્તું બીજું શું હોઇ શકે?

હજી પણ તક લેવા ઈચ્છનાર માટે થોડો વખત છે